બફયૂઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

અહલે સુન્નત વ જમાઅત
એટલે
મસ્લકે આ'લા હઝરત
નું અજોડ મુખપત્ર

# બરકાતે ખ્વાજા (માસિક)

**જુન-૨૦૨૫**

ઝિલ્ હજ્જ – મુહર્રમુલ્ હરામ
હિજરી સન : ૧૪૪૬-૪૭

વર્ષ : ૨૨, અંક : ૬, સળંગ અંક : ૨૫૭



**સ્થાપક અને પ્રકાશક**
ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા

**એડ્રેસ :** બરકાતે ખ્વાજા (માસિક)
C/o. ફયૂઝાને રઝા મંઝિલ, દયાદરા–૩૯૨૦૨૦
તા. જિ. ભરૂચ, ગુજરાત, મો. ૯૬૬૪૫૨૧૪૭૭

9427464411 PhonePe/Paytm/G Pay
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com


**બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ**
A/c. No. 34620100000301
ISLAMIC WELFARE MISSION
IFSC Code : BARB0DAYADR

**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂ. | ૨૫/– |
| વાર્ષિક લવાજમ | રૂ. | ૩૦૦/– |
| વિદેશ માટે | રૂ. | ૨,૦૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂ. | ૩,૦૦૦/– |
| આજીવન | રૂ. | ૬,૦૦૦/– |
| વિદેશ માટે પેટ્રન | રૂ. | ૧૫,૦૦૦/– |
| વિદેશ માટે આજીવન | રૂ. | ૨૫,૦૦૦/– |


: માનદ તંત્રી :
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)



01 દસ મુહર્રમ એટલે આશૂરાના દિવસનું મહત્વ તથા શહાદતે હુસૈન 04
02 કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન 07
03 (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત (ભાગ : ૨) 10
04 હદાઈકે બખ્શિશ (ભાગ–૨) 13
05 કાનૂને શરીઅત (ભાગ–૨) 17
06 વસીલો તથા પોકારવું હદીષોની રોશનીમાં 21
07 (ત્રીજી સદીના મુજદ્દિદ : ૪) હઝરત ઈમામ અબૂ જઅફર અહમદ બિન મુહમ્મદ સલામહૂ તહાવી હનફી رحمۃ اللہ علیہ 25
08 પાંચ નબવી નસીહતો 29
09 કશ્ફુલ મહજૂબ (તસવ્વુફનાં રહસ્યો ખોલનાર કિતાબ) 32
10 ઝર્બે હૈદરી 37
11 દુનિયા આખેરતની કામયાબીના દસ કુર્આની નિયમો 40
12 હરામ માલથી ઉછેર પામનારની ઈબાદત 45
13 સિપાસનામા (સન્માન પત્ર) : ૧ અને ૨ 47


## ✤ તેરી શાન જલ્લ જલાલુહૂ ✤

અઝ : બુલબુલે બાગે મદીના અલ્હાજ કારી રિઝવાન ખાન
*(રુકને મજલિસે શૂરા સુન્ની દા'વતે ઈસ્લામી)*

તેરી ઝાતે પાક હૈ અય ખુદા ! તેરી શાન જલ્લ જલાલુહૂ
તૂ હૈ રબ્બે અહમદે મુજતબા, તેરી શાન જલ્લ જલાલુહૂ
હૈ ઝમીં તેરી તેરા આસ્માં કે બનાએ તૂને હી દો જહાં
તૂ હરેક શયકા હૈ મુદ્દઆ, તેરી શાન જલ્લ જલાલુહૂ
તૂ રહીમ હૈ તૂ કરીમ હૈ તૂ ગફૂર હૈ તૂ અલીમ હૈ
ન હી તેરી કોઈ હૈ ઈબ્તિદા, હૈ તેરી કોઈ ભી ઈન્તેહા તેરી શાન...
હૈ હર એક શયમેં તૂ હી નિહાં, હૈ હરેક ચીઝસે તૂ અયાં
હૈ કિસે પતા તેરા મર્તબા, તેરી શાન જલ્લ જલાલુહૂ
તૂ હી રંગો બૂએ ગુલાબમેં, તૂ છુપા હૈ દિલ કે હિજાબ મેં
તેરી અઝમતોંકા શુમાર ક્યા, તેરી શાન જલ્લ જલાલુહૂ
તેરા નામ દર્દકી હૈ દવા, તેરી યાદમેં હૈ સુકૂં છુપા
તૂ હી બેકસોંકા હૈ આસરા, તેરી શાન જલ્લ જલાલુહૂ
તેરા શુક્ર કૈસે કરેં અદા, કે હબીબ અપના હમેં દિયા
વો હમારે રહબરો રહનુમા, તેરી શાન જલ્લ જલાલુહૂ
તેરા કુર્બ મુઝકો નસીબ હૈ, રગે જાં સે ભી તૂ કરીબ હૈ
તેરી ફઝ્લકી નહીં ઈન્તેહા, તેરી શાન જલ્લ જલાલુહ

*(હવાલા : કિતાબ ખુશ્બુએ હસ્સાન)*



દસ મુહર્રમ એટલે

# આશૂરાના દિવસનું મહત્વ તથા શહાદતે હુસૈન رضی اللہ عنہ

તંત્રી લેખ

મુહર્રમ મહીનાની દસમી તારીખને આશૂરાનો દિવસ કહેવામાં આવે છે અને હદીષ શરીફમાં એની ઘણી ફઝીલત વર્ણન થઈ છે. આપણા નબી ﷺની પધરામણી પહેલાં યહૂદીઓ પણ આ દિવસની ઈજ્જત કરતા હતા અને એમાં રોઝો પણ રાખતા હતા. એમનું કહેવું એવું છે કે રબ તઆલાએ હઝરત મૂસા علیہ السلام ને બની ઈસ્રાઈલ સાથે સમુદ્રમાં માર્ગ બનાવીને ફિરઓનથી મુક્તિ આપી હતી અને ફિરઔનને એના સૈન્ય સાથે ડૂબાડી આપ્યા હતા, એ નેઅમતના શુક્રિયામાં તેઓ રોઝો રાખતા હતા, અને પછી આપણા નબી ﷺએ પણ એ દિવસમાં રોઝો રાખ્યો અને પોતાના અનુયાયીઓને રોઝો રાખવાનો આદેશ આપ્યો હતો. એટલે એ દિવસ આપણા માટે પણ ઈજ્જતવાળો બની ગયો, અને એ દિવસનો રોઝો આપણા સર્વ માટે સુન્નત થઈ ગયો.

## ★ આશૂરાના નામનું કારણ ★

ફકીહ અબૂ લૈષ સમરકંદી સાહેબ ફર્માવે છે : આ દિવસ બાબત ઘણા મંતવ્યો છે : અમુકનું કહેવું એવું છે કે આને આશૂરા એટલા માટે કહેવામાં આવે છે કે એ મુહર્રમ મહીનાનો દસમો દિવસ છે. અને અમુકનું કહેવું એવું છે કે એમાં અલ્લાહ તઆલાએ દસ નબીઓને દસ પ્રકારની નેઅમતો અર્પણ કરી : (૧) હઝરત આદમ علیہ السلام ની તૌબા કબૂલ થઈ. (૨) હઝરત ઈદ્રીસ علیہ السلام ને ઉચ્ચ દરજ્જે લઈ જવામાં આવ્યા. (૩) હઝરત નૂહ علیہ السلام ની નાવડી જૂદી પર્વત પર રોકાઈ. (૪) હઝરત ઈબ્રાહીમ علیہ السلام નો જન્મ એ દિવસે થયો, ખલીલ (દોસ્ત) બનાવવામાં આવ્યા અને આગથી મુક્તિ મળી. (૫) હઝરત દાવૂદ علیہ السلام ની તૌબા એ જ દિવસે કબૂલ થઈ. (૬) હઝરત ઈસા علیہ السلام ને એ જ દિવસે આકાશમાં ઉઠાવી લેવામાં આવ્યા. (૭) હઝરત મૂસા علیہ السلام ને સમુદ્રથી મુક્તિ આપવામાં આવી અને ફિરઔનને ડૂબાડી દેવામાં આવ્યો. (૮) હઝરત યુનૂસ علیہ السلام એ જ દિવસે માછલીના પેટમાંથી બહાર આવ્યા. (૯) હઝરત સુલૈમાન علیہ السلام ને એ જ દિવસે રાજ આપવામાં આવ્યું. (૧૦) એક રિવાયત પ્રમાણે આપણા નબીની પૈદાઈશ અને જન્મ એ જ દિવસે થયો હતો. *(તંબીહુલ ગાફિલીન)*

## ★ આશૂરાના રોઝો શા માટે અને તેની ફઝીલત ★

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ મદીનામાં પધરામણી કરીને યહૂદીઓને આશૂરાનો રોઝો રાખતાં જોયા તો એમને પૂછયું, આનું શું કારણ છે ? એમણે કહ્યું, આ તે સારો દિવસ છે જેમાં અલ્લાહ તઆલાએ હઝરતે મૂસા અને બની ઈસ્રાઈલને એમના દુશ્મનોથી મુક્તિ આપી અને એ દિવસે મુક્તિ મળવાના શુક્રિયામાં હઝરત મૂસા علیہ السلام એ રોઝો રાખ્યો. આ જવાબ સાંભળીને આપે ફર્માવ્યું, તમારાથી અધિક હઝરત મૂસાના અનુસરણનો અમે હક્ક ધરાવીએ છીએ. પછી આપે આશૂરાનો રોઝો રાખ્યો અને મુસલમાનોને પણ એનો આદેશ આપ્યો. *(બુખારી શરીફ, મુસ્લિમ શરીફ, અબૂ દાઊદ)*

હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, જે વ્યક્તિ પ્રથમ

દસ દિવસોમાં આશૂરા સુધી રોઝા રાખશે, અલ્લાહ એને ફિરદૌસે આ'લાનો વારસદાર બનાવી દેશે. અને આપે એ પણ ફર્માવ્યું, **જે વ્યક્તિ આશૂરાના દિવસે રોઝો રાખશે અલ્લાહ તઆલા એના માટે હજાર હજ્જ અને હજાર ઉમરાનો સવાબ લખે છે અને હજાર શહીદોનો પણ સવાબ આપે છે.** પૂર્વથી પશ્ચિમ સુધીનો સવાબ એને આપવામાં આવે છે અને જાણે એણે હઝરત ઈસ્માઈલની ઔલાદમાંથી એક હજાર ગુલામો આઝાદ કર્યા, જન્નતમાં સિત્તેર હજાર મહેલો એના માટે લખવામાં આવે છે, ખુદા તઆલા આગ પર એનું બદન હરામ કરી દેશે. બીજી હદીષમાં છે :– **જે આશૂરાનો રોઝો રાખશે એને દસ હજાર ફરિશ્તાઓનો સવાબ આપવામાં આવશે.** *(નુઝહતુલ મજાલિસ)*

## ★ આશૂરા સંબંધી બનાવો ★

**(૧)** એક માણસે આશૂરાના દિવસે સાત દિરહમ ખૈરાત કર્યા. પછી આખુ વર્ષ એ એના બદલાની વાત જોતો રહ્યો. જયારે બીજો આશૂરાનો દિવસ આવ્યો તો કોઈ આલિમે દીનને બયાન કરતાં સાંભળ્યા, જે આશૂરાના દિવસે એક દિરહમ ખૈરાત કરશે, અલ્લાહ તઆલા એને હજાર દિરહમ આપશે. આ વાત સાંભળીને એ ભાઈ કહેવા લાગ્યો કે, આ વાત જૂઠી છે ! મેં ગત વરસે સાત દિરહમ ખૈરાત કર્યા હતા, મને તો કશું નથી મળ્યું ! રાત થઈ તો એક માણસ સાત હજાર દિરહમ લઈને આવ્યો અને કહેવા લાગ્યો, જૂઠ્ઠા ! લે ! જો તેં કિયામત સુધી સબર કરી હોત તો સારું થાત ! એટલે કે એનો બદલો તને આખેરતમાં મળતો અને આખેરતનો બદલો દુનિયાથી ઉત્તમ છે, દુનિયા નાશંવત છે અને આખેરત અનાશવંત.

**(૨)** એક વખત આશૂરાના દિવસે રેયના કાઝી પાસે એક ફકીર આવ્યો અને કહ્યું, આ દિવસના હક્કમાં મને કાંઈક આપો ! એમણે એની વાત પર ધ્યાન ન આપ્યું. પરંતુ એક ઈસાઈએ ફકીરને એટલું આપ્યું કે એ ખુશ ખુશ થઈ ગયો. રાત્રે કાઝીએ સ્વપ્નમાં જોયું કે એક સોનાનો અને બીજો યાકૂતનો મહેલ છે. કાઝી સાહબે પૂછયું, આ મહેલો કોના છે ?! જવાબ આપવામાં આવ્યો, તમારા જ હતા જો તમે ફકીરની હાજત પૂરી કરી આપતા ! તમે એને કાંઈ ન આપ્યું તો હવે એ ફલાણા ઈસાઈના નામે કરી દેવામાં આવ્યા છે. કાઝી સાહબ ગભરામણમાં ઉઠયા અને ઈસાઈ પાસે જઈને કહેવા લાગ્યા કે ગઈ રાત્રીએ તમે જે ફકીરને દાન કર્યું હતું તેનો બદલો મને એક લાખના બદલે આપી દો ! એણે કહ્યું, જો તમે એ મહેલોના ઓટલાની કિંમત એક લાખ આપો તો પણ ન આપું ! હું ગવાહી આપું છું કે અલ્લાહ સિવાય કોઈ ઈબાદતના લાયક નથી અને મુહમ્મદ ﷺ અલ્લાહના રસૂલ છે. (આમ ગવાહી આપી એ મુસલમાન થઈ ગયો.) *(નુઝહતુલ મજાલિસ)*

## ★ આશૂરાની નમાઝ ★

નુઝહતુલ્ મજાલિસમાં નબીએ પાક ﷺથી એક રિવાયત નકલ કરવામાં આવી છે કે જે આશૂરાના દિવસે ચાર રકાત નમાઝ પઢે, દરેક રકાતમાં સૂરએ ફાતિહા પછી અગ્યાર વખત કુલહુવલ્લાહની સૂરત પઢે. અલ્લાહ તઆલા એના પચાસ વરસોના ગુનાહ માફ ફર્માવી આપશે, અને એના માટે નૂરનું મિમ્બર બનાવવામાં આવશે અને જે દિવસમાં ગુસ્લ કરશે એને કોઈ પ્રકારની બીમારી થશે નહીં અને જે સુર્મો લગાડશે એને આંખોની તકલીફ લાગુ થશે નહીં. (ઈમામ નસફીએ કહ્યું એનો મતલબ છે દિલની આંખો દૂબશે નહીં.)

## ★ આશૂરાનો દિવસ અને શહાદતે હુસૈન رضی اللہ عنہ ★

દસ મુહર્રમ આશૂરાના દિવસનું મહત્વ એટલા માટે પણ છે કે એ જ દિવસે સેયદુશ્શોહદા હઝરત ઈમામે હુસૈન رضی اللہ عنہ તથા ખાનદાને અહલે બયતના સાહબઝાદાઓ તેમજ આપના વફાદાર સાથીઓએ યઝીદ પલીદના લશ્કર સામે જંગ લડીને આપના નાના જાનની શરીઅતને સલામત રાખવા તથા નાનાજાનના દીનને ઝિંદા રાખવા પોતાની જાનોની કુર્બાની આપી પણ યઝીદ પલીદ ફાસિકો ફાજિરના હાથમાં હાથ ન આપ્યો, તેનાથી બયઅત ન કરી.

ઈમામે હુસૈન رضی اللہ عنہ હક્ક પર હતા અને યઝીદ પલીદ ફાસિકો ફાજિર બદબખ્ત નાહક્ક પર હતો. હઝરત અનસ બિન હારિષ رضی اللہ عنہ ફર્માવે છે કે મેં (ગયબદાં નબી) રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمને ફર્માવતાં સાંભળ્યા કે, "બેશક ! મારો આ પુત્ર એ જમીનમાં શહીદ કરવામાં આવશે જેને કરબલા કહેવામાં આવે છે, તમારામાંથી જે ત્યાં હોય તે એમની મદદ કરે !" હઝરત અનસ બિન હારિષ رضی اللہ عنہ કરબલા ગયા હતા તો ત્યાં હઝરત હુસૈન સાથે શહીદ થયા. (સિહ્‌હુશ્શહાદતૈન, અલબિદાયા વન્નિહાયા, ખસાઈસે કુબ્રા, ૨/૧૨૫) આ હદીષથી તે બદબખ્ત બદઅક઼ીદાઓ સબક઼ લે જેઓ ઈમામ હુસૈન رضی اللہ عنہને મઆઝલ્લાહ ! બાગી કહે છે.

કર્બલાના દર્દનાક મન્ઝરના બનાવો અનેકવાર માસિકો, કિતાબો, બયાનોમાં આપણે વાંચીએ સાંભળીયે છીએ અને શહાદતના વાક્યા સાંભળીને આંખો અશ્રુમય કરી દઈએ છીએ અને અહલે બયતની મહોબ્બતનો દમ ભરીએ છીએ, પણ સાચા આશિકે હુસૈન આશિકે અહલે બયત કોણ કહેવાશે તે સમજીએ.

## આશિકાને એહલે બયત માટે ચિંતનની એક પળ

જે લોકો આશિકે રસૂલ અને આશિકે આલે રસૂલ તથા આશિકે હુસૈન હોવાના દાવેદાર છે તેઓ જરા ધ્યાન આપે કે હઝરત ઈમામ હુસૈન તથા પૂરા આલે રસૂલના ખાનદાને શહીદ થવું પડયું તેનું કારણ આ ગુનાહો હતા જે યઝીદ કરતો હતો, કે તે **દાઢી મૂંડાવતો હતો, ફાસિક હતો, જાહેરમાં હરામ કામો કરતો હતો, નમાઝો છોડતો હતો, દારૂ પીતો હતો, પરાઈ સ્ત્રીઓના નાચ જોવાનો શોખિન હતો, વ્યભિચારી (ઝિનાખોર) લંપટ હતો.....વગેરે.** હવે જે ખરેખર આલે રસૂલને ચાહવાવાળો તથા ઈમામ હુસૈનનો ચાહક હોય તે જો એ જ કામ કરતો હોય **તેણે વિચારવું જોઈએ કે હું તે જ કામો કરી રહ્યો છું જેના સબબે ખાનદાને અહલે બયતને કર્બલામાં કતલ થવું પડયું ! તો હું કયા મોઢે આશિકે અહલે બયત પોતાને કહી શકું ?!** તો ગુનાહિત કામોથી દૂર થઈ જવું જોઈએ.

સારાંશ કે ઈમામ હુસૈન رضی اللہ عنہ એ કર્બલાની ભૂમિ પર ભૂખ્યા પ્યાસા રહીને હક્કને ખાતર પૂરા ખાનદાન સાથે **શહાદત વહોરી લીધી પણ એક ફાસિકના હાથમાં હાથ ન આપ્યો.** આ પ્રસંગ કિયામત સુધી રહેનારા મુસલમાનોને હક્કનું મહત્વ સમજાવી રહેલો છે અને હક્કના વટેમાર્ગુ માટે દીવાદાંડી સમાન છે.



કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઇનુલ ઈર્ફાન

:: અઝ ::
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::
મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

આ સૂરહમાં ૨૦૬ આયતો અને ૨૪ રુકૂઅ છે.

وَ لَقَدْ جِئْنٰهُمْ بِكِتٰبٍ فَصَّلْنٰهُ عَلٰى عِلْمٍ هُدًى وَّ رَحْمَةً لِّقَوْمٍ
يُّؤْمِنُوْنَ﴿۵۲﴾ هَلْ يَنْظُرُوْنَ اِلَّا تَاْوِيْلَهٗ ؕ يَوْمَ يَاْتِيْ تَاْوِيْلُهٗ يَقُوْلُ
الَّذِيْنَ نَسُوْهُ مِنْ قَبْلُ قَدْ جَآءَتْ رُسُلُ رَبِّنَا بِالْحَقِّ ۚ فَهَلْ لَّنَا مِنْ
شُفَعَآءَ فَيَشْفَعُوْا لَنَاۤ اَوْ نُرَدُّ فَنَعْمَلَ غَيْرَ الَّذِيْ كُنَّا نَعْمَلُ ؕ قَدْ
خَسِرُوْۤا اَنْفُسَهُمْ وَ ضَلَّ عَنْهُمْ مَّا كَانُوْا يَفْتَرُوْنَ﴿۵۳﴾ اِنَّ رَبَّكُمُ اللّٰهُ
الَّذِيْ خَلَقَ السَّمٰوٰتِ وَ الْاَرْضَ فِيْ سِتَّةِ اَيَّامٍ ثُمَّ اسْتَوٰى عَلَى
الْعَرْشِ ۫ يُغْشِي الَّيْلَ النَّهَارَ يَطْلُبُهٗ حَثِيْثًا ۙ وَّ الشَّمْسَ وَ الْقَمَرَ وَ
النُّجُوْمَ مُسَخَّرٰتٍۭ بِاَمْرِهٖ ؕ اَلَا لَهُ الْخَلْقُ وَ الْاَمْرُ ؕ تَبٰرَكَ اللّٰهُ رَبُّ
الْعٰلَمِيْنَ﴿۵۴﴾ اُدْعُوْا رَبَّكُمْ تَضَرُّعًا وَّ خُفْيَةً ؕ اِنَّهٗ لَا يُحِبُّ
الْمُعْتَدِيْنَ﴿۵۵﴾ وَ لَا تُفْسِدُوْا فِي الْاَرْضِ بَعْدَ اِصْلَاحِهَا وَ ادْعُوْهُ
خَوْفًا وَّ طَمَعًا ؕ اِنَّ رَحْمَتَ اللّٰهِ قَرِيْبٌ مِّنَ الْمُحْسِنِيْنَ﴿۵۶﴾ وَ هُوَ
الَّذِيْ يُرْسِلُ الرِّيٰحَ بُشْرًۢا بَيْنَ يَدَيْ رَحْمَتِهٖ ؕ حَتّٰۤى اِذَاۤ اَقَلَّتْ
سَحَابًا ثِقَالًا سُقْنٰهُ لِبَلَدٍ مَّيِّتٍ فَاَنْزَلْنَا بِهِ الْمَآءَ فَاَخْرَجْنَا بِهٖ مِنْ
كُلِّ الثَّمَرٰتِ ؕ كَذٰلِكَ نُخْرِجُ الْمَوْتٰى لَعَلَّكُمْ تَذَكَّرُوْنَ﴿۵۷﴾ وَ الْبَلَدُ
الطَّيِّبُ يَخْرُجُ نَبَاتُهٗ بِاِذْنِ رَبِّهٖ ۚ وَ الَّذِيْ خَبُثَ لَا يَخْرُجُ اِلَّا
نَكِدًا ؕ كَذٰلِكَ نُصَرِّفُ الْاٰيٰتِ لِقَوْمٍ يَّشْكُرُوْنَ﴿۵۸﴾

• • •



## 'સૂરએ અઅ્રાફ'ની તફસીર

અને બેશક ! અમે તેમની પાસે લાવ્યા એક કિતાબ.[૨૧૪] જેને અમે એક મહાન ઈલ્મથી વિગતવાર કરી. હિદાયત અને રહમત ઈમાનવાળાઓ માટે (૫૨) શેની રાહ જુએ છે ? પણ એની જ કે એ કિતાબોનો લખેલો અંજામ સામે આવે. જે દિવસે એનો ચીંધેલો અંજામ સામે આવશે,[૨૧૫] (ત્યારે) જેઓ તેને પહેલાં ભૂલી બેઠા હતા[૨૧૬] તેઓ બોલી ઉઠશે કે, "બેશક ! અમારા પરવરદિગારના રસૂલ સત્ય લાવ્યા હતા. તો છે કોઈ અમારી ભલામણ કરનાર જે અમારી શફાઅત કરે ? અથવા અમને પરત મોકલવામાં આવે કે (જેથી) પહેલાં (કરેલાં) કામોથી વિરૂધ્ધ કામો કરીએ'[૨૧૭] બેશક ! તેમણે પોતાના પ્રાણ નુકશાનમાં નાખ્યા, અને ખોવાયા તે ઠોકી બેસાડેલા જૂઠાણાઓ તેમની પાસેથી[૨૧૮] (૫૩) બેશક ! તમારો પાલનહાર અલ્લાહ છે, જેણે આકાશ અને ધરતી[૨૧૯] છ દિવસોમાં બનાવ્યાં.[૨૨૦] પછી તેની શાનને લાયક અર્શ પર ઈસ્તેવા ફર્માવ્યો[૨૨૧] રાત્રી દિવસને એક બીજાથી ઢાંકે છે કે તરત જ તેની પાછળ લાગ્યો લાગ્યો આવે છે અને સૂર્ય અને ચંદ્ર અને તારાઓ બનાવ્યા. બધા તેના હુકમના દબાએલા (છે). સાંભળો !

*જન્માવવું અને હુકમ આપવો તેના જ હાથમાં છે મહાન બરકતવંત છે, અલ્લાહ પાલનહાર સર્વ જગતનો (૫૪) પોતાના પાલનહાર પાસે કરગરીને અને ધીમેથી દુઆ કરો. બેશક ! હદ ઓળંગનારાઓ તેને ગમતા નથી[૨૨૨] (૫૫) અને ધરતીમાં હુલ્લડ ન જગાડો[૨૨૩] તેના સુધર્યા પછી.[૨૨૪] અને તેની પાસે બ્હીતા બહીતા અને (રહેમની) લાલચ કરતાં દુઆ કરો. બેશક ! અલ્લાહની રહમત નેક લોકોની નજીક છે (૫૬) અને તે જ છે જે તેની રહમતની આગળ ખુશખબર[૨૨૫] સંભળાવતી હવાઓ મોકલે છે. ત્યાં સુધી કે જ્યારે (તે) ભારે વાદળો ઉપાડી લાવી, (ત્યારે) અમે તેને અમુક મૃત શહેર તરફ ચલાવી.[૨૨૬] પછી તેમાંથી પાણી ઉતાર્યું, પછી તેનાથી કાઢયાં જાત જાતનાં ફળો. એવી જ રીતે અમે મડદાંઓને કાઢીશું.[૨૨૭] કે કયાંક તમે શિખામણ સ્વીકારો (૫૭) અને જે જમીન સારી છે તેનો ઘાસચારો અલ્લાહના હુકમથી નીકળે છે.[૨૨૮] અને જે ખરાબ છે તેમાં નીકળતો નથી પણ મુશ્કેલીથી થોડોક જ.[૨૨૯] અમે આમ જ જાત જાતની રીતે આભાર માનનારાઓ માટે આયતો વર્ણવીએ છીએ[૨૩૦]*

## :: સમજૂતી ::

**૨૧૪ :** કુર્આન શરીફ.

**૨૧૫ :** અને તે કયામતનો દિવસ છે.

**૨૧૬ :** ન તો તેના પર ઈમાન લાવતા હતા, ન તે મુજબ અમલ કરતા હતા.

**૨૧૭ :** એટલે કે કુફ્રના બદલે ઈમાન લાવીએ, અને ગુનાહો તેમજ આજ્ઞા ઉલ્લંઘનને બદલે આજ્ઞાંકિત બનીએ અને ફર્માંબરદારી કરીએ. પરંતુ તેઓને ન તો શફાઅત મળશે, ન તો દુનિયામાં પરત મોકલવામાં આવશે.

**૨૧૮ :** જે તેઓ જૂઠ બોલતા હતા કે મૂર્તિઓ ખુદાની ભાગીદાર છે, અને પોતાના પૂજનારાઓની શફાઅત કરશે. હવે આખેરતમાં તેમને જણાયું કે તેમના એ દાવાઓ જૂઠા હતા.

**૨૧૯ :** એમાંની બધી વસ્તુઓ સહિત, જેમ કે બીજી આયતમાં છે કે,

وَلَقَدْ خَلَقْنَا السَّمٰوٰتِ وَالْاَرْضَ وَمَا بَيْنَهُمَا فِيْ سِتَّةِ اَيَّامٍ

(બેશક ! અમે આકાશો અને ધરતી તેમાંની વસ્તુઓ સહિત ૬ દિવસોમાં સર્જયાં.)

**૨૨૦ :** ૬ દિવસો એટલે દુનિયાના ૬ દિવસો જેટલો સમય. કારણ કે આ દિવસો તો તે સમયે હતા નહીં, અને ન તો સૂર્ય હતો, કે જેનાથી દિવસ(ની ગણત્રી) થાય. અને અલ્લાહ એક ક્ષણ કે એનાથી ઓછા સમયમાં સર્જવા પણ શક્તિમાન હતો. પણ એટલા સમયમાં સર્જવું એ (તેના) રહસ્ય અનુસાર છે. અને એનાથી બંદાઓને પોતાના કાર્યોમાં તબક્કા (અને યોજના) ધારણ કરવાનો પાઠ મળે છે.

**૨૨૧ :** આ ઈસ્તેવા મુતશાબેહાત (જેનો ખરો અર્થ માત્ર અલ્લાહ અને તેના રસૂલ જ જાણે છે)માંથી આપણે એના પર ઈમાન લાવીએ છીએ કે એનાથી અલ્લાહે જે અર્થ ધાર્યો છે તે સત્ય છે. હઝરત ઈમામ અબૂ હનીફા رضی اللہ عنہ કે, ઈસ્તેવા (નો અર્થ) જાહેર છે પણ એની વિગત બિન જણાવેલી છે, અને એના પર ઈમાન લાવવું વાજિબ છે. આ'લા હઝરત رحمۃ اللہ علیہ એ ફર્માવ્યું કે; એનો અર્થ એ છે કે સર્જનનો અંત અર્શ પર જઈને રહ્યો. તેની કિતાબના રહસ્યો અલ્લાહ જ જાણે છે.

**૨૨૨ :** અલ્લાહ પાસે ભલાઈ ઈચ્છવાને દુઆ કહે છે. તેથી એ ઈબાદતમાં ગણાય છે. કારણ કે દુઆ કરનાર પોતાને લાચાર અને મોહતાજ સમજતો હોય છે, જ્યારે અલ્લાહને તે સાચો સત્તાધીશ અને દાતા માનતો હોય છે. એટલા માટે જ હદીષ શરીફમાં કહેવાયું છે કે, ''દુઆ ઈબાદતનું મગજ છે.'' આયતમાં જે તદર્રુઅનો શબ્દ છે તેનો હેતુ છે આજિઝીની જાહેરાત અને હૃદયની નિખાલસતા, અને દુઆઓમાં અદબ એ છે કે ધીરેથી માંગવામાં આવે. હસન رضی اللہ عنہ નું કથન છે કે **ધીમેથી દુઆ માંગવી જોરથી માંગવા કરતાં ૭૦ દરજ્જા વધુ શ્રેષ્ઠ છે.**

**મસ્અલો** : ઈબાદતો જાહેર કરવા કરતાં વધુ શ્રેષ્ઠ છે કે છુપી રીતે ? એમાં આલિમોનો મતભેદ છે. અમુક છુપી રીતે કરવાને શ્રેષ્ઠ માને છે, કારણ કે દેખાવો કરવાથી (રિયાથી) દૂર છે. અમુક કહે છે કે જાહેરી રીતે કરવી શ્રેષ્ઠ છે, કારણ કે એનાથી બીજાઓને ઈબાદત કરવાનો શોખ જન્મે છે. તિર્મિઝીએ કહ્યું છે કે જો માણસને પોતાની જાત બાબત રિયાકારીનો ભય હોય તો છુપી રીતે કરવી બેહતર છે, અને જો હૃદય નિખાલસ હોય રિયાકારીનો ડર ન હોય તો જાહેરમાં કરવી સારી છે. અમુક લોકોનું કહેવું છે કે ફર્ઝ ઈબાદતો જાહેરમાં કરવી અફઝલ છે. ફર્ઝ નમાઝ મસ્જિદમાં જ અફઝલ છે, અને ઝકાતને જાહેર કરીને આપવી જ શ્રેષ્ઠ છે. અને નફ્લ ઈબાદતો નમાઝ હોય કે સદક઼ો છુપી રીતે કરવી ઉત્તમ છે.

દુઆમાં અનેક રીતે હદ ઓળંગવાનું બની શકે છે, એમાં એક એ છે કે જોર જોરથી બુમો પાડે.

**૨૨૩ :** કુફ્ર, ગુનોહ અને અત્યાચાર કરીને.

**૨૨૪ :** પૈગંબરોના આવ્યા પછી અને સત્યનું નિમંત્રણ આપ્યા બાદ, તેમજ આદેશો જાહેર કર્યા પછી તેમજ ઈન્સાફ સ્થાપિત કર્યા બાદ.

**૨૨૫ :** વરસાદની. અને અહીં રહમતનો અર્થ વરસાદ છે.

**૨૨૬ :** જ્યાં વરસાદ ન થયો હતો અને ઘાસચારો ન ઉગ્યો હતો.

**૨૨૭ :** અર્થાત જે રીતે મૃત ધરતીને વેરાની પછી નવજીવન આપે છે, અને તેને લીલીછમ કરી દે છે, અને તેમાં ખેતી ઝાડો ફળ ફૂલ જન્માવે છે, એ જ પ્રમાણે મુડદાઓને પણ ક઼બ્રોમાંથી જીવંત કરીને કાઢશે. કારણ કે જે સૂકા લાકડામાં ફળ ફૂલ લગાડી શકવા શક્તિમાન છે તેના માટે મુડદાઓને જીવંત કરવું શું કપરૂ છે ? કુદરતની આ નિશાની જોયા પછી કોઈ બુદ્ધિમાન સમજદારને મુડદાઓને જીવંત કરવા બાબત કશી શંકા રહેતી નથી.

**૨૨૮ :** આ દૃષ્ટાંત મો'મિનનું છે. જે રીતે ફળદ્રુપ જમીન પાણીથી ફાયદો મેળવે છે તેમ ફળ ફૂલ થાય છે, એવી જ રીતે **જ્યારે મો'મિનના દિલ પર કુર્આની અન્વારનો વરસાદ વરસે છે ત્યારે તેનાથી ફાયદો ઉઠાવે છે, ઈમાન લાવે છે અને આજ્ઞાપાલન તેમજ ઈબાદતો દ્વારા ફળે ફૂલે છે.**

**૨૨૯ :** આ દૃષ્ટાંત કાફિરોનું છે. જેવી રીતે ખરાબ જમીન વરસાદથી ફાયદો મેળવતી નથી એવી જ રીતે કાફિરોનું દિલ કુર્આનથી લાભ ઉઠાવતું નથી.

**૨૩૦ :** જે તૌહીદ અને ઈમાનની દલીલો અને આધાર છે.

**બરકાતે ખ્વાજા માસિકનું**
વાર્ષિક લવાજમ ફક્ત : રૂા. ૩૦૦/-

:: Bank of Baroda ::
A/c. 34620100000302 Anjumane Razae Mustafa
IFSC:BARB0DAYADR

Phonepay/G.pay/Paytm
Mo. 94274 64411
W. No. Mo.9664521477

# દર્સે હદીષે પાક એટલે મિર્આતુલ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ
## મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત (ભાગ-૨)

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી **અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની** رحمۃ اللہ علیہ
**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી** *(તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

*"હઝરત તલ્ક઼ ઈબ્ને અલીથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જ્યારે તમારામાંથી કોઈને નમાઝમાં હવા આવી જાય તો ફરી વુઝૂ કરે અને નમાઝ દોહરાવે[1]. (અબૂ દાઊદ) તિર્મિઝીએ થોડોક ઉમરાની સાથે."*

**૧.** જો જાણી જોઈને હવા કાઢી છે તો નમાઝ દોહરાવવી વાજિબ છે. જો આકસ્મિક રીતે નીકળી ગઈ તો બિના જાઈઝ (એટલે બાકીની અદા કરે) અને દોહરાવવું મુસ્તહબ છે. અમુકે ફર્માવ્યું, જો બિનામાં જમાઅત મળતી હોય અને દોહરાવવામાં ન મળતી હોય તો બિના મુસ્તહબ છે. બિનાની મરફૂઅ હદીષો ઈબ્ને માજહ, દારકુત્નીમાં વર્ણન થયેલ છે. અને હઝરત અબૂ બક્ર સિદ્દીક઼ તથા ઉમર ફારૂક઼, અલી મુર્તઝા, સલ્માન ફારસી વગેરે સહાબાથી સાબિત છે. જેથી આ હદીષ બિનાની રિવાયતોના વિરુદ્ધ નથી.

*"હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જ્યારે તમારામાંથી કોઈ પોતાની નમાઝમાં બેવૂઝુ થઈ જાય તો પોતાની નાક પકડી લે પછી ચાલ્યો જાય[1]." (અબૂ દાઊદ)*

**૧.** વુઝૂ કરવા માટે નાક પકડવુ પોતાની શર્મિંદગી મિટાવવા માટે છે જેથી લોકો સમજે કે તેની નસકોરી તૂટી ગઈ છે. એનાથી જાણવા મળ્યું કે નસકોરી તૂટવાથી વુઝૂ તૂટી જાય છે, નહીં તો આ યુક્તિ બેકાર હોત. જેથી આ હદીષ હનફીઓની દલીલ છે અને નાક પકડવાનો હુકમ મુસ્તહબ હોવાના રૂપે છે.

*"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જ્યારે તમારામાંથી કોઈ સલામ ફેરવવાથી પહેલાં બેવૂઝુ થઈ જાય, જ્યારે કે નમાઝના છેવટ સુધી બેસી લીધુ છે, તો તેની નમાઝ જાઈઝ થશે[1]. (તિર્મિઝી) અને ફર્માવ્યું કે એની સનદો ક઼વી (મજબૂત) નથી. તેમની અસ્નાદમાં ઈઝતેરાબ છે[2]."*

**૧.** એટલે કે છેવટના ક઼ાઈદામાં અત્તહિય્યાત જેટલુ બેસી ચૂક્યો હતો એવામાં તેનું વુઝૂ જતુ રહ્યું તો તેનો ફર્ઝ અદા થઈ ગયો. જો ઈરાદાપૂર્વક વુઝૂ તોડયું છે તો ઈમામે આ'ઝમની નજીક પણ અદા થઈ ગયો. કેમ કે ઈરાદાપૂર્વક નમાઝથી નીકળવું જોવામાં આવ્યું. અને આકસ્મિક રીતે વિના ઈરાદે વુઝૂ તૂટી ગયું તો સાહિબૈનના ત્યાં નમાઝ થઈ ગઈ. કેમ કે એમને ત્યાં ઈરાદાપૂર્વક નમાઝથી નીકળવું ફર્ઝ નથી. આ હદીષ ઈમામ સાહબની મજબૂત દલીલ છે કે આખરી અત્તહિય્યાતમાં બેસવું ફર્ઝ છે, ન કે પઢવું અને સલામ પણ ફર્ઝ નથી. ઈમામ શાફઈને ત્યાં સલામ ફર્ઝ છે.

**૨.** હદીષનો ઈઝતેરાબ એ છે કે વિવિધ તથા વિરોધાભાસી તરીક઼ોઓથી રિવાયત થાય. કદી અસ્નાદમાં ઈઝતેરાબ હોય છે, કદીક મતન (મૂળ લખાણ)માં ઈઝતેરાબ હદીષના ઝઈફપણાની નિશાની છે. પણ તહાવીએ આ હદીષ ઘણી

સનદો સાથે નક્લ કરી. અને અસ્નાદની અધિક્તા ઝઈફને હસન બનાવી દે છે જેનાથી અહકામ સાબિત થઈ શકે છે. તેમજ બની શકે છે કે આ હદીષ ઈમામ તિર્મિઝીને ઝઈફ અથવા મુઝતરિબ થઈને મળી. ઈમામ અબૂ હનીફાના જમાનામાં સહીહ હતી બાદનું ઝઈફપણુ આગલાઓને નુકસાનકર્તા નથી.

## (વિભાગ : ૩)

*"હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી ﷺ નમાઝ માટે તશરીફ લાવ્યા. જ્યારે તકબીર કહી[૧] તો પરત થયા અને લોકોને ઈશારો ફર્માવ્યો કે તમે એ જ પ્રમાણે રહો[૨]. પછી તશરીફ લઈ ગયા. પછી તશરીફ લાવ્યા. જ્યારે માથા શરીફ પરથી ટીપાં ટપકી રહ્યાં હતાં[૩]. પછી તેમને નમાઝ પઢાવી. જ્યારે નમાઝ પઢી લીધી તો ફર્માવ્યું, અમે જુનુબી હતા, ગુસ્લ કરવાનુ ભૂલી ગયા[૪]." (અહમદ)*

**૧.** એટલે કે હુઝૂર ﷺએ કેવળ તકબીરે તહરીમા કહી હતી. સહાબીઓ કહેવા પામ્યા ન હતા. કેમ કે અહીં સહાબાની તકબીરનો ઉલ્લેખ નથી અથવા હજી હુઝૂર ﷺએ પણ તકબીર કહી ન હતી બલ્કે તકબીરનો ઉલ્લેખ નથી અથવા હજી હુઝૂર ﷺએ પણ તકબીર કહી ન હતી બલ્કે તકબીરનો ઈરાદો જ કર્યો હતો. તકબીરના ઈરાદાને તકબીર કહી દેવામાં આવી. જેમ કે اِذَا قُمْتُمْ اِلَى الصَّلٰوةِ જેમ કે મુસ્લિમ શરીફમાં છે કે હુઝૂર ﷺ મુસલ્લા પર ઉભા થયા હતા. તકબીરથી પહેલાં જ પરત થઈ ગયા. જેથી આ હદીષ ન હનફીઓની વિરુદ્ધ છે ન શાફઈ હઝરાતની સમર્થક છે. જેવું કે અમો હમણા વર્ણવીશું.

**૨.** એટલે કે સફબંધી ઉભા રહો, ન મસ્જિદથી જાવ ન સફો તોડો, હું હમણા આવું છું.

**૩.** લિબાસ શરીફ પર. એનાથી જાણવા મળ્યું કે માએ મુસ્તઅમલ નથી થતુ. જેથી આ હદીષ સાહિબૈનની દલીલ છે.

**૪.** યાદ રાખશો કે ઈમામ શાફઈની નજીક ઈમામની નમાઝ ફાસિદ થવાથી મુકતદીની નમાઝ ફાસિદ નથી થતી. તેમની દલીલ એ છે કે હુઝૂર ﷺએ સહાબાને તકબીર દોહરાવવાનો હુકમ નથી આપ્યો. પરંતુ અમે હમણા અર્ઝ કરી ચૂક્યા છીએ કે સહાબાએ તકબીરે તહરીમા કહી જ ન હતી, બલ્કે ખુદ સરકાર ﷺએ પણ કેવળ તકબીરનો ઈરાદો જ કર્યો હતો, જેવું કે મુસ્લિમમાં છે. જેથી તેમનું આ દલીલ કરવું સહીહ નથી. અમે એની ચર્ચા ઈમામતના પ્રકરણમાં اَلْاِمَامُ ضَامِنٌની શરહમાં કરી ચૂક્યા છીએ. યાદ રાખશો કે હુઝૂર ﷺનું અહીં ભૂલી જવું અને જનાબત યાદ ન રહેવું રબની તરફથી હતું જેથી ઉમ્મતને એના મસાઈલ માલૂમ થઈ જાય. હુઝૂર ﷺની બેખબરીના કારણે નથી. હુઝૂર ﷺની ઉમ્મતના ગુલામ અવલિયા અલ્લાહ બીજા પરની જનાબત તથા તહારતને જાણે છે. આ જગાએ મિર્કાતે એક અજીબ કિસ્સો વર્ણવ્યો કે ઈમામ જવનીએ એક દિવસે દર્સમાં કહ્યું, સૂફી લોકો કવ્વાલીઓમાં ખાવા તથા નાચવા જાય છે. એક બુઝુર્ગ ત્યાંથી પસાર થયા તો બોલ્યા, હે ઈમામ જવીની ! એના પર તમારો શું ફત્વો છે જે જનાબતમાં ફજર પઢાવે અને મસ્જિદમાં દર્સની હાલતમાં લોકોની ગીબત કરે ? ત્યારે ઈમામ જવનીને યાદ આવ્યું કે હું જુનુબી હતો અને આમ જ નમાઝ પઢાવી દીધી ! આપે તૌબા કરી અને સૂફિઓના મોઅતકિદ થઈ ગયા. જેથી આ હદીષ હુઝૂર ﷺના ઈલ્મનો નકાર નથી કરતી. બેઈલ્મી અલગ છે અને ભૂલી જવું કાંઈ અલગ છે. આપણી ભૂલચૂક નફસાની શૈતાની હોય છે, અંબિયાનું ભૂલવું ઈમાની તથા રૂહાની છે. સર્વ માનવ જગતનું પ્રદર્શિત થવું આદમ علیہ السلامની એક લગઝિશનો સદકો છે.

*અને માલિકે અતા બિન યસારથી ઈરસાલન્ રિવાયત કરી.*

*"હઝરત જાબિર رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે હું રસૂલુલ્લાહ ﷺની સાથે ઝોહર પઢતો હતો તો કાંકરીઓની એક મુટ્ઠી લઈ લેતો હતો[૧]. કે જેથી તે મારા હાથમાં ઠંડી થઈ જાય. તેને મારી પેશાનીની જગાએ રાખી લેતો જેથી એના પર સજદો કરું, સખત ગરમીના કારણે[૨]." (અબૂ દાઊદ) નિસાઈએ એના જેમ.*

**૧.** નમાઝથી પહેલાં થોડીક કાંકરીઓ સજદાગાહમાં રાખી લેતો હતો ન કે નમાઝની અંદર. જેથી આ હદીષ તદ્દન સ્પષ્ટ છે.

**૨.** એટલે કે ફલોર (ભોંય તળીયુ) સખત ગરમ રહેતુ હતુ જેના પર સજદો કરવો મુશ્કેલ થતો. એટલા માટે એ અમલ કરતો. જેથી આ હદીષથી એ સાબિત નથી થતુ કે હુઝૂર ﷺ ગરમીઓમાં ઝોહર દોપહરી (ભર બપોર)માં પઢતા હતા, અને ન આ હદીષ તેની વિરુદ્ધ છે કે ઝોહર ઠંડી કરો. ફલોર ઘણા લાંબા સમય સુધી ગરમ રહે છે. જેથી આ હદીષ હનફીઓની વિરુદ્ધ નથી.

*"હઝરત અબૂ દરદા رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે નબી ﷺ નમાઝ પઢવા ઉભા થયા તો અમે આપને એવું કહેતાં સાંભળ્યા કે હું તારાથી અલ્લાહની પનાહ માગુ છું. પછી ફર્માવ્યું, હું તારા પર અલ્લાહની લા'નત કરું છું, ત્રણવાર ! અને પોતાનો હાથ વધાર્યો જાણે કશુંક પકડી રહ્યા છે[૧]. જ્યારે નમાઝથી ફારિગ થયા તો અમે કહ્યું, યા રસૂલલ્લાહ ! ﷺ અમે આપને નમાઝમાં આ પ્રમાણે કહેતા સાંભળ્યા જેવું આનાથી પહેલાં આપને કહેતાં સાંભળ્યા ન હતા. અને અમે આપને હાથ લંબાવતા જોયા[૨]. ફર્માવ્યું, અલ્લાહનો દુશ્મન ઈબ્લીસ આગનો ભડકો લાવ્યો હતો જેથી તેને મારા મોઢામાં કરે[૩] મેં ત્રણવાર કહ્યું કે હું તારાથી અલ્લાહની પનાહ માગુ છું. પછી મેં કહ્યું, હું તારા પર અલ્લાહની પૂરી લા'નત કરું છું. તે ત્રણવારમાં ન હટયો[૪] પછી મેં તેને પકડવા ચાહ્યો. ખુદાની ક઼સમ ! જો અમારા ભાઈ સુલૈમાનની દુઆ ન થઈ હોત તો તે બંધાયેલ હાલતમાં સવાર કરત જેની સાથે મદીનાવાળાઓનાં બાળકો રમત કરતાં[૫]." (મુસ્લિમ)*

**૧.** આ આખો બનાવ એ સમયનો છે જ્યારે નમાઝમાં વાતચીત જાઈઝ હતી, નહીં તો હવે જો નમાઝી કોઈને સંબોધીને દુઆ કે બદ્દુઆ આપે તો નમાઝ જતી રહેશે અને જો કલામની (વાતચીતની) હુર્મત બાદ (હરામનો હુકમ ઉતર્યા પછી) છે તો હુઝૂર ﷺની વિશિષ્ટતામાંથી છે. જેથી આ હદીષ અગાઉ વર્ણવેલ હદીષની વિરુદ્ધ નથી કે નમાઝમાં લોકોથી વાતચીત જાઈઝ નથી.

**૨.** આ પરથી જાણવા મળ્યું કે સહાબાએ કિરામ નમાઝની હાલતમાં સજદાગાહને બદલે હુઝૂર ﷺને જોતા હતા, જેવી રીતે હાજી હરમની નમાઝમાં કા'બાને જુએ છે, નહીં તો સજદાગાહને જોવાની સ્થિતિમાં ઈમામની હરકતનો પતો નથી લગાડી શકતા.

**૩.** આ બનાવ અગાઉ વર્ણવેલ બનાવથી અલગ છે. ત્યાં એક ખબીષ જિન ખુલીને આવી ગયો હતો અને અહીં ખુદ ઈબ્લીસ આવી ગયો હતો. યાદ રાખશો કે ઈબ્લીસનું અંબિયાએ કિરામની બારગાહમાં આ રીતે પહોંચી જવું એવું જ છે જેવી રીતે કે બાદશાહના શરીર પર માખી, મચ્છરનું બેસી જવું. એનાથી ન તો એ લાઝિમ આવે છે કે ઈબ્લીસની શક્તિ હુઝૂર ﷺથી વધારે છે અને ન એ કે હુઝૂર ﷺ માસૂમ ન હોય.

## શરહે હ઼દાઈકે઼ બખ્શિશ
ભાગ-ર

અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ
:: શરહકર્તા ::
મૌલાના ગુલામહસન ક઼ાદરી (લાહોર)
:: અનુવાદક તથા સંપાદક ::
પટેલ શબ્બીર અલી રઝવી

### કિસકે ફિર હોકર રહેં હમ-ગર તુમ્હીં હમકો ન ચાહો

**અર્થાત** : હે પ્યારા આક઼ા તથા મૌલા ! તમો ખુદ જ બદઅમલીઓના કારણે તમારી બારગાહથી ધુત્કાર્યા તો અમે આપનો દર છોડીને ક્યા ક્યા દર પર જઈશું ?! અને કોણ અમારું સાંભળશે ? કેમ કે અમે તો કેવળ આપની ગુલામીના દાવો કરનાર 'અપને મુંહ મિયાં મિટ્ઠુ'' છીએ. અમલ નામની તો અમારી પાસે કોઈ ચીજ જ નથી ! બસ, અક઼ીદો જ અક઼ીદો છે, અલ્લાહ તઆલા એને સલામત રાખે.

*બાત તો જબ હૈ કે ઈર્શાદાત પર ભી અમલ હો—ગરચે ઉલ્ફતકા બહુત ઈદ્અ઼ા કરતે હૈં લોગ*

કેમ કે કુર્આન મજીદ દરેક જ્યારે ઈમાનની સાથે નેક અમલનો પણ ઉલ્લેખ થયેલો છે :—

اِنَّ الَّذِيْنَ اٰمَنُوْا وَ عَمِلُوا الصّٰلِحٰتِ كَانَتْ لَهُمْ جَنّٰتُ الْفِرْدَوْسِ نُزُلًا ''બેશક ! જેઓ ઈમાન લાવ્યા અને સારા કામો કર્યા, ફિરદોસના બાગ એમની મહેમાની છે. *(સૂરએ કહફ, ૧૮/૧૦૭)*

اِنَّ الَّذِيْنَ اٰمَنُوْا وَ عَمِلُوا الصّٰلِحٰتِ سَيَجْعَلُ لَهُمُ الرَّحْمٰنُ وُدًّا ''બેશક ! જેઓ ઈમાન લાવ્યા અને સારા કામો કર્યા નજીકમાં જ તેમના માટે રહમાન, મહોબ્બત કરી દેશે. *(સૂરએ મરયમ, ૧૯/૯૬)*

અને જન્નતની ખુશખબરી પણ એ જ ખુશનસીબોને સંભળાવવામાં આવી છે જેઓ ઈમાન તથા અક઼ીદાની સાથે નેક અમલો પણ કરે છે.

وَ بَشِّرِ الَّذِيْنَ اٰمَنُوْا وَ عَمِلُوا الصّٰلِحٰتِ اَنَّ لَهُمْ جَنّٰتٍ تَجْرِيْ مِنْ تَحْتِهَا الْاَنْهٰرُ ''અને ખુશખબરી આપ તેમને જેઓ ઈમાન લાવ્યા અને સારા કામો કર્યા કે તેમના માટે બાગ છે જેની નીચે નહેરો વહે છે. *(સૂ. બક઼રહ, ૨/૨૫)*

ડૉ. ઈકબાલે શું સરસ કહ્યું છે :

*કલ્બમેં સોઝ નહીં રૂહમેં એહસાસ નહીં—કુછ ભી પયગામે મુહમ્મદ ﷺકા તુમ્હેં પાસે નહીં*

### બદ હસેં તુમ ઉનકી ખાતિર-રાતભર રો રો કરાહો

**અર્થાત** : અમારી (બુરા લોકોની) હાલત એ છે કે અમે અમારી કિંમતી જિંદગી હંસી ખેલીને (ખેલ કૂદ)માં પસાર કરી રહ્યા છીએ અને અમારા આક઼ા ﷺનો કરમ જુઓ કે તેઓ અમારા જેવા નકામાઓની ખાતર રાતો રડી રડીને પસાર કરે છે અને અમારી બખ્શિશના માટે આપ ﷺના દિલમાં એટલું દર્દ છે કે આપના સીનએ બે કીનાથી હાંડલીના ખદબદવાનો અવાજ આવે છે. *(શમાઈલે તિર્મિઝી)*

એકવાર આપ ﷺએ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہથી સૂરએ નિસાઅ્ની તિલાવત સાંભળી. જ્યારે તે આ આયત પર પહોંચ્યા : فَكَيْفَ اِذَا جِئْنَا مِنْ كُلِّ اُمَّةٍۭ بِشَهِيْدٍ وَّ جِئْنَا بِكَ عَلٰى هٰٓؤُلَآءِ شَهِيْدًا "તો કેવી થશે જ્યારે અમે દરેક ઉમ્મતથી એક ગવાહ લાવીશું અને હે મહબૂબ ! તમને એ બધા પર ગવાહ અને નિગેહબાન બનાવીને લાવીશું. *(સૂરએ નિસાઅ્, ૪/૪૧)* જેમાં છે કે કયામતના દિવસે દરેક નબી પોતાની ઉમ્મતની ગવાહી આપશે અને હુઝૂર ﷺ સર્વ નબીઓના તથા સર્વ ઉમ્મતોના ગવાહ બનશે. તો આપ ﷺ ચોધાર અશ્રુએ રડવા લાગ્યા. જાહેર છે કે આ રૂદન ઉમ્મતના માટે જ હતું, નહીં તો એમાં તો હુઝૂર ﷺની શાન વર્ણન થઈ રહી છે. પણ આપને તો દરેક સમયે પોતાની ઉમ્મતની ફિકર છે. કાશ ! ઉમ્મતને પણ કાંઈક ફિકર તથા એહસાસ પેદા થઈ જાય કે આપણે જેટલા મહાન રસૂલના ઉમ્મતી છીએ તેટલા જ વધુ આપણે સારાં કામો કરવાં જોઈએ. ઉમ્મતીનો હાલ તો એ હોય કે સજદો કરવાનો તરીકો પણ ન આવડે અને નબીની શાન એ હોય કે :–

*મહબૂબ વ મોહિબ્બ દોનોંમેં ક્યા ફાસલા હોતા–કૌસેનમેં જબ ઉનકી મુલાકાત હૂઈ થી*
*ઈર્ફાને નબી અસ્લમેં ઈર્ફાને ખુદા હૈ–ઈન્સાન કો યૂં મઅરેફતે ઝાત હૂઈ થી*

તો પછી એવા ઉમ્મતીને એવા નબી સાથે શું નિસ્બત હોય શકે છે ! ઉમ્મતી હોવાનો હક્ક તો એ છે, ન કે પોતાના નબીનાં એહસાનો યાદ કરીને વજ્દમાં આવીને નઅરએ મસ્તાના બુલંદ કરે અને કેવળ ઝબાનથી નહીં દિલથી અધિક અમલ કરવાનો પાકો ઈરાદો કરે.

*અપના અઝીઝ વો હૈ જિસે તૂ અઝીઝ હૈ–હમકો હૈ વો પસંદ જિસે આયે તૂ પસંદ*
*કુલ કહકર અપની બાત ભી લબસે તેરે સુની–અલ્લાહકો હૈ ઈતની તેરી ગુફ્તગૂ પસંદ*
*(હસન રઝા)*

### બદ કરેં હર દમ બુરાઈ–તુમ કહો ઉન્કા ભલા હો

**અર્થાત** : અમો (બદકાર તથા બેઅમલ) દરેક વખતે બુરાઈમાં ડૂબેલા રહીએ અને આપ આપના રબથી અમારા માટે ખૈર તથા ભલાઈ અને બખ્શિશ તથા મગફેરતની દુઆ કરતા રહો. حریص علیکم بالمومنین رؤف رحیم જરા તાઈફનો મન્ઝર આંખો સામે લાવો. ફરિશ્તો અર્ઝ કરી રહ્યો છે કે હું મલકુલ જેબાલ (પહાડોનો ફરિશ્તો) છું. હુકમ ફર્માવો હમણાં આપને પથ્થર મારી મારીને લોહી લોહાણ કરી દેનારાઓ પર પહાડ ફેંકી દઉં છું. અને આપ જવાબમાં ફર્માવે છે : بعثت رحمة لا لعنا "હું તો રહમત બનાવીને મોકલવામાં આવ્યો છું ન કે ઝેહમત." અને એ પથ્થર મારનારાઓ માટે દુઆ કરે છે. اللّٰھم اھد قومی فانھم لا یعلمون

*સલામ ઉસ પર કે જિસને ખૂં કે પ્યાસોંકો કબાએં દીં–સલામ ઉસ પર કે જિસને ગાલિયાં સુનકર દુઆએં દીં*
*સલામ ઉસ પર કે જિસને ફઝ્લ કે મોતી બિખેરે હૈં–સલામ ઉસ પર કે જિસને બુરોંકો ફર્માયા યહ મેરે હૈં*
*(હફીઝ જાલંધરી)*

### હમ વહી ના શુસ્તા રૂ હૈં–તુમ વહી બેહરે અતા હો

*(નાશુસ્તા =ગંદો, મેલો કૂચેલો. બહર = દરિયો)*

**અર્થાત** : હે અમારા પ્યારા આકા ! ﷺ આપ તો અમને રૂ સિયાહોને જાણો જ છો. એ જ પૂરાણા

ગુનાહોવાળા અમલોને લઈને ફરી આપની બારગાહમાં હાજર થઈ જઈએ છીએ, કેવળ એ ઉમ્મીદ પર કે અમારું કામ જુમા કરવાનું સહી પણ આપનુ કામ તો કરમ ફર્માવવાનું છે. કેમ કે આમાં જૂદો કરમ (સખાવત તથા દયા)ના કિનારા વિનાના સમુદ્ર છો, અને થશે તો એ જ જે આપ ચાહશો. કેમ કે આપ તે છો કે ખુદા પણ આપને ચાહે છે કે આપ મહબૂબે ખુદા છો, જેથી અમારા ગુનાહ અમને જોતા જ રહી જશે અને અમને સજા અપાવી શકશે નહીં ! એટલા માટે કે મહબૂબે ખુદાનો દામન અમારા હાથમાં હશે.

*ન પહૂંચેંગે જબ તક ગુનેહગાર ઉનકે – ન જાયેગી જન્નતમેં ઉમ્મત કિસીકી*
*ને ડાલી હૈં બાહેં ગલે મેં–કે હો જાએ રાઝી તબીઅત કિસી કી*
*(હસન રઝા)*

**હમ વહી શાયાં રૂ હૈં–તુમ વહી શાને સખા હો**

**અર્થાત** : યા રસૂલલ્લાહ ! ﷺ અમે તો ધુત્કારવાને પાત્ર છીએ, પણ આપ તો તે છો કે સખાવતને પણ આપથી જ અઝમત તથા શાન મળી છે. અમારા જેવાઓને રદ કરી દેવા અમારા હાલના તો મુતાબિક્ જ છે, પણ આપની જ અઝમત તથા શાન મળી છે. અમારા જેવાઓને રદ કરી દેવા અમારા હાલના તો મુતાબિક્ જ છે, પણ આપની શાને સખાવતની વિરૂધ્ધ છે.

**હમ વહી બેશર્મ બદ હૈં–તુમ વહી કાને હયા હો**
*(કાન = ખાણ)*

**અર્થાત** : હે અમારા બખ્શિશવાળા આક઼ા ! ﷺ અમો તો બેશરમ બેહયા છીએ આપની નાફર્માની કરતાં કરતાં થાકતા જ નથી ! પણ આપ તો એવા શર્મો હયાવાળા છો કે :

*બે ઈજાઝત ઉનકે ઘરમેં જિબ્રઈલ આતે નહીં–ક઼દ્રવાલે જાનતે હૈં ક઼દ્ર શાને અહલે બયત*

**હમ વહી નંગે જફા હૈં–તુમ વહી જાને વફા હો**
*(નંગે જફા = જફા કરનાર. જાને વફા = વફાદારીની જાન)*

**અર્થાત** : યા રસૂલલ્લાહ ! ﷺ અમે તે જ જુલ્મો સિતમ તથા જોરો જફામાં પડનારા છીએ, રાત દિવસ આપના હુકમોથી વિમુખતા તથા ગદ્દારી કરવું અમારું કામ છે ! પણ આપ તો તે છો કે દુશ્મનથી પણ પ્યાર કરીને તેને પોતાનો બનાવી લો છો.

*દોસ્તાં રા કુજા કુની મેહરૂમ–તૂ કે બા દુશ્મનાં નઝર દારી*

જે દુશ્મનને મેહરૂમ નથી રાખતા તે દોસ્તને ક્યાંથી મેહરૂમ રાખશે ?! અને જેના પર આપ મહેરબાન થઈ જાવ તે ખુદાની પણ નજરમાં આવી જાય છે. કેમ કે :–

*પોશીદા હૈ રઝાએ નબીમેં રઝાએ હક્ક઼–રાહે ખુદા હૈ રાહે રિસાલત મઆબમેં*

**હમ વહી ક઼ાબિલ સઝાકે–તુમ વહી રહમે ખુદા હો**

**અર્થાત** : હે પ્યારા આક઼ા ! ﷺ અમો તો સજાને જ પાત્ર છીએ, કેમ કે પાકા મુજરિમ તથા નાફર્માન છીએ, કેવળ આપના કારણે જ સજાથી બચેલા છીએ. કેમ કે આપ સરાપા રહમતે ખુદા છો. આ શેઅરનો

ભાવાર્થ કુર્આનથી સાબિત છે, એટલા માટે કોઈ મોલ્વીને પૂછવાને બદલે કુર્આનથી જ પૂછી લો. રબ તઆલા ફર્માવે છે : وَمَا كَانَ اللّٰهُ لِيُعَذِّبَهُمْ وَاَنْتَ فِيْهِمْ "અને અલ્લાહનું કામ નથી કે એમને અઝાબ કરે જ્યાં સુધી હે મહબૂબ ! તમે એમનામાં તશરીફ ફર્મા છો." *(સૂ. અન્ફાલ, ૮/૩૩)*

### ચર્ખ બદલે ઘર બદલે–તુમ બદલને સે વરા હો

**અર્થાત** : હે દુનિયાવાળાઓ ! સાંભળી લો ! અમે કોઈ જેવા તેવાના દામનને નથી પકડયો જે બીજા જ દિવસે પોતાનો દામન ઝાટકી લે અને મામૂલી વાતોથી નારાજ થઈને પોતાના ચાહનારાઓને ધુત્કારી કાઢે, બલ્કે અમે તો એ મહબૂબે ખુદાનો દામન પકડયો છે કે જમીન તથા જમાનો બદલાય તો બદલાય જાય, આસમાન બદલાય તો સો વાર બદલાય જાય (يوم تبدل الارض غير الارض والسموات) પણ આપણા આક઼ા બદલાય જાય અને ખુદા પોતાના મહબૂબને બદલી નાખે એ ખયાલ મુહાલ (અશક્ય) છે !

### અબ હમેં હોં સહ્વ હાશા–અયસી ભૂલોંસે જુદા હો

*(સહ્વ = ભૂલ. હાશા = કદાપિ નહીં)*

**અર્થાત** : આપ ﷺ જેઓ પેદા થતાં જ "રબ્બિ હબ્લી ઉમ્મતી" કહે, ગુફાઓમાં જઈને રડતા રહે, બલ્કે અર્શ પર જઈને પોતાની ગુનેહગાર ઉમ્મતને ન ભૂલે. તો ભલા એવું કેવી રીતે શક્ય છે કે ક઼યામતના દિવસે આપ ﷺ આપણને ભૂલી જાય ?! જે દિવસના માટે આ સર્વ રડવું રડયા છે. આ ખયાલ શક્ય નથી.

### ઉમ્રભર તો યાદ રખ્ખા–વક઼્ત પર ક્યા ભૂલના હો

**અર્થાત** : જે મહબૂબે આખી જિંદગી આપણને યાદ રાખ્યા તો ભલા ઠીક મોક઼ા પર (ક઼યામતના દિવસે) તે આપણને ગુનેહગારોને ભૂલી શકે છે ?! નહીં ! કદાપિ નહીં ! રિવાયતમાં છે કે જ્યારે આપ ﷺને ક઼બ્રે અન્વરમાં દફન માટે રાખવામાં આવ્યા તો એ સમયે પણ ઉમ્મતની યાદમાં તથા ઉમ્મતની બખ્શિશ માટે આપના હોઠ મુબારક હલી રહ્યા હતા.

### વક઼્તે પૈદાઈશ ન ભૂલે–كَيْفَ يَنْسِى (કૈફ યન્સી) ક્યૂં ક઼ઝા હો

**અર્થાત** : વળી જે આપણા આક઼ા આપણને પૈદાઈશના સમયે ન ભૂલ્યા અને સજદામાં પડીને رب هب لى امتى (રબ્બિ હબ્લી ઉમ્મતી) કહેતા રહ્યા. તો જ્યારે આપણી ક઼િસ્મતનો ફૈંસલો થશે (ક઼યામતના દિવસે) તે દિવસે કેવી રીતે ભૂલી જશે ?!

*ઉન્કી બખ્શિશકા ઠિકાના હી નહીં કોઈ–હર ગુનેહગાર પે નઝર રખતે હૈં*
*કૌન કિસ હાલમેં હૈં કિસને પુકારા ઉનકો ﷺ–મેરે સરકાર દો આલમ કી ખબર રખતે હૈં*

### યહ ભી મૌલા અર્ઝ કર દૂં–ભૂલ અગર જાઓ તો કયા હો ?!

**અર્થાત** : હે મારા પ્યારા આક઼ા ! ﷺએ પણ અર્ઝ કરી દઉં કે જો આપ અમ ગુનેહગારોને ભૂલાવી દેશો તો અમારું શું થશે ?! *હમ તો મર જાએંગે અગર સાથ ન હોગા તેરા. –(ક્રમશઃ)*

## દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ



# કાનૂને શરીઅત

ભાગ-૨

**લેખક** : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી رحمۃ اللہ علیہ
**અનુવાદક** : મર્હૂમ ઈબ્રાહીમ માસ્તર વેમી ઝંઘારવી

## લિબાસ (પ્રહેરવેશ)નું બયાન

**(૧)** રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે સૌથી સારાં તે કપડાં છે જેને પહેરીને તમે ખુદાની ઝિયારત કબરો અને મસ્જિદમાં કરો તે સફેદ છે. એટલે સફેદ કપડામાં નમાઝ પઢવી અને મુર્દાઓને કફન પહેરાવવું ઘણું સારું છે. *(ઈબ્ને માજા)*

**(૨)** રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની કમીઝની બાંયો કાંડા સુધી હતી. *(તિર્મિઝી, અબૂ દાઊદ)*

**(૩)** રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم અમામા શરીફ બાંધતા તો શિમ્લો (છેડો) બંને ખભા વચ્ચે લટકાવતા.

**(૪)** અને ફર્માવ્યું કે અમામો બાંધવો અખત્યાર કરો કેમ કે એ ફરિશ્તાઓની નિશાની છે અને તેને પીઠ પાછળ લટકાવો. *(બયહકી)*

**(૫)** અને ફર્માવ્યું કે અમારી અને મુશ્રિકો વચ્ચે ફર્ક એ છે કે અમારો અમામો ટોપીઓ પર હોય છે. *(તિર્મિઝી)*

**(૬)** હઝરત આઈશા رضی اللہ عنہا કહે છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ મને ફર્માવ્યું કે આઈશા ! જો તમે મને મળવા માંગતાં હોઉ તો દુનિયાથી એટલા પર બસ કરો જેટલો સવાર પાસે સામાન હોય છે અને માલદારો પાસે બેસવાથી બચો અને જ્યાં સુધી થીંગડા ન લાગશે ત્યાં સુધી કપડાંને જૂનાં ન સમજો. *(તિર્મિઝી)*

**(૭)** હફસા બિન્તે અબ્દુર્રહમાન رضی اللہ عنہا, હઝરત આઈશા رضی اللہ عنہا, ની પાસે બારિક દુપટ્ટો ઓઢીને આવ્યાં તો હઝરત આઈશાએ તેમનો દુપટ્ટો ફાડી નાંખ્યો અને જાડો દુપટ્ટો આપી દીધો. *(ઈમામ માલિક)*

**(૮)** ફર્માવ્યું કે જે માણસ શોહરત માટે મોટાઈ દેખાડવા કપડાં પહેરશે, કયામતના દિવસે અલ્લાહ તઆલા તેને ઝિલ્લતનાં કપડાં પહેરાવશે. શોહરતનો મતલબ એ છે કે ઘમંડના તોર પર સારાં કપડાં પહેરે યા જે માણસ દુર્વેશ ન હોય અને તે દુર્વેશનાં કપડાં એટલા માટે પહેરે કે લોકો એને દુર્વેશ સમજે યા આલિમ ન હોય અને આલિમ જેવાં કપડાં પહેરીને પોતે આલિમ છે એવું લોકોને બતાવતો હોય. એટલે કે કપડાંથી મતલબ કોઈ ખૂબીને જાહેર કરવા માટે હોય.

*(ઈમામ અહમદ, અબૂ દાઊદ, ઈબ્ને માજા)*

**(૯)** ફર્માવ્યું કે જે માણસ શક્તિ હોવા છતાં પણ સાદગી માટે સારાં કપડાં પહેરવાનું છોડી દે અલ્લાહ તઆલા કરામતનો જન્નતી લિબાસ પહેરાવશે. *(અબૂ દાઊદ)*

**(૧૦)** હઝરત અબુલ અહવસના વાલિદ (સાહેબ) કહે છે કે હું રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખિદમતમાં હાજર થયો. મારાં કપડાં હલકા પ્રકારનાં હતાં (મેં હલકા પ્રકારનાં કપડાં પહેરેલાં હતાં). હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે શું તમારી પાસે માલ નથી ? મેં અર્ઝ કરી કે હા ! છે. ફર્માવ્યું કે ક્યા પ્રકારનો માલ છે ? મેં અર્ઝ કરી, ખુદાએ મને આપેલો દરેક પ્રકારનો માલ છે. ઊંટ, ગાય, બકરીઓ, ઘોડા, ગુલામ. ફર્માવ્યું કે જ્યારે ખુદાએ તમને માલ આપ્યો છે તો તેની નેઅમત, કરામતની અસર તમારા પર દેખાવી જોઈએ. *(નિસાઈ વગેરે)*

**(૧૧)** ફર્માવ્યું કે દુનિયામાં જે રેશમી પહેરશે એને માટે આખેરતમાં કોઈ હિસ્સો નથી. *(બુખારી, મુસ્લિમ)*

**(૧૨)** ફર્માવ્યું કે સોનુ અને રેશમ (રેશમી કાપડ) મારી ઉમ્મતની ઓરત માટે હલાલ છે અને મરદો પર હરામ. *(તિર્મિઝી, નિસાઈ)*

**(૧૩)** રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ જાનવરનું ચામડું પાથરવાનું મના ફર્માવ્યું છે. *(તિર્મિઝી)*

## ★ કપડાં પહેરવાની દુઆ ★

**(૧૪)** તિર્મિઝીમાં છે : હઝરત ઉમર رضی اللہ عنہ એ નવાં કપડાં પહેર્યાં અને એવું પઢયા :

الْحَمْدُ لِلّٰهِ الَّذِي كَسَانِي مَا أُوَارِى بِهِ عَوْرَتِي وَأَتَجَمَّلُ بِهِ فِي حَيَاتِي

પછી એવું બોલ્યા કે મેં રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم થી સાંભળ્યું છે કે જે માણસ નવા કપડાં પહેરતી વખતે આ પઢે અને જુનાં કપડાંનો સદકો કરી આપે તે જિંદગીમાં મને મરવા પછી અલ્લાહ તઆલાની પનાહ, હિફાઝત સતરમાં રહેશે. ત્રણે શબ્દોનો એક જ અર્થ છે. એટલે અલ્લાહ તઆલા એની હિફાઝત કરનાર, નિગેહબાન છે. અને ફર્માવ્યું કે જે શખ્સ જે કોમની મુશાબેહત કરે તે એમનામાંથી છે.

## ★ લિબાસ તથા આદતોમાં મળતાપણાના કાયદા તથા હુકમો ★

આ હદીષ એક અસલ કડી છે કે લિબાસ (પહેરવેશ) આદતો અને અતવાર (તૌર તરીકા)માં કયા લોકોની મુશાબેહત (મળતાપણુ) કરવી જોઈએ અને કયા લોકોની ન કરવી જોઈએ. કાફિરો, મુશ્રિકો અને ફાજિરોની મુશાબેહત કરવી બુરું છે અને નેક લોકો તથા પરહેઝગારોની મુશાબેહત સારી છે. મુશાબેહતના પણ દરજ્જાઓ છે અને તે પ્રમાણેના હુકમો પણ અલગ અલગ છે. કાફિરો અને ફાસિકોથી મળતાપણાનો અદના મર્તબો કરાહત છે. મુસલમાન પોતાને કાફિરો અને ફાસિકોથી અલગ રાખે કે જેથી ઓળખી શકાય અને ગેરમુસ્લિમ હોવાની શંકા એના પર ન જાય. *(અબૂ દાઊદ વગેરે)*

**(૧૬)** રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ તે ઓરતો પર લાઅનત કરી છે જેઓ મરદોની મુશાબેહત કરે છે અને તે મરદો પર જેઓ ઓરતોની મુશાબેહત કરે છે. *(અબૂ દાઊદ)*

**(૧૭)** રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ તે મરદ પર લા'નત કરી જે ઔરતનો લિબાસ પહેરે છે અને તે ઓરત પર લા'નત કરી જે મર્દાના લિબાસ પહેરે છે. *(અબૂ દાઊદ)*

**(૧૮)** ફર્માવ્યું કે હું લાલ જીનવાળા ઘોડા પર સવાર થતો નથી અને કસુમ (એક પ્રકારના ફૂલનું નામ જેના રસથી લાલ કપડાને રંગવામાં આવે છે)થી રંગેલું કપડું પણ પહેરતો નથી અને તે કમીસ પણ નથી પહેરતો જેમાં રેશમના કફ લાગેલ હોય છે (એટલે કે ચાર આંગળથી વધારે). સાંભળી લો ! મરદોની ખુશ્બુ તે છે જેમાં રંગ હોય, ગંધ ન હોય. એટલે કે મરદોમાં ખૂશ્બૂ મકસૂદ છે એનો રંગ દેખાવો ન જોઈએ કે જેનાથી શરીર કે કપડાં રંગાય જાય. ઓરતો હલ્કી ખુશ્બુ અખત્યાર કરે કેમ કે અહીં ઝીનત મકસૂદ હોય છે અને એ રંગીન ખુશ્બુ દા.ત. ખલુકથી હાસંલ થાય છે. તેમજ ખુશ્બુથી ન ચાહવા છતાં લોકોની નજરો ઉઠશે. *(અબૂ દાઊદ)*

બુખારી તથા મુસ્લિમમાં છે કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم નું બિછાનું જેના પર તેઓ આરામ કરતા હતા તે ચામડાનું હતું, જેમાં ખજૂરની છાલ ભરેલી હતી. મુસ્લિમમાં એક રિવાયતમાં છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નો તકિયો ચામડાનો હતો જેમાં ખજૂરની છાલ ભરી હતી.

### ★ કેટલાં કપડાં પહેરવાં ફર્ઝ છે ? ★

**મસ્અલા :** એટલો લિબાસ જેનાથી સતરે ઔરત (ઢાંકવાની ચીજો) ઢંકાય જાય અને ગરમી, શરદીની તકલીફથી બચી જાય એ ફર્ઝ છે. એનાથી વધારાના લિબાસનો મકસદ શણગાર હોય અને એ હોય કે અલ્લાહે દીધું છે તો એની નેઅમત જાહેર થઈ જાય એ મુસ્તહબ છે. ખાસ મોકા (પ્રસંગો) પર દા.ત. ઈદ યા જુમ્આના દિવસે ઉમદા કપડાં પહેરવાં મુબાહ છે. એવા પ્રકારનાં કપડાં દરરોજ ન પહેરવાં કેમ કે બની શકે છે કે આમ કરવાથી ઘમંડ કરવા લાગે અને ગરીબો કે જેમની પાસે એવાં કપડાં ન હોય તેમને હિકારતની નજરે જોવા લાગે પરિણામે એનાથી બચવું જોઈએ. આ તે અભિમાન, તકબ્બુરના તોર પર જે લિબાસ હોય તેની મના છે. તકબ્બુર છે કે નથી તેની પેહચાન એ રીતે કરવી કે એ કપડાં પહેરતાં પહેલાં એની જે રીતભાત જોવામાં આવતી હતી તેવી જ હાલત પહેર્યા પછી છે તો એ કપડાંથી અભિમાન પેદા નથી થયું અને જો તે હાલત બાકી રહેવા ન પામી હોય તો અભિમાન પેદા થઈ ગયું. પરિણામે એવાં કપડાંથી બચો, કેમ કે અભિમાન બહું જ ખરાબ દુર્ગુણ છે. *(રદ્દુલ મુહ્તાર)*

### ★ કપડું કેવું હોવું જોઈએ ? ★

**મસ્અલા :** બેહતર એ છે કે ઊની, સૂતરાઉ કે કંતાનનાં કપડાં બનાવવામાં આવે જે સુન્નત માફક હોય, બહું ઊંચી કવોલીટીનાં ન હોય તેમજ બહું જ હલકી ક્વોલિટીનાં ન હોય, બલ્કે દરમિયાની પ્રકારનાં હોય. કેમ કે જે રીતે બહુ ઊંચા પ્રકારનાં કપડાં પહેરવાથી જાહેરી પ્રદર્શન થાય છે એ રીતે બહું હલકા પ્રકારનાં કપડાં પહેરવાથી પણ જાહેરી પ્રદર્શન થાય છે. લોકોની નજરો ઉઠે છે અને સમજે છે કે આ કોઈ સાહિબે કમાલ અથવા તો દુનિયા તર્ક કરનાર (માણસ) છે. સફેદ કપડાં બેહતર છે. કેમ કે હદીષ શરીફમાં એની તારીફ આવી છે અને કાળાં કપડાં પણ બેહતર છે, કેમ કે મક્કાની ફતેહના દિવસે જ્યારે મક્કામાં આવ્યા ત્યારે સર મુબારક પર કાળા રંગનો અમામો બાંધ્યો હતો. લીલાં કપડાંને કેટલીક કિતાબોમાં સુન્નત બતાવ્યાં છે.

*(રદ્દુલ મુહ્તાર)*

### ★ કુર્તાની બાંય તથા દામન કેટલો જોઈએ ? ★

**મસ્અલા :** સુન્નત એ છે કે દામનની લંબાઈ અડધી પીંડલી સુધીની હોય અને બાંયોની લંબાઈ વધારેમાં વધારે આંગળીઓનાં બેડકાં સુધીની હોય અને પહોળાઈ એક વેંત બરાબરની હોય. *(રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલા :** મુસલમાન પાયજામાની જગ્યાએ જાંગિયા પહેરવા લાગ્યા છે એના નાજાઈઝ હોવામાં શું કહેવું ? કેમ કે ગુંથણનું ખુલ્લુ હોવું હરામ છે. ઘણા લોકો કોણીઓની ઉપર બાંયો રાખે છે, એ પણ સુન્નતની ખિલાફ છે અને એ બંને કપડાં નસારાના અનુસરણમાં પહેરવામાં આવે છે એણે એની કબાહતમાં (ખરાબીમાં) વધારો કરી આપ્યો. અલ્લાહ તઆલા મુસલમાનોની આંખો ખોલે કે તેઓ કાફિરોની તકલીદ અને તેમની વજેઅ કતઅથી (તેમની જેવા દેખાવ શકલો સૂરત) બચે.

અમીરુલ મોઅમેનીન હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ નો ઈર્શાદ જે તેમણે પોતાના લશ્કરીઓને મોકલ્યો હતો જેમાં વધારે પડતા (લશ્કરીઓ) સહાબાએ કિરામ હતા એને મુસલમાનો નજર સામે રાખે અને એના પર અમલ કરવાની કોશિશ કરે તે ઈર્શાદ આ પ્રમાણે છે : અજમીઓના વેશ (પહેરવેશ)થી બચો, એમના જેવી શકલો સૂરત ન બનાવી લેશો.

## ★ રેશમી કપડાંના મસાઈલ ★

**મસ્અલા** : રેશમનાં કપડાં મરદ માટે (પહેરવાં) હરામ છે. શરીર અને કપડાંની વચ્ચે બીજું કોઈ કપડું હોય કે ન હોય બંને હાલતમાં હરામ છે. યુધ્ધના પ્રસંગે પણ નર્યા રેશમનાં કપડાં પહેરવાં હરામ છે. હા ! જો તાણા સૂતરાઉ હોય અને વાણા રેશમના હોય તો દરેક માણસ માટે દરેક પ્રસંગે પહેરવાં જાઈઝ છે. મુજાહિદ અને ગેરમુજાહિદ બંને પહેરી શકે છે જ્યારે કે કપડું ઘટ્ટ હોય (જાડું હોય) જો બારિક હોય તો નાજાઈઝ છે. કેમ કે એનો જે ફાયદો હતો તે એવી હાલતમાં નહીં થાય. *(હિદાયા, દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : તાણા રેશમના હોય અને વાણા સૂતરાઉ હોય પરંતુ કપડાની બનાવટ એવી હોય કે એકલું રેશમનું લાગતું હોય તો એને પહેરવું મકરૂહ છે. (આલમગીરી) કેટલીક પ્રકારનું મખમલ એવું હોય છે કે એની રૂંવાટી રેશમની હોય છે એને માટે પણ આ જ હુકમ છે. એની ટોપી અને સદરી વગેરે ન પહેરવી જોઈએ.

**મસ્અલા** : રેશમની પથારી પર બેસવું, સૂવું અને એનો તકિયો લગાડવો પણ મના છે. જો કે એના કરતાં પહેરવામાં વધારે બુરાઈ છે. *(આલમગીરી)* પરંતુ દુર્રે મુખ્તારમાં એને મશહૂરની વિરૂધ્ધ બતાવ્યું છે અને જાહેરમાં એવું છે કે એ જાઈઝ છે.

**મસ્અલા** : ઔરતોએ રેશમ પહેરવું જાઈઝ છે ભલે પૂરેપૂરું રેશમી (રેશમ) હોય એમાં સુતરાઉની બિલ્કુલ મેળવણી ન હોય. *(આમ્મ કુતુબ)*

**મસ્અલા** : મર્દોના કપડાંમાં ચાર આંગળ સુધીની રેશમની પટ્ટી જાઈઝ છે. એનાથી વધારે જાઈઝ નથી. એટલે કે એની પહોળાઈ ચાર આંગળ જેટલી હોય, લંબાઈની કોઈ ગણતરી નથી. એ રીતે કપડાંની કિનારી રેશમી હોય જેમ કે કેટલાક અમામા, ચાદરો યા તેહબંદની કિનારીઓ એ રીતની હોય છે એને માટે પણ આજ હુકમ છે. જો ચાર આંગળ સુધીની કિનાર હોય તો જાઈઝ છે નહીંતર જાઈઝ નથી (નાજાઈઝ છે). *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહ્તાર)* એટલે કે જ્યારે એની કિનારીની બનાવટ પણ રેશમી હોય અને જો સૂતરની બનાવટ હોય તો ચાર આંગળથી વધારે પણ જાઈઝ છે. અમામા કે ચાદરના પાલવ (છેડા) રેશમથી વણેલા હોય તો જો કે વાણા રેશમના હોવા નાજાઈઝ છે પરિણામે એ છેડા પર ચાર આંગળ સુધીના હોવા જોઈએ, વધારે ન હોવા જોઈએ.

## ★ પુરૂષ કેટલું રેશમ વાપરી શકે ? ★

**મસ્અલા** : બાંયો, ગરદન યા દામનના કિનારા પર રેશમનું કામ કરેલું હોય તે પણ ચાર આંગળ સુધીનું જ હોય. ઝભ્ભા યા સદરીની સજાવટ રેશમની હોય તો ચાર આંગળ સુધીની જાઈઝ છે. રેશમની ગુંદીઓ જાઈઝ છે. ટોપીની ટોચ પણ ચાર આંગળનો જાઈઝ છે. પાયજામોનો નેફો પર ચાર આંગળ સુધીનો જાઈઝ છે. અચકન યા જુબ્બાના ખભા અને પીઠ પર રેશમનાં પાન યા કળી ચાર આંગળ સુધીનાં જાઈઝ છે. *(રદ્દુલ મુહ્તાર)*

આ હુકમ ત્યારે લાગુ પડે છે જ્યારે કે પાન વગેરે ઝગમગતું હોય અને કપડું દેખાતું ન હોય અને ઝગમગતુ ન હોય તો ચાર આંગળથી વધારે પણ જાઈઝ છે.

**મસ્અલા** : ટોપીમાં લેસ લગાડવામાં આવી યા અમામામાં કિનારી, લેસ લગાડવામાં આવી, જો એ ચાર આંગળથી ઓછી પહોળી હોય તો જાઈઝ છે નહીંતર જાઈઝ નથી.

**બરકાતે ખ્વાજા (માસિક)ના**
**ગ્રાહક બનો અને બનાવો !**

مسئلہ 9

મસ્અલા 9

# વસીલો તથા પોકારવું

## હદીષોની રોશનીમાં

અઝ : મુફ્તી મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી બરકાતી
(સદર : દારુલ ઈફતા જામિઆ અશ્રફિયા-મુબારકપુર)
અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી

અહલે સુન્નતના ઉલમાએ તવસ્સુલ (વસીલા)ના જાઈઝ હોવા પર કિતાબ તથા સુન્નત (કુર્આન તથા હદીષ)થી દલીલો કાયમ કરી છે. અમે અમુક દલીલો અહીં રજૂ કરીએ છીએ :-

### ★ આયતો વડે વસીલાની સાબિતી ★

**આયત-૧ :-**

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا اتَّقُوا اللّٰهَ وَ ابْتَغُوْۤا اِلَيْهِ الْوَسِيْلَةَ وَ جَاهِدُوْا فِيْ سَبِيْلِهٖ لَعَلَّكُمْ تُفْلِحُوْنَ﴿۳۵﴾

''હે ઈમાનવાળાઓ ! અલ્લાહથી ડરો અને તેની તરફ વસીલો શોધો (જેના થકી તમને તેનો કુર્બ હાંસલ થાય) અને એની રાહમાં કોશિશ કરો એ ઉમ્મીદ પર કે ભલાઈ પામો.'' *(સૂ. માઈદા, ૫/૩૫)*

એના પર સૌની એકમતી છે કે નેક અમલોને વસીલો બનાવવો જાઈઝ છે, જેમ કે આયતે કરીમા :

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا اسْتَعِيْنُوْا بِالصَّبْرِ وَ الصَّلٰوةِ ؕ اِنَّ اللّٰهَ مَعَ الصّٰبِرِيْنَ﴿۱۵۳﴾

(હે ઈમાનવાળાઓ ! સબ્ર તથા નમાઝથી મદદ ચાહો. સૂ. બકરહ, ૨/૧૫૩) અને હદીષે ગાર★થી સ્પષ્ટ છે.

બારગાહે ઈલાહીની મકબૂલ હસ્તીને વસીલો બનાવવામાં મતભેદ છે. વહાબી ફિર્કો એને શિર્ક કહે છે અને આપણે અહલે સુન્નત વ જમાઅત એને પણ જાઈઝ તથા પસંદીદા જાણીએ માનીએ છીએ.

આપણી દલીલ આ આયતે કરીમાથી એ રીતે છે કે વસીલો તલબ કરવાનો હુકમ તક્વા પછી છે. તક્વા હેઠળ સર્વ નેક અમલોને બજાવી લાવવા અને બુરા કામોથી બચવું સામેલ છે. એટલા માટે વસીલો તલબ કરવાથી નેક અમલોને અંજામ આપવાનું મુરાદ ન થશે બલ્કે, મુકર્રિબીન (રબના મુકર્રબ બંદાઓ, નબી વલી વગેરે)ને વસીલો બનાવવું મુરાદ થશે. વિરોધીઓ જે વસીલાથી નેક અમલો મુરાદ લે છે તેમને અમે એવું કહીએ છીએ કે **અમારા નેક અમલો મકબૂલ છે કે નહીં એ આપણને માલૂમ નથી છતાં તેનાથી વસીલો જાઈઝ છે અને હઝરાત**

*★ હદીષેગાર : હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہ વર્ણવે છે કે મેં રસૂલુલ્લાહ ﷺને એ ફર્માવતાં સાંભળ્યું કે પહેલાના જમાનાના ત્રણ શખ્શો કયાંક જઈ રહ્યા હતા. સૂવાના સમયે એક ગુફા (ગાર)ની પાસે પહોંચ્યા તેમાં એ ત્રણેવ શખ્સો દાખલ થઈ ગયા. પહાડની એ ચટ્ટાન ઉપરથી ગબડી જેણે ગુફાનું મુખદ્વાર બંધ કરી દીધું. તેમણે કહ્યું, હવે આનાથી છૂટકારાની એના સિવાય કોઈ રીત નથી કે તમે તમારા નેક અમલના વસીલાથી દુઆ કરો.... પછી એ કે પોતાનાં માબાપ સાથે સદ્‌વર્તાવનો, બીજાએ પોતાની પિત્રાણ બહેનને માલી મદદનો અને ત્રીજાએ પોતાના મજૂરને મજૂરી કરતાં ખૂબ જ અધિક અતા કરવાનો ઉલ્લેખ કરીને બારગાહે ખુદાવંદીમાં અર્ઝ કરી, ઈલાહી ! જો આ કામ મેં તારી રઝા માટે કર્યું છે તો આ ચટ્ટાન હટાવી દે. તો તે ચટ્ટાન હટી ગઈ અને તેઓ ત્રણેવ એ ગુફાથી નીકળીને ચાલ્યા ગયા. (સહીહ બુખારી, ૧/૨૯૪, ૨૯૫, કિતાબુલ બુયૂઅ, મજલિસે બરકાતમાંથી ટૂંકાવીને જરૂર પૂરતી રજૂ કરી)*

**અંબિયાએ કિરામ તથા મહાન રસૂલો عَلَيْهِمُ السَّلَام તથા અવલિયા અલ્લાહ رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْن તો બારગાહે ખુદાવંદીના જરૂર મક઼બૂલ છે તો એમનાથી વસીલો અધિક અંશે જાઈઝ છે. નેક અમલો એ જ વખતે નિકટતાનો ઝરીયો બની શકે છે જ્યારે તે બારગાહે ખુદાવંદીમાં મક઼બૂલ હોય, અને અંબિયા તથા અવલિયાની આ મુક઼દ્દસ જમાઅત યક઼ીનન ! ખુદાની બારગાહમાં મકબૂલ છે એટલા માટે એ હઝરાત જરૂર નિકટતાનો (ક઼ુર્બનો) ઝરીયો બનશે.**

**આયત-૨ :-**

وَلَوْ اَنَّهُمْ اِذْ ظَّلَمُوْٓا اَنْفُسَهُمْ جَآءُوْكَ فَاسْتَغْفَرُوا اللّٰهَ وَاسْتَغْفَرَ لَهُمُ الرَّسُوْلُ لَوَجَدُوا اللّٰهَ تَوَّابًا رَّحِيْمًا

"અને હે મહબૂબ ! જ્યારે તે લોકો પોતાની જાનો પર જુલ્મ કરી બેસે, જો તે આપની સમક્ષ હાજર થાય પછી અલ્લાહથી માફી ચાહે અને રસૂલ એમના માટે મગફેરત તલબ કરે તો તે જરૂર અલ્લાહને ખૂબ જ તૌબા કબૂલ કરનાર મહેરબાન પામશે.

*(સૂ. નિસાઅ, ૪/૬૪)*

જાલિમ તથા ગુનાહ કરનાર જ્યાંથી પણ અલ્લાહની બારગાહમાં તૌબા તથા ઈસ્તિગફાર કરે તો અલ્લાહથી કરમની ઉમ્મીદ છે પણ "આપની સમક્ષ હાજર થાય" ફર્માવીને બારગાહે રિસલાતમાં હાજરી માટેનું માર્ગદર્શન આપવામાં આવ્યું જેથી રસૂલુલ્લાહ ﷺ તેમનો વસીલો બનીને બારગાહે રિસાલતમાં તેમના માટે શફાઅત ફર્માવે, તો અલ્લાહ જરૂર એમની તૌબા કબૂલ કરીને તેમના પર રહમ ફર્માવશે. મુજરિમોનું બારગાહે રિસાલતમાં હાજર થવું "આપની પવિત્ર જાતથી તવસ્સુલ (વસીલા)"ના માટે છે, અને સરકાર ﷺનું તેમના હક્ક઼માં ઈસ્તિગફાર કરવું શફાઅત છે.

જેથી આ આયતે કરીમાથી સાબિત થઈ ગયું કે હુઝૂર રહમતે આલમ ﷺની પાક જાતથી તવસ્સુલ (વસીલો) જાઈઝ તથા આવશ્યક તથા પસંદીદા છે. એ અલગ વાત છે કે આ વસીલો સરકાર ﷺથી દુઆ કરાવવા માટે છે.

## ★ હદીષો થકી વસીલાની સાબિતી ★

**હદીષ-૧** : હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہથી રિવાયત છે કે જ્યારે લોકો દુકાળમાં હોતા તો અમીરુલ મો'મિનીન ઉમર ઈબ્ને ખત્તાબ رضی اللہ عنہ હઝરત અબ્બાસ ઈબ્ને અબ્દુલ મુત્તલિબ رضی اللہ عنہ ના વસીલાથી વરસાદ વરસવાની દુઆ માગતા. આપ અર્ઝ કરતા : "હે અલ્લાહ ! અમે અમારા નબી ﷺને તારી બારગાહમાં વસીલો બનાવતા હતા અને તું અમારા પર વરસાદ નાઝિલ કરતો હતો. હવે અમે અમારા નબી ﷺના કાકાને તારી બારગાહમાં વસીલો બનાવીએ છીએ તો તું અમારા પર વરસાદ વરસાવી દે." *(સહીહ બુખારી, ૧/૧૩૭, અબ્વાબુલ ઈસ્તિસ્ક઼ાઅ, પેજ-૫૨૬, કિતાબુલ મનાક઼િબ, ઝિક્રે અબ્બાસ ઈબ્ને અબ્દુલ મુત્તલિબ, મજલિસે બરકાત, મુબારકપુર)*

આ હદીષના શબ્દો ★ اِسْتَسْقٰى بِالْعَبَّاسِ (અબ્બાસના વસીલાથી વરસાદ વરસવાની દુઆ કરીએ) ★ كُنَّا نَتَوَسَّلُ اِلَيْكَ بِنَبِيِّنَا (અમે તારી બારગાહમાં નબીને વસીલો બનાવતા હતા) ★ اِنَّا نَتَوَسَّلُ اِلَيْكَ بِعَمِّ نَبِيِّنَا અમે અમારા નબીના કાકાને તારી બારગાહમાં વસીલો બનાવીએ છીએ....થી ખૂબ જ સ્પષ્ટપણે સાબિત થાય છે કે **ખુદાના મહબૂબો ખાસ કરીને હુઝૂર સૈયદે આલમ ﷺની પાક જાતથી વસીલો જાઈઝ છે અને વસીલાની બરકતથી દુઆ કબૂલ થાય છે.**

હદીષના શબ્દો بِعَمِّ نَبِيِّنَا (નબીના કાકા)થી માલૂમ થાય છે કે હઝરત અબ્બાસ رضی اللہ عنہની જાત મુબારકાથી સહાબાએ કિરામનો વસીલો પકડવું સરકાર ﷺથી ખાસ નઝદીકી તથા સગાઈ સંબંધના કારણે હતું જે બારગાહે ઈલાહીમાં જલ્દી કબૂલિયતનો સબબ હતો. આ હૈસિયતથી તેમનાથી

તવસ્સુલ (વસીલો) લેવું જાણે સરકાર ﷺથી જ વસીલો હતું.

એ જ પ્રમાણે હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہએ હઝરત અબ્બાસ رضی اللہ عنہને વસીલો બનાવીને બે વાતોનો ફાયદો કરી આપ્યો : **એક એ કે ગૈર નબીને પણ વસીલો બનાવવું જાઈઝ છે** જયારે કે તે સાલેહ હોય, અને કુર્બે ખુદાવંદી (ખુદાની નિકટતા)ના સ્થાને બિરાજમાન હોય. **બીજુ** એ કે સરકાર ﷺથી વંશિક (નસબ) સગાઈના કારણે આ વસીલો જાણે સરકાર ﷺથી જ વસીલો છે.

હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ ખુદ પણ વલી અલ્લાહ તથા સાહિબે કરામત મહાન સહાબી હતા. અને બારગાહે ઈલાહીના એવા ખાસ નિકટના કે જેમની ઝબાનથી નીકળેલ બાબરકત શબ્દોના સમર્થનમાં અલ્લાહ عزوجلએ કુર્આની આયતો નાઝિલ કરી. એટલા માટે એમની દુઆ બેઅસર ન થાત, પણ તે ખુદ દુઆ કરત તો આ ફાયદા હાંસલ ન થાત, અને શક્ય છે જલ્દી અસર ન થાત જેવી તે ચાહતા હતા. એટલા માટે તેમણે નબીના કાકા મુકર્રમના વસીલાથી દુઆ કરી.

તદ્ઉપરાંત સરકાર ﷺના વિસાલ બાદ વસીલાના બારામાં હદીષ આગળ જતાં આવી રહી છે.

**હદીષ-૨** : હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને દીનાર رضی اللہ عنہ વર્ણવે છે કે મેં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہથી સાંભળ્યું, તે અબૂ તાલિબનો આ શેઅર ગણગણી રહ્યા હતા : "હુઝૂર ગોરા રંગવાળા છે. આપના રૂએ ઝયબા (ખૂબસૂરત ચહેરા)ના વસીલાથી વરસાદની દુઆ કરવામાં આવે છે. આપ યતીમોના સહારા અને બેવાઓને પનાહ આપનારા છે."

સરકારે અબદ કરાર ﷺના સુંદર ચહેરાને વસીલો બનાવીને બારગાહે ઈલાહીમાં દુઆ કરવી આપની ઝાતે શરીફાથી વસીલો છે. તો આ હદીષ નબીની જાતથી વસીલાની દલીલ છે.

**હદીષ-૩** : હઝરત ઉષ્માન બિન હુનૈફ رضی اللہ عنہથી રિવાયત છે કે એક નાબીના શખ્સ હુઝૂર ﷺની ખિદમતમાં હાજર થયા અને અર્ઝ કરી કે હુઝૂર ! મારા માટે ખુદાએ કરીમથી આફિયત (રાહત)ની દુઆ માગો. હુઝૂર ﷺએ ફર્માવ્યું, જો ચાહો તો હમણા એ દુઆ ન માગું અને એ તમારા માટે બેહતર છે, અને જો ચાહો તો હમણા દુઆ કરી આપું. તેમણે અર્ઝ કર્યું, હુઝૂર ! દુઆ ફર્માવી દો. તો આપે તેમને ફર્માવ્યું કે, સારી રીતે વુઝૂ કરો અને બે રકાત નમાઝ પઢીને આ દુઆ માગો : "હે અલ્લાહ ! હું તારાથી સવાલ કરુ છું અને **તારી તરફ ધ્યાનિત થાઉં છું રહમતવાળા નબી ﷺના વસીલાથી.** યા રસૂલુલ્લાહ ! મેં આપના વસીલાથી મારી આ હાજતના બારામાં મારા રબની તરફ ધ્યાન કર્યું જેથી આ હાજત પૂરી થઈ જાય. હે અલ્લાહ ! હુઝૂર ﷺની સિફારિશ મારા હક્કમાં કબૂલ ફર્માવ." *(સુનને ઈબ્ને માજહ, પેજ-૭૯૯, બાબુ માજાઅ ફી સલાતિલ હાજત)*

હવે આ હદીષના શબ્દો પર વિચારણા કરો :

**(અ)** "નાબીના સહાબી ખિદમતમાં હાજર થયા અને બીનાઈ (દૃષ્ટિ પામવા) દુઆની દરખાસ્ત કરી." આ સરકાર ﷺની ઝાતે પાકથી તવસ્સુલ (વસીલો) છે જેથી આપ તેમની બીનાઈના માટે દુઆ કરી આપે.

**(બ)** "હે અલ્લાહ હું તારાથી સવાલ કરું છું, રહમતવાળા **નબીના વસીલાથી.**" નાબીના સહાબીએ આ શબ્દો વડે હુઝૂરની જાતને બારગાહે ઈલાહીમાં વસીલો બનાવીને ખુદ દુઆ કરી છે.

**(ક) "યા રસૂલલ્લાહ ! મેં આપના વસીલાથી** મારા રબની તરફ ધ્યાન કર્યું. "આ રસૂલુલ્લાહ ﷺને દૂરથી ગાઈબાના પુકારવું પણ છે, અને આપની ઝાતે શરીફાના વસીલાથી બારગાહે ઈલાહીમાં દુઆ પણ.

આ બંને સ્થિતિઓમાં સરવરે કૌનેન ﷺની જાત શરીફને નાબીના સહાબીએ પોતાની દુઆની મકબૂલિયત માટે વસીલો બનાવ્યો છે. એટલે "નબીની જાત"થી વસીલો ત્રણેવ સ્થિતિઓમાં છે, ફરક એ છે કે પ્રથમ સ્થિતિ (અ)માં સરકારની જાતને વસીલો બનાવવામાં આવ્યો છે ખુદ સરકારથી દુઆ

કરાવવા માટે. અને બીજી અને ત્રીજી (બ અને ક) સ્થિતિઓમાં ''જાત શરીફને વસીલો બનાવવામાં આવ્યો છે પોતાની દુઆની ક઼બૂલિયતના માટે.

(ડ) اَللّٰهُمَّ فَشَفِّعْهُ فِيَّ ''હે અલ્લાહ ! મારા હક઼્ક઼માં હુઝૂરની સિફ઼ારિશને કબૂલ કર.''

આ શબ્દોથી જાહેર થાય છે કે હુઝૂર રહમતે આલમ ﷺએ અલ્લાહ عزّوجلّની બારગાહમાં પોતાના નાબીના સહાબીના માટે સિફ઼ારિશ કરી હતી. બીજા શબ્દોમાં શિફ઼ાની દુઆ કરી હતી. અને એ હક઼્ક઼ છે કેમ કે નાબીનાએ હુઝૂર ﷺથી દુઆની દરખાસ્ત કરી હતી અને સરકાર ﷺએ આ દરખાસ્ત મંજૂર પણ કરી હતી એટલા માટે નાબીના સહાબીએ પોતાની દુઆમાં એને વર્ણવી.

તો એને આધાર બનાવીને પૂરી હદીષને ''તવસ્સુલ બિદ્દુઆ'' (દુઆથી વસીલો) પર નિર્ધારિત કરવું અસ્થાને છે. કેમ કે (બ) અને (ક) બે સ્થિતિઓમાં તો પોતાની દુઆથી કબૂલિયતના માટે ઝાતે અન્વર (નબી પાક ﷺની જાત)ને જરૂર વસીલો બનાવવામાં આવ્યો છે. પછી જેમ કે આ લખનારે સ્પષ્ટપણે વર્ણન કર્યું. અહીં ''દુઆ થકી વસીલા''માં પણ નબીની જાતથી વસીલો છે કે દુઆ કરાવવા માટે આપની જાતને વસીલો બનાવ્યો. હવે વહાબી મુજતહિદો પોતાના ખાસ અક઼ીદાથી આ હદીષે પાકની સરખામણી કરીને ખુદ ફૈસલો કરે કે આ સર્વ કાંઈ શિર્ક છે અથવા એમાં ઈમાનની કાંઈ થોડી સરખી હુંફ પણ છે ?

આ હદીષ સહીહૈનમાં નથી પણ સહીહૈનની શર્ત પર સહીહ છે. જેમ કે :– ★ હાફિઝ અબૂ અબ્દુલ્લાહ હાકિમ નીશાપૂરી رحمۃ اللہ علیہ આ હદીષને નકલ કરીને લખે છે : هذا حديث صحيح على شرط الشيخين ولم يخرجا ''આ હદીષ શયખૈન (ઈમામ બુખારી, ઈમામ મુસ્લિમ)ની શર્ત પર સહીહ છે, અને એ હઝરાતે એની તખરીઝ નથી કરી.

★ ઈમામ ઝહબી رحمۃ اللہ علیہએ પણ على شرطها લખીને એને યથાવત રાખી.

★ અને જામેઅ તિર્મિઝીમાં છે : ઈમામ અબૂ ઈસા તિર્મિઝીએ ફર્માવ્યું કે આ હદીષ હસન સહીહ ગરીબ છે.

★ ઈમામ અબૂબક્ર અહમદ બિન હુસૈન બક઼ીએ આ હદીષ તખરીજ કરીને લખ્યું : ''મુહમ્મદ બિન યૂનુસની રિવાયતમાં એ વધારો પણ છે કે એ નાબીના દુઆ બાદ બીના (દેખતા) થઈને ઉભા થયા. અમે આ હદીષ કિતાબુદ્ દઅવાતમાં સહીહ અસ્નાદ સાથે રૂહ બિન ઓબાદાથી શઅબાની રિવાયતથી રિવાયત કરી છે. એના શબ્દો આ પ્રમાણે છે : ''નાબીનાએ નબીની તાલીમ પ્રમાણે અમલ કર્યો તો શિફ઼ાયાબ થઈ ગયા.''

★ ઈમામ મુન્ઝરી ફર્માવે છે :–

رواه الترمذي وقال: حديث صحيحٌ، غريبٌ. والنَّسائي وابن خزيمة في صحيحه والحاكم فقال: صحيحٌ على شرط البخاري ومسلم

❑ આ હદીષમાં હાજતના સમયે રસૂલુલ્લાહ ﷺને પોકારવું પણ અને આપનાથી વસીલો તથા વિનંતિ પણ છે.

❑ વળી આ પોકારવું તથા વસીલો નાબીના સહાબીએ પોતાની મરજીથી નથી કર્યો બલ્કે હુઝૂર ﷺએ તેમને આ તરીકો તાલીમ ફર્માવ્યો.

❑ નાબીના સહાબીએ આ નમાઝ હુઝૂર ﷺની સામે ન પઢી, બલ્કે મસ્જિદમાં જઈને પઢી પછી હુઝૂરની બારગાહમાં બીના (દેખતા) થઈને હાજર થયા જેવું કે આવનારી હદીષ–૪ના શબ્દો : ثُمَّ ائتِ المسجدَ فصلِّ فيه ركعتين સાક્ષી આપે છે. એટલા માટે **જાહેર એ છે કે નાબીના સહાબીએ સરકાર ﷺની તાલીમ ફર્માવેલી દુઆ મસ્જિદમાં નમાઝ બાદ કરી તો બારગાહે ઈલાહીમાં નાબીનાની દુઆ અને હુઝૂરને નિદા (પોકારવું) અને આપનાથી વિનંતિ સૌ આપની ગેરહાજરીમાં થઈ અને આ વહાબી મઝહબમાં શિર્ક છે તો શું રસૂલુલ્લાહ ﷺ શિર્કની તાલીમ આપવા માટે આવ્યા હતા ?** –*(ક્રમશઃ)*

## ઈસ્લામના મુજદ્દિદો વિશે વર્ણન

### ત્રીજી સદીના મુજદ્દિદ ૪

# હઝરત ઈમામ અબૂ જઅફર અહમદ બિન મુહમ્મદ સલામહૂ તહાવી હનફી رضی اللہ عنہ

**(હિ.સ. ૨૧૫ થી ૩૦૩)**

*(કાર્યાલય)*

હઝરત ઈમામ હાફિઝ અબૂ જઅફર તહાવી رحمۃ اللہ علیہ ત્રીજી સદીના મશહૂર મુહદ્દિષ, અજોડ ફક઼ીહ અને હનફી મિલ્લતના મહાન પાસબાન હતા. મુહદ્દિષો તથા ફક઼ીહોના વર્ગોમાં એમની સમાન રીતે ગણના કરવામાં આવે છે. પૂર્વજ બુઝુર્ગોમાં આવા હઝરાત ખબૂ જ ઓછા મળે છે જેઓ હદીષ તથા ફિક્હ બંનેવમાં સનદની હૈસિયત ધરાવતા હોય, મુહદ્દિષો જેને હાફિઝે હદીષ અને ઈમામ કહેતા હોય, અને ફક઼ીહો જેમને મુજતહિદ ઠરાવતા હોય. આપની શખ્સિયત ઉમ્મતના વિશ્વાસનીય લોકો (સ્તંભ સમા)માં મજઉલ બહરૈન (બે સમુદ્રોનુ સંગમ)ની હૈસિયત ધરાવે છે.

**નામ તથા નસબ :** આપનું નામ મુબારક અહમદ બિન મુહમ્મદ છે. કુન્નિયત અબૂ જઅફર છે. લકબ હાફિઝુલ હદીષ અને ઈમામ છે. વંશવેલો આ પ્રમાણે છે : અબૂ જઅફર અહમદ બિન મુહમ્મદ બિન સલામા બિન અબ્દુલ મલિક બિન સલમા બિન સુલૈમ બિન ખબ્બાબ અઝદી, હજરી, મિસ્રી, તહાવી, હનફી, (તઝરેતુલ હુફ્ફાઝ લિલ્ઝહબી, ૩/૨૧, મત્બૂઆ : દારુલ કુતુબિલ ઈલ્મિયા, બૈરૂત, લબનાન, આવૃત્તિ–૧, ઈ.સ. ૧૯૯૮)

અબ્દુલ કાદિર બિન અલ્ વફા કુર્શીએ આપના અઝદી, હજરી, મિસ્રી અને તહાવી હોવાની નિસ્બત પોતાની કિતાબ ''અલ્ જવાહિરુલ મુદ્ઈય્યહ ફી તબકાતિલ હનફિય્યહ''માં આ પ્રમાણે વર્ણવી છે : ''અઝદી અઝ્દ ''શનૂવિય્યહ''ની તરફ સંબંધિત છે. અને તે અઝ્દ બિન અવાષ બિન નબીત બિન માલિક બિન ઝયદ બિન કહલાન બિન સબા છે. અઝદી અઝ્દ બિન ઈમરાન બિન આમિરની તરફ પણ સંબંધિત છે અને અઝ્દીની નિસ્બત અઝ્દ હજરીની તરફ પણ છે. આ જ નિસ્બત ઈમામ અબૂ જઅફર તહાવીની છે. આ પ્રમાણે સમ્આનીએ પણ વર્ણન કર્યું છે. અને હજરી ''હા'' મુહમલાના ઝબર, જીમના જઝમ અને છેવટમાં ''રા'' છે. બીજો અયન છે જેમનામાં એક મશહૂર નામ સઈદ બિન અબૂ સઈદ હજરી હજરાઅ્યન છે. ત્રીજો કબીલો હજર અઝ્દ છે જેમનામાંથી ઈમામ તહાવી, મિસ્રી, ફક઼ીહ હનફી છે, જે ષિક઼હ, નબીલ તથા ફક઼ીહ હતા. અને ''મિસ્ર'' મીમના ઝેર ''સ્વાદ''ના જઝમ અને છેવટના ''રા''ની સાથે, આ નિસ્બત મિસ્રીની તરફ છે. એ દેશનુ નામ મિસ્ર બિન હામ બિન નૂહ علیہ السلامની પ્રતિ નિસ્બત કરતાં રાખવામાં આવેલ છે. મોટાભાગના ઉલમાએ એ દેશની તરફ પોતાની નિસ્બત જાહેર કરી છે. એનો એક ઈતિહાસ રહ્યો છે. સમ્આનીએ એ જ પ્રમાણે વર્ણન કર્યું છે. અને શબ્દ ''તા'' તથા ''હા'' મુહમલાના ઝબરની સાથે, અને અલિફ પછી ''વાવ'' છે, જે મિસરમાં એક વાદી (મેદાન)નું નામ છે, જે નીલ નદીના કિનારે આબાદ છે એ વસ્તીની તરફ અબૂ જઅફર તહાવી સંબંધિત છે.

**જન્મ મુબારક :** આપનો જન્મ ૧૦ રબીઉન્નૂર શનિવારની રાતમાં થયો. *(કશ્ફુલ અસ્તાર હાશિયા શરહે મઆનિયુલ આષાર, સદરુશ્શરીઅહ મુહમ્મદ અમજદ અલી આઝમી, પેજ–૮, મતબૂઆ : દાઈરતુલ મઆરિફુલ અમજદિયા, પ્રથમ આવૃત્તિ, ઈ.સ. ૨૦૦૮)*

પરંતુ જન્મના વરસના બારામાં ઈતિહાસકારોનો

મતભેદ છે. (અલ્લામા ઈબ્ને હજર અસ્કલાની–લિસાનુલ મીઝાન, ભાગ–૧, પેજ–૪૧૬, મત્બૂઆ : દારે અહયાઉત્તરાષુલ અરબી, બૈરૂત, આવૃત્તિ–૨, ઈ.સ. ૨૦૦૧ તથા અબ્દુલ કાદિર બિન અબુલ વફા કર્શી – અલ જવાહિરુલ મુદ્દઈય્યહ ફી તબકાતિલ હનફિય્યહ, પેજ–૭૧ તેમજ શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષ દહેલ્વી બુસ્તાનુલ મુહદ્દિષીન મુતર્જિમમાં : પેજ–૧૪૪, પ્રેસ : નૂર મુહમ્મદ અસહુલ મતાબિઅ કરાચી, ઈ.સ. ૧૯૬૯ અને મૌલાના અબ્દુલ હય્ય લખનવી ફવાઈદુલ બહીય્યહમાં : પેજ–૧૮, પ્રેસ : મજલિસે બરકાત, ઈ.સ. ૨૦૦૧) ઈમામ તહાવીથી નકલ કરે છે કે તેમણે પોતાના જન્મનુ વરસ હિ.૨૩૯ વર્ણવ્યું, એનાથી ઉલ્ટુ ઈમામ અબૂ અબ્દુલ્લાહ શમ્સુદ્દીન ઝહબી (વિસાલ–૭૪૮)એ તઝકેરતુલ હુફ્ફાઝમાં આપના જન્મનું વરસ ઈબ્ને યૂનુસના હવાલાથી હિ. ૨૩૭ લખ્યું છે. મોટાભાગના ઈતિહાસકારોનો એ જ કૌલ છે કે આપની વિલાદતની સાલ હિ. ૨૩૯ છે.

**ઈલ્મ પ્રાપ્તિ :** ઈમામ તહાવીએ સૌ પ્રથમ પોતાનાં ફકીહા, આલિમા, ફાઝિલા વાલિદા માજિદાની બારગાહમાં શાગિર્દી હાંસલ કરી, પછી ઈમામ અબૂ ઝકરિયા યહ્યા બિન મુહમ્મદ અમ્રસના દર્સના વર્તુળમાં શરીક થઈને પ્રારંભિક તાલીમ હાંસલ કરી. અહીં આપે હિફ્ઝે કુર્આનની સાથોસાથ કિતાબતના તરીકા તથા અન્યો ઈલ્મો વિદ્યાઓની પ્રાથમિક તાલીમ મેળવી. પછી તાલીમી સફર ચાલુ રહ્યો, ત્યાં સુધી કે જવાનીની શરૂઆત સુધીમાં આપે ઈલ્મો વિદ્યાઓનો ઘણો અધિક હિસ્સો હાંસલ કરી લીધો. અને ઉલમાએ કિરામની મેહફિલોમાં હાજરી આપીને તથા વાલિદ માજિદની બારગાહમાં હાજર થઈને ઈલ્મો અદબનો એક મોટો હિસ્સો પ્રાપ્ત કરી લીધો. *(કશ્ફુલ અસ્તાર હાશિયા શરહે મઆનિયુલ આષાર, સદરુશ્શરીઅહ મુહમ્મદ અમજદ અલી આઝમી, પેજ–૮, પ્રેસ: દાઈરતુલ મઆરિફે અમજદિયા, આવૃત્તિ–૧, ઈ.સ. ૨૦૦૮)*

પછી આપ શાફઈ ફિક્હની પ્રાપ્તિ પ્રતિ વળ્યા અને પોતાના મામા અબૂ ઈબ્રાહીમ મુઝનીના દર્સના વર્તુળમાં સામેલ થઈને શાફઈ ફિક્હ પઢવી શરૂ કરી, પરંતુ આપની તબીઅતમાં જે અડગતાની શક્તિની તલાશ તથા નજરમાં જે તીવ્ર દૃષ્ટિ હતી તેણે ખૂબ જ જલ્દી આપની દિશા શાફઈયતથી હનફિયત તરફ વાળી દીધી. જેથી આપે હિ.સ. ૨૬૮માં મિસર જઈને તે સમયના વિશ્વ વિખ્યાત ઉસ્તાદ અબૂ જઅફર અહમદ બિન અબી ઈમરાન મૂસા બિન ઈસાથી હનફી ફિકહની પ્રાપ્તિ શરૂ કરી આપી. અહમદ ઈબ્ને અબી ઈમરાન હનફી ફિક્હમાં જબરદસ્ત મહારત ધરાવતા હતા અને બે વાસ્તાઓથી તેમનો સિલસિલો હઝરત ઈમામે આ'ઝમ رضی اللہ عنہથી મળી જાય છે. આ રીતે ઈમામ તહાવીની જે સનદ ઈમામે આ'ઝમથી જોડાયેલી છે તેની વિગત આ પ્રમાણે છે : અહમદ બિન અલી ઈમરાન અન મુહમ્મદ બિન સમાઅ, અન અબી યૂસુફ અન અબી હનીફા. *(તઝકેરતુલ મુહદ્દિષીન, અલ્લામા ગુલામ રસૂલ સઈદી, પેજ–૧૫૪, પ્રેસ : અર્શદ બ્રધર્સ, દિલ્હી, પ્રથમ આવૃત્તિ, ઈ.સ. ૧૯૭૭)*

મિસર પછી ઈમામ તહાવી શામ ચાલ્યા ગયા અને ત્યાંના કાઝીયુલ કુઝાત (ચીફ જસ્ટિસ) અબૂ હાઝિમથી હનફી ફિક્હની પ્રાપ્તિ કરી, તેમના ઉપરાંત મિસરના બાકી મશાઈખથી ઈલ્મે હદીષમાં ફાયદો મેળવ્યો અને જેટલા પ્રમાણમાં હદીષના મશાઈખ તેમની જિંદગીમાં મિસર આવ્યા તે સૌથી આપે ઈલ્મે હદીષમાં ફાયદો ઉઠાવ્યો જેમનામાં સુલેમાન ઈબ્ને શોએબ કૈસાની, અબૂ મૂસા યૂનુસ બિન અબ્દુલ આ'લા સદફી વગેરેનાં નામો મળે છે. *(મરજઅ સાલિક)*

હાફિઝ ઈબ્ને હજર અસ્કલાનીએ ઈલ્મે હદીષમાં ઈમામ તહાવીના જે મશાઈખનો ઉલ્લેખ કર્યો છે તેઓ આ પ્રમાણે છે : યૂનુસ ઈબ્ને અબ્દુલ આ'લા, હારૂન ઈબ્ને સઈદ ઈલી, મુહમ્મદ બિન અબ્દુલ્લાહ બિન અબ્દુલ હકમ, બહર બિન નસર, ઈસા બિન મસ્રૂર, ઈબ્રાહીમ બિન અબી દાઊદ અલ ફરીશ, અબૂ બક્ર બકાર બિન કુતીબા. અને ઈમામ ઝહબીએ આ ઉસ્તાદો ઉપરાંત અબ્દુલ ગની બિન રફાઆનો પણ ઉલ્લેખ કર્યો છે.

**મસ્લકની તબદીલી :** શરૂમાં શાફઈ મઝહબવાળા હતા, બાદમાં શાફઈયત છોડીને હનફી મસ્લક અપનાવી લીધો. મસ્લકની તબદીલીનાં વિવિધ કારણો ઈતિહાસકારોએ વર્ણવેલ છે. ઈમામ ઝહબીએ તેનું એક કારણ વર્ણવ્યું છે : "આપ પહેલાં શાફઈ હતા અને ઈમામ મુઝનીથી પઢયા કરતા હતા. તેમણે એક દિવસ આપને કહી આપ્યું, બખુદા ! તમારાથી કાંઈ થઈ શકશે નહીં ! એના પર એ નારાજ થઈ ગયા અને ઈબ્ને અબી ઈમરાનના દર્સના વર્તુળમાં દાખલો મેળવી લીધો. જ્યારે આપે આપની મુખ્તસર લખી તો કહેવા લાગ્યા, અલ્લાહ તઆલા અબૂ ઈબ્રાહીમ પર રહમ કરે, જો તે ઝિંદા હોત તો તેમણે પોતાની કસમનો કફ્ફારો અદા કરવો પડત." *(તઝકેરતુલ હુફ્ફાઝ લિલ ઝહબી, ૩/૨૧, પ્રેસ : દારુલ કુતુબિલ ઈલ્મિયા, બૈરૂત, લબનાન, પ્રથમ આવૃત્તિ, ઈ.સ. ૧૯૯૮)*

પરંતું મારા (લખનાર)ના ખયાલમાં આ કોઈ એવું કારણ નથી જેના કારણે આપ પોતાનો મસ્લક તબદીલ કરી નાખે, એનું અસલ કારણ એ છે જેને અબ્દુલ અઝીઝ પરહારવીએ વર્ણવ્યું છે. આપ ફર્માવે છે : "ઈમામ તહાવી પ્રારંભમાં શાફઈ મઝહબવાળા હતા. એક દિવસે તેમણે ઈમામ શાફઈની કિતાબમાં પઢયું કે જ્યારે સગર્ભા સ્ત્રી મૃત્યુ પામે અને તેના પેટમાં બાળક જીવતુ હોય તો કાઢવા માટે તેના પેટને કાપવામાં નહીં આવે. તેનાથી વિરૂધ્ધ ઈમામે આ'ઝમ رحمۃ اللہ علیہનો મઝહબ એ છે કે બાળકને પેટ કાપીને કાઢવામાં આવશે. સંજોગોવસાત ઈમામ તહાવીને પણ પેટ કાપીને કાઢવામાં આવ્યા હતા. ઈમામ તહાવીએ એને વાંચીને કહ્યું કે, હું એ શખ્સના મઝહબથી રાજી નથી જે મારી હલાકત પર રાજી હોય. પછી તેમણે શાફઈયતને છોડી આપી અને હનફિયત અપનાવી લીધી, અને એ મસ્લકના મહાન ફકીહ તથા મુજતહિદ બન્યા."

**ઈમામ તહાવી અને સિહાહ સિત્તાના ઈમામો સાથે સમકાલિનતા :** આપને સિહાહ સિત્તાના ઈમામો સાથે સમકાલિનતા પણ હાંસલ છે. જે દિવસે ઈમામ બુખારી رحمۃ اللہ علیہએ ઈન્તેકાલ કર્યો એ વખતે આપની ઉમર ૨૭ વરસની હતી. બીજા કૌલ પ્રમાણે : ઈમામ તહાવીએ ઈમામ બુખારીના અમુક શયખોથી ફયઝ પ્રાપ્ત કર્યો છે. અને ઈમામ મુસ્લિમની વફાતના સમયે આપની ઉમર ૩૨ વરસની હતી, તેમજ તેમના પણ અમુક શયખોથી ફાયદો ઉઠાવેલો છે. અને ઈમામ ઈબ્ને માજહના વિસાલના સમયે આપ ૪૪ વરસની ઉપર પાર કરી ચૂક્યા હતા. ઈમામ અબૂ દાઊદે જ્યારે દુનિયાથી વિદાય લીધી ત્યારે આપ ૪૬ વરસની ઉમરે પહોંચી ચૂક્યા હતા અને તેમના અમુક શયખોના દર્સના વર્તુળમાં આપે શિર્કત કરી. ઈમામ તિર્મિઝીની વફાતના સમયે આપની ઉમર શરીફ ૫૦ વરસની હતી, અને તેમના શયખોથી પણ ફયઝાન હાંસલ કર્યો. અને ઈમામ નસાઈએ જે વખતે મૌતનો જામ પીધો હતો એ વખતે આપની ઉમર ૬૪ વરસની હતી. આપે એ બુઝુર્ગતરીન હસ્તીઓથી ખૂબ ફાયદો ઉઠાવેલો. તાલીમી ઉમર મોટાભાગે એ જ બુઝુર્ગોના સાયા હેઠળ ગુજારી જેના કારણે આપ પણ એ અઝીમતરીન લોકોના ગિરોહમાં ગણના પામવા લાગ્યા. *(માહનામા અશરફિયા, ઓક્ટોબર–૨૦૧૪)*

**ઈલ્મો ફઝ્લ :** ઈમામ તહાવી ઈલ્મો ફઝ્લ

અને ઝોહદો તક્વાના એટલા મહાન મર્તબા પર બિરાજમાન હતા કે જેટલા મુહદ્દિષો તથા ઈતિહાસકારોએ પણ આપનો ઉલ્લેખ કર્યો છે તેઓ સૌ પ્રશંસા કરવામાં એકમત જોવા મળે છે.

**(૧) હાફિઝ ઝહબી :** "ઈમામ તહાવી ઘણા જ મહાન આલિમ, ઉચ્ચ કક્ષાના હાફિઝ અને ઘણી બધી અજીબો ગરીબ કિતાબોના લેખક છે." *(તઝકેરતુલ હુફ્ફાઝ લિલ ઝહબી, ૩/૨૧, પ્રેસ : દારુલ કુતુબિલ ઈલ્મિયા, બૈરૂત, લબનાન, આવૃત્તિ–૧, ઈ.સ. ૧૯૯૮)*

**(૨) ઈબ્ને યૂનુસ :** "આપ ષિકહ, અડગ ફકીહ તથા બુધ્ધિશાળી હતા. તેમણે પોતાની પાછળ પોતાની જેવો કોઈ માણસ નથી છોડયો." *(લિસાનુલ મીઝાન, ૧/૪૧૭, પ્રેસ : દારે અહયાઉત્તરાષુલ અરબી, બૈરૂત, બીજી આવૃત્તિ, ઈ.સ. ૨૦૦૧)*

**(૩) અબૂ ઈસ્હાક શીરાઝી :** "મિસરમાં ઈમામ અબૂ હનીફાના અનુયાયીઓની સરદારી અબૂ જઅફર પર ખત્મ છે." *(તઝકેરતુલ હુફ્ફાઝ લિલ ઝહબી, ૩/૨૧, પ્રેસ : દારુલ કુતુબિલ ઈલ્મિયા, બૈરૂત, લબનાન, આવૃત્તિ–૧, ઈ.સ. ૧૯૯૮)*

**આપના શાગિર્દો :** આપની ઈલ્મી ખ્યાતિ દૂર દૂરના ઈલાકાઓમાં ફેલાઈ ચૂકી હતી, જેથી આપનાથી ફાયદો હાંસલ કરવા માટે દૂર દૂરથી ઈલ્મના પ્યાસાઓ આવતા હતા. જેમનામાં અસંખ્ય લોકોએ આપનાથી ઈલ્મે હદીષમાં સમાઅ હાંસલ કરી છે. તેમનામાંથી અમુક હઝરાતના નામો આ પ્રમાણે છે : અબૂ મુહમ્મદ અબ્દુલ અઝીઝ બિન મુહમ્મદ હયતમી, હાફિઝ અહમદ બિન કાસિમ બિન અબ્દુલ્લાહ બગદાદી મઅરૂફ બિઈબ્નિલ ખશાબ, અબૂબક્ર અલી બિન સઅદવિયહ બરૂઈ, અબુલ કાસિમ મુસ્લિમા બિન અલકાસિમ બિન ઈબ્રાહીમ કુર્તબી, અબુલ કાસિમ અબ્દુલ્લાહ બિન અલી દાઊદી, હસન બિન કાસિમ બિન અબ્દુર્રહમાન મિસ્રી, કાઝી ઈબ્ને અબુલ અવામ, અબુલ હસન મુહમ્મદ બિન અહમદ અખ્મીની, હાફિઝ અબૂબક્ર બિન મુહમ્મદ બિન ઈબ્રાહીમ બિન અલી મુકરી, અબુલ હસન અલી બિન તહાવી, અબુલ કાસિમ સુલૈમાન બિન અહમદ બિન ઐયૂબ તબરાની મોઅજમના કર્તા, હાફિઝ અબૂ સઈદ અબ્દુર્રહમાન બિન અહમદ બિન યૂનુસ મિસ્રી, હાફિઝ અબૂબક્ર મુહમ્મદ બિન જઅફર બિન અહસૈન બગદાદી, મૈમૂન બિન હમ્ઝા ઓબૈદી વગેરે...

*(અલ જવાહિરુલ મુઝઈય્યા ફી તબકાતિલ હનફિય્યહ, અબ્દુલકાદિર બિન અબુલવફા કર્શી, પેજ–૭૧)* –*(ક્રમશઃ)*

## :: ઈન્તેકાલ પુરમલાલ ::

❒ **દયાદરા** : ખાતે તા. ૨૧–૪–૨૦૨૫ સોમવારના રોજ હજીયાણી આયશાબેન ઈસા ઘંટીવાળાનો ઈન્તેકાલ થયો રાત્રે ઈશાની નમાઝ બાદ દફનવિધિ કરવામાં આવી.

❒ **દયાદરા** : ખાતે તા. ૩–૫–૨૦૨૫ શનિવારના રોજ હજીયાણી જુલેખાબેન યાકૂબ માસ્તર કુલ્ફીવાળાનો ઈન્તેકાલ થયો. સવારે સાડા નવ વાગ્યે દફનવિધિ કરવામાં આવી.

*રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં સર્વ મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે તથા ઈસાલે સવાબ કરવાની તૌફીક આપે. (આમીન)*

# પાંચ નબવી નસીહતો

**લેખક : હઝરત મૌલાના મુહમ્મદ શાકિર નૂરી**
*(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ)*
**અનુવાદક : હાફિઝ મુહમ્મદસજ્જાદ પટેલ–દયાદરા**

## સમયની કદર જાણવી અને આપણા પૂર્વજ બુઝુર્ગો

આપણા પૂર્વજ બુઝુર્ગો અને બુઝુર્ગાને દીનની ચમકતી સીરત અને પાકીઝા જિંદગી આના બારામાં પણ આપણા માટે અમલનો નમૂનો છે. એ હઝરાતે પોતાની પૂરી જિંદગીની ઘડીઓ તથા સમયો કદરદાનીની સાથે ગુજારી. જેમ કે ઈમામ મુહમ્મદ عَلَیۡهِ الرَّحۡمَةُ وَ الرِّضۡوَانُના અહવાલમાં લખ્યું છે કે આપ દિવસ રાત કિતાબો લખતા રહેતા હતા. એક હજાર સુધી એમની કિતાબોની સંખ્યા બતાવવામાં આવે છે. આપની મશગૂલિયત એટલી હદ સુધી હતી કે ખાવા તથા કપડાંનો પણ હોશ ન રહેતો હતો.

હઝરત ઈમામ રાઝીની નજીક સમયનું મહત્વ એટલા પ્રમાણમાં હતું કે તેમને એ અફસોસ થતો હતો કે ખાવાનો સમય ઈલ્મી મશગૂલિયતથી કેમ ખાલી જાય છે. આપ ફર્માવતા હતા, ખુદાની કસમ ! મને ખાવાના સમયે ઈલ્મી મશગૂલિયત છૂટી જવાનો અફસોસ થાય છે કેમ કે સમય પ્રિય પૂંજી છે. સમયની કદરદાનીએ તેમને મન્તિક તથા ફિલોસોફીના એવા જબરદસ્ત ઈમામ બનાવ્યા કે દુનિયાએ તેમની ઈમામતનો સ્વીકાર કર્યો.

ઈબ્ને અકીલ رحمۃ اللہ علیہ છઠ્ઠી સદીના મશહૂર આલિમે દીન અને હંબલી મઝહબના મશહૂર ઈમામોમાંથી છે. અલ્લાહ તબારક વ તઆલાએ તેમને સમયની કદર તથા કિંમતનો એહસાસ અને ઈલ્મ તથા કિતાબોના અભ્યાસનો અસાધારણ શોખ અતા કર્યો હતો. ખુદ પોતાના બારામાં ફર્માવે છે :

"મેં જિંદગીની એક પળ પણ વેડફી નથી, ત્યાં સુધી કે જ્યારે ઈલ્મી બહષ કરતાં કરતાં મારી જીભ થાકી જતી અને અભ્યાસ કરતાં કરતાં આંખો જવાબ આપવા લાગતી તો હું સૂઈને મસાઈલ વિચારવા લાગી જતો. હું શક્ય ત્યાં સુધી કોશિશ કરું છું કે ખાવામાં ઓછામાં ઓછો સમય ખર્ચ થાય, બલ્કે મોટાભાગના સમયો તો રોટલીને બદલે ચૂરા (ભૂકા)ને પાણીમાં પલાળીને ઉપયોગમાં લઉં છું, કેમ કે બંને વચ્ચે સમયના લેહાઝથી ઘણો ફરક છે. રોટી ખાવા તથા ચાવવામાં ઘણો સમય લાગી જાય છે, જ્યારે કે ચૂરા (ભૂકા)ના ઉપયોગથી કિતાબોના અભ્યાસ વગેરેના માટે ઘણો સમય નીકળી આવે છે. *(ઝીલ તબકાતે હનાબિલા, ૧/૧૨૧)*

અલ્લામા ઈબ્ને જવઝી رحمۃ اللہ علیہ સમય તથા જિંદગીની કદર તથા કિંમતના એહસાસનું વર્ણન કરતાં પોતાનો હાલ વર્ણવે છે :

સમય ઈન્સાનનો કીમતી સરમાયો છે, સારાં તથા નેક કામોમાં સમયને વાપરવું કોઈ એવો મામલો નથી જેની સાબિતીના માટે દલીલો પેશ કરવામાં આવે. એટલા માટે મને લોકોથી ફાયદા વિના મેલજોલ બિલ્કુલ પસંદ નથી. હવે જો લોકોથી બિલ્કુલ અલગ થલગ રહું તો એ પણ યોગ્ય નથી કે એની સાથે પ્રેમ તથા મહોબ્બતનો સંબંધ બિલ્કુલ ખત્મ થઈ જાય છે, અને તેમની સાથે નિરર્થક મુલાકાતોનો ક્રમ ચાલુ રાખુ તો એમાં સમયની બર્બાદી તથા નુકસાન છે, એટલા માટે મેં એ તરીકો અપનાવી રાખ્યો છે કે :

પ્રથમ તો મુલાકાતોથી બચવાની કોશિશ કરું છું, અને જો કોઈની સાથે મુલાકાત વગર કોઈ ચારો જ ન હોય તો વાત ખૂબ જ ટૂંકી કરું છું. વધુમાં એ કે એવા સમયના માટે એવાં કામો છોડી રાખુ છું જેમાં અધિક ધ્યાન કરવાની જરૂરત નથી હોતી. જેમ કે ક઼લમ બનાવવી, કાગળ કાપવા અને આ પ્રકારના અન્ય હલકાં ફુલકાં કામ મુલાકાતના સમયમાં કરું છું. આ રીતે મુલાકાત પણ થઈ જાય છે અને એ કામો પણ પૂર્ણ થઈ જાય છે. અને મોઘેરી ઉમરની કિંમતી ઘડીઓ કેવળ વાતચીતમાં વેડફાઈ નથી જતી. *(ક઼ીમતુઝ્ ઝમન ઈન્દલ ઉલમા, પેજ–૫૯)*

હક઼ીક઼ત એ છે કે જિંદગીની સહીહ કદર એ બુઝુર્ગોના દિલમાં હતી અને રહી રહીને તેમના દિલમાં એ એહસાસ ઉભરતો કે સમય ક્યાંક વેડફાઈ તો નથી રહ્યો. એના કારણે પોતાના શાગિર્દોને કહેતા હતા કે કેવળ સલામ કર્યા કરો એનાથી વધુ કાંઈ ન કહ્યા કરો.

હઝરત ઈમામ શાફઈ عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ ફર્માવતા હતા કે એક મુદ્દત સુધી હું સૂફિયાએ કિરામની પાસે રહ્યો, એમની સોહબતથી મને બે વાતો માલૂમ પડી : એક એ કે : اَلْوَقْتُ سَيْفٌ قَاطِعٌ اِقْطَعْهُ وَاِلَّا قَطَعَكَ "સમય તલ્વારની જેમ છે તમે એને કોઈ કામમાં કાપો, નહીં તો (આશાઓમાં મશગૂલ કરીને) તે તમને કાપી નાખશે." *(મિર્ક઼ાતુલ મફ઼ાતીહ, ૪/૧૫૮૧)*

મોબાઈલની શોધે આપણા બાળકો, નવયુવાનો બલ્કે વૃધ્ધોને પણ તબાહી તથા બર્બાદીના મુખ પર લાવીને ઉભા કરી દીધા છે ખાસ કરીને આજનો નવયુવાન એક પાગલપણાની સ્થિતિનો શિકાર થઈ ચૂક્યો છે અને આ વબાઈ બીમારીથી મદ્રસાઓનો એક મોટો વર્ગ પણ મેહફૂઝ ન રહી શકયો. બાળકો મોબાઈલમાં એ પ્રમાણે મગન હોય છે કે તેમને ન પોતાની તાલીમની ફિકર હોય છે ન ખાવા પીવાનો ખયાલ હોય છે. એ જ પ્રમાણે આપણા નવયુવાન મોબાઈલ પર ગાયનો સાંભળવા, સિરિયલ જોવા અને ગલત દશ્યો બલ્કે મઆઝલ્લાહ બ્લુ ફિલ્મો જોવા માટે તેનો ઉપયોગ કરે છે. આપણા એ નવયુવાન ભૂલી જાય છે કે તેમના ખાલિક઼ તથા માલિક અલ્લાહ ﷻથી તેમનો કોઈ અમલ છુપો નથી. રબ તઆલા જાહેર તથા બાતિન સૌને એક સમાન જુએ છે, બલ્કે એની શાન એ છે કે એ સીનાઓમાં છુપાયેલ રાઝો રહસ્યોને પણ જુએ છે.

## ★ નવયુવાન પેઢી અને ઈન્ટરનેટનો ઉપયોગ ★

આજે દુનિયામાં ૯૯% લોકો બાકાયદા ઈન્ટરનેટનો ઉપયોગ કરે છે. ઈન્ટરનેટથી માહિતગાર છે. આ ટેકનોલોજીને દિન પ્રતિ દિન અર્વાચીન બનાવવામાં આવી રહી છે, પરંતુ એનો ઉપયોગ મોટાભાગે ગલત તરીક઼ાથી કરવામાં આવી રહ્યો છે. સામાન્યપણે ઈન્ટરનેટનો અધિક ઉપયોગ સમાજમાં નકારાત્મક પ્રવૃત્તિઓ અને ગૈર સામાજિક પ્રવૃત્તિઓનો સબબ બની રહેલ છે. ઈન્ટરનેટના અધિક ઉપયોગથી નવયુવાન વર્ગ સામાજિક સંબંધોની કમીનો શિકાર બની રહ્યો છે. પહેલાં લોકો એક માધ્યમથી એકબીજાની સાથે મળતા હતા. અને એકબીજાની પાસે રોકાતા હતા, પરંતુ આ ક્રિયાઓ ખત્મ થઈ ચૂકી છે જેના લીધે સામાજિક સંબંધો બુરી રીતે અસર પામ્યા છે. લોકો દરેક મામલાને ઈન્ટરનેટના થકી લે છે જેના કારણે કિતાબોના વાંચનનું આકર્ષણ ખતમ થતુ જોવામાં આવી રહ્યું છે. અમુક સમયે લોકો ઈન્ટરનેટ થકી અસભ્ય તથા ગૈર ક઼ાનૂની કૃત્યો અંજામ આપે છે.


અધિક સમય સુધી સતત કોમ્પ્યુટર તથા ઈન્ટરનેટ પર કામ કરવાથી આંખો કમજોર થઈ રહી છે. મહેફિલોની રોનકો ઈન્ટરનેટના કારણે તબાહ થઈને રહી ગઈ છે. લોકોમાં આપસમાં મળવા

જુલવાનો શોખ પણ ખતમ થતો જઈ રહ્યો છે. ઈન્ટરનેટ થકી બદમાશ તત્વો ધાર્મિક મતભેદોના થકી વિખવાદ ફેલાવે છે. રાજકીય નિવેદનબાજી પણ કરવામાં આવે છે જેના કારણે સમાજમાં અવ્યવસ્થા ફેલાય છે. ઈન્ટરનેટનો અધિક ઉપયોગ નવયુવાનોમાં ડિપ્રેશનનો સબબ બની જાય છે. ઈન્ટરનેટનો અખ્લાક વિરૂધ્ધનો ઉપયોગ દિન પ્રતિ દિન વધતો જઈ રહ્યો છે જેથી એની નુકસાનકારક અસરો પ્રતિ ધ્યાન કરવું જોઈએ અને તેનો ઉપયોગ કરનારાઓને તેના નુકસાનોથી પણ માહિતગાર કરવા જોઈએ. નવયુવાન પેઢી, બાળકો મોટાભાગે પશ્ચિમી અંદાઝની ફિલ્મોની અસરોથી માબાપની નાફર્માની પર ઉતરે છે, એટલા માટે બાળકોને ખાસ કરીને ઈન્ટરનેટના ગલત ઉપયોગથી બચાવવાં જોઈએ.

આજના આ અર્વાચીન યુગમાં ઈન્ટરનેટની અસર એટલી વિસ્તાર પામી ચૂકી છે કે કોઈ વિચારી પણ નથી શકતું કે ઈન્ટરનેટ માનવીની પાયાની જરૂરત બની ચૂક્યું છે. ઈન્ટરનેટના ફાયદાઓને લક્ષમાં રાખીને આજકાલ દુનિયાના દરેક દેશો, દરેક નાનાં મોટાં શહેરોમાં નવયુવાનો ઈન્ટરનેટનો ઉપયોગ કરી રહ્યા છે. ઈન્ટરનેટનો ઉપયોગ ન કેવળ નવયુવાનો બલ્કે દરેક ઉમરના લોકો માટે ખૂબ જ મહત્વનો બની ચૂકેલ છે. આજકાલ આધુનિક ટેકનિકવાળા તથા પ્રગતિશીલ દૌરમાં ઈન્ટરનેટનો ઉપયોગ ઘણુ જ મહત્વ પામી ચૂકેલ છે. ઓફિસો હોય કે ઘર, સ્કૂલ, કોલેજો દરેક જગાએ ઈન્ટરનેટના ઉપયોગ વિના કાંઈ પણ કામ અંજામ આપવામાં નથી આવતુ. ઈન્ટરનેટના થકી સ્ટુડન્સ્ જાણકારીને દોસ્તોની સાથે શેર કરે છે. ઈન્ટરનેટના ઉપયોગ થકી આજની દુનિયા ખૂબ જ પ્રમાણમાં બિઝનેસ પણ કરી રહી છે. આજકાલ લોકો ઈન્ટરનેટ સ્ટુડન્ટસ્ શોપિંગ કરવાનું અધિક પસંદ કરે છે. ઈન્ટરનેટના કારણે આજે દુનિયા ગ્લોબલ વિલેજ બની ગઈ છે, જ્યાં આપ પોતાની રાય દુનિયાના અન્ય દેશોના લોકો સુધી પહોંચાડો છો. ઈન્ટરનેટ વર્તમાનકાળ અને ભવિષ્યકાળ ના માટેની એક ઘણી જ મહત્વની શોધ છે. વિદ્યાર્થીઓએ જોઈએ કે તેઓ આ સહૂલતોથી વધુ ને વધુ ફાયદો હાંસલ કરે અને તેનો ઉપયોગ પોઝિટિવ તરીકાથી કરે અને દેશ તથા કૌમની પ્રગતિમાં પોતાનો રોલ અદા કરે. આ આધુનિક યુગમાં જેવી રીતે લોકો ટેલીફોન તથા મોબાઈલને જરૂરતના રૂપે વાપરે છે, તેવી જ રીતે કેટલાક લોકો એના થકી પોતાના તથા અન્યોના કિંમતી સમયોને પણ બર્બાદ કરે છે.

ટેલીફોન કરવાના નિયમોમાં એ વાત પણ સામેલ છે કે જો કોઈની સાથે લાંબી વાત કરવી હોય તો તેને પૂછી લો કે મારે જરા લાંબી વાત કરવી છે, તો જો આપ અત્યારે ફ્રી હોવ તો અત્યારે કરી લઉં, અને જો ફ્રી ન હોવ તો કોઈ યોગ્ય સમય બતાવી દો એ વખતે વાત કરી લઈશ.

આજકાલ મોબાઈલ દરેકના હાથમાં છે, તેની જરૂરતથી કોઈને ઈન્કાર નથી પરંતુ એનો ગલત ઉપયોગ લોકોના સમયની બર્બાદી તથા તકલીફનો સબબ બની રહ્યો છે. અમુક લોકો વિના જરૂરત મેસેજ મોકલી દે છે અને મિસ કોલ્સ કરવા અને રોંગ નંબર મિલાવવા તો અમુક લોકોની આદત બની ચૂકી છે, તે લોકો એવું નથી વિચારતા કે જેને મિસ કોલ કરવામાં આવી રહેલ છે તે વ્યસ્ત હશે. *–(ક્રમશઃ)*



**અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરા**ના મેમ્બર બનવા માટે
ફક્ત **રૂા. ૮૦૦/-** મોકલી વર્ષ દરમિયાન છપાતી તમામ કિતાબો મેળવો ! *–તંત્રી...*

| | | | | |
|---|---|---|---|---|
| બેંક ઓફ બરોડા | A/c. No. **34620100000301** **Islamic Welfare Mission** | **IFSC Code : BARB0DAYADR** પાંચમો અંક ઝિરો છે. | Phone pay Google pay **Mo. 9427464411** | WhatsApp No. **Mo.9664521477** |

રૂહાનિયત તથા તસવ્વુફના
વિષય પર વિશ્વ વિખ્યાત મક઼બૂલ કૃતિ

# કશ્ફુલ મહજૂબ

**(તસવ્વુફનાં રહસ્યો ખોલનાર કિતાબ)**

**(હફ્તો : ૭)**

**ફારસી લેખક** : વલીયે કામિલ હઝરત મખ્દૂમ સૈયદ અલી હજવૈરી **દાતા ગંજબખ્શ લાહોરી** رحمۃ اللہ علیہ

**ઉર્દૂ અનુવાદક : મુફ્તી ગુલામ મુઈનુદ્દીન નઈમી**

**ગુજરાતી અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી**

*اَلْحَمْدُ لِلّٰہ આ લેખમાળા ક્રમશઃ રજૂ કરતાં હું નાચીઝ ગુનેહગાર અલ્પજ્ઞાની ખુશી અનુભવું છું કે એક મહાન બુઝુર્ગની કૃતિને વાંચકો સમક્ષ રજૂ કરી રહ્યો છું. હઝરત દાતા ગંજબખ્શ લાહોરી رحمۃ اللہ علیہ ખૂબ જ પાયાના બુઝુર્ગોમાંથી છે. આપની વિશેષ શાન હાલ રજૂ કરી શકતા નથી પણ કેવળ એટલું જ કહેવું પૂરતુ સમજું છું કે, આ તે મહાન બુઝુર્ગ છે જેમના આસ્તાના પર સુલ્તાનુલ હિંદ, હઝરત ખ્વાજા મુઈનુદ્દીન હસન સંજરી ચિશ્તી رحمۃ اللہ علیہ જેવા બુઝુર્ગે અજમેર શરીફ આવતા પહેલાં ચાલીસ દિવસનો ચિલ્લો કર્યો હતો અને ત્યાંથી રૂહાની ફયઝ પામ્યા હતા. તો ત્યાંથી વિદાય વેળા ખ્વાજા સાહબે હઝરત દાતા ગંજબખ્શ رحمۃ اللہ علیہ વિશે ફર્માવ્યું કે :–*

*ગંજબખ્શ ફયઝે આ'લમ – મઝહરે નૂરે ખુદા*
*નાકિસારા પીરે કામિલ–કામિલારા રહનુમા*

*એવા મહાન બુઝુર્ગ હઝરત દાતા ગંજબખ્શની તસવ્વુફના વિષયે રહનુમા કિતાબ ''કશ્ફુલ મહજૂબ'' નો ધ્યાનપૂર્વક અભ્યાસ કરો તો જરૂર હિદાયત પામશો, ઈન્શાઅલ્લાહ ! –તંત્રી*

## ★ તસવ્વુફ (સૂફીપણુ, Sufism) ★

અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે :–

وَعِبَادُ الرَّحْمٰنِ الَّذِيْنَ يَمْشُوْنَ عَلَى الْاَرْضِ هَوْنًا وَّاِذَا خَاطَبَهُمُ الْجَاهِلُوْنَ قَالُوْا سَلَامًا

અને રહમાનના તે બંદાઓ કે જેઓ જમીન પર ધીમેથી ચાલે છે, અને જ્યારે જાહિલ તેમનાથી વાત કરે છે તો કહે છે બસ સલામ. *(સૂ. ફુર્કાન, ૨૫/૬૩)*

રસૂલુલ્લાહ ﷺનો ઈર્શાદ છે :–

مَنْ سَمِعَ صَوْتَ اَهْلِ التَّصَوُّفِ فَلَا يُؤْمِنُ عَلٰى دُعَائِهِمْ كُتِبَ عِنْدَ اللّٰهِ مِنَ الْغَافِلِيْنَ

''જે સૂફીઓનો અવાજ સાંભળે અને તેમની દુઆ પર આમીન ન કહે તે અલ્લાહની નજીક ગાફિલોમાં ગણના પામશે.''

ઈલ્મવાળા હઝરાતે તસવ્વુફ નામની તેહક઼ીક઼માં ઘણુ બધુ કહ્યું છે અને કિતાબો લખી છે. જેમ કે ઈલ્મવાળાઓની એક જમાઅત કહે છે, સૂફીને એટલા માટે સૂફી કહેવામાં આવે છે કે તે સૌફના કપડાં પહેરે છે, અને અમુક કહે છે કે તેઓ પહેલી સફમાં હોય છે. અને એક જમાઅત એવું કહે છે કે તેઓ સુફફાવાળાઓનું નાયબપણુ કરે છે. અમુકે કહ્યું કે એ નામ સફાથી નીકળ્યું છે, સારાંશ કે નામ વિશે દરેક કારણમાં તરીકતની અનોખી વાતો છે, પરંતું જો શાબ્દિક અર્થનો એતબાર કરવામાં આવે તો અર્થ ભાવાર્થથી અલગ જ થઈ જાય છે, કેમ કે દરેક હાલતમાં જાહેર તથા અંતર (દિલી) સફાઈ મહમૂદ તથા પસંદીદા છે અને તેનું વિરૂધ્ધાર્થી ખરાબીથી બચવું જરૂરી છે, જેમ કે સૈયદે આલમ ﷺનો ઈર્શાદ છે : દુનિયાની પાકીઝગી જતી રહી અને તેની ખરાબી બાકી રહી. જેથી સૂફીમાં લતીફ તથા પાકીઝા ચીજોના નામથી એની સફાઈ મુરાદ છે. કેમ કે સૂફિયાએ કિરામ

પોતાના અખ્લાક઼ તથા મામલાઓ સુસભ્ય તથા પાકીઝા બનાવીને તબઈ (સ્વભાવિક) આફતોથી નફરત કરે છે એના કારણે એમને સૂફી કહે છે. સૂફીઓની જમાઅત (વર્ગ) માટે આ નામ અસ્માએ અઅલામ (ખાસ તથા નિશ્ચિત) નામોમાંથી છે, એટલા માટે કે તેમના ખતરાઓ (દિલના ખયાલો) તેમના મામલાઓની સરખામણીમાં જેમને તેઓ ગુપ્ત રાખે છે ખૂબ મોટા છે જેથી એમનું નામ એનાથી માખૂઝ (લીધેલુ) સમજવામાં આવે.

વર્તમાનકાળમાં હક્ક઼ તઆલાએ તસવ્વુફ અને સૂફિયાએ કિરામની પવિત્ર હસ્તીઓને મોટાભાગે પર્દામાં રાખેલ છે અને તસવ્વુફના લતાઈફને તેમના દિલોથી છુપાવેલ છે જેથી કોઈ તો એવું સમજે કે એ લોકો જાહેરી ઈસ્લાહ માટે રિયાઝતો કરે છે અને બાતિની મુશાહેદાઓથી ખાલી છે, અને કોઈ એવું સમજે કે અસલ અને હક઼ીક઼ત વિના આ એક રસમ છે ત્યાં સુધી કે તે તેના ઈન્કાર માટે ઉતરી આવે છે. જેમ કે મજાક મશ્કરી કરનારા અને જાહેર જોનારા ઉલમા જેઓ સંપૂર્ણપણે તેના મુન્કિર હોય તેઓ તસવ્વુફના પર્દામાં ખુશ રહે છે. તેમની દેખાદેખી અવામ પણ તેમની હામાં હા મિલાવવા લાગે છે, અને તેમણે બાતિનની સફાઈ તથા શોધને દિલથી કાઢી નાખીને સલફે સાલેહીન (પૂર્વજ બુઝુર્ગો) તથા સહાબાએ કિરામ رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَના મસ્લક તથા મઝહબને ભૂલાવી દીધો છે.

ان الصفا صفة الصديق اردت صوفيا على التحقيق

હક્ક઼ તથા સત્યના માર્ગમાં તમે સૂફી બનવા ચાહો તો જાણી લો કે સૂફી હોવું હઝરત સિદ્દીક઼ની સિફત (ખૂબી) છે. બાતિન (દિલ)ની સફાઈ માટે અમુક ઉસૂલ તથા ફુરૂઅ છે. એક ઉસૂલ તો એ છે કે દિલને ગૈરથી ખાલી કરે, અને ફુરૂઅ એ છે કે ધોકા પ્રપંચથી ભરપુર દુનિયાને દિલથી ખાલી કરે દે. **આ બંને સિફતો સૈયદના અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہની છે, એટલા માટે આ તરીક઼તના રહનુમાઓના ઈમામ છે, આપનુ દિલ મુબારક ગૈરોથી ખાલી હતું.**

હુઝૂરે અકરમ ﷺના વિસાલ બાદ જ્યારે સર્વ સહાબાએ કિરામ બારગાહે મુઅલ્લામાં ભગ્ન હૃદયે હાજર થયા તો સૈયદના ફારૂકે આ'ઝમ ઉમર બિન ખત્તાબ رضی اللہ عنہ તલ્વાર ખેંચીને ઉભા થયા અને ફર્માવવા લાગ્યા, જેણે પણ એવું કહ્યું કે રસૂલુલ્લાહનો ઈન્તેકાલ થઈ ગયો છે હું તેનું માથુ કાપી નાખીશ. એ વખતે સૈયદના અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ તશરીફ લાવ્યા અને મોટા અવાજે ખુત્બો આપ્યો :—

اَلَا مَنْ كَانَ يَعْبُدُ مُحَمَّدًا فَاِنَّ مُحَمَّدًا قَدْ مَاتَ وَمَنْ عَبَدَ رَبَّ مُحَمَّدٍ فَاِنَّهٗ حَيٌّ لَا يَمُوْتُ

ખબરદાર ! જે હઝરત મુહમ્મદની પૂજા કરતો હતો તે જાણી લે કે હુઝૂર ﷺનો વિસાલ થઈ ચૂક્યો છે, અને જે હઝરત મુહમ્મદના રબની ઈબાદત કરે છે તો જાણી લે કે તે ઝિંદા છે જેને મૌત નથી. ત્યારબાદ આ આયતે કરીમા તિલાવત કરી :—

وَ مَا مُحَمَّدٌ اِلَّا رَسُوْلٌ قَدْ خَلَتْ مِنْ قَبْلِهِ الرُّسُلُ اَفَاۡىِٕنْ مَّاتَ اَوْ قُتِلَ انْقَلَبْتُمْ عَلٰۤى اَعْقَابِكُمْ

"અને હઝરત મુહમ્મદ તો અલ્લાહના રસૂલ જ છે, બેશક ! આપનાથી પહેલાં ઘણા બધા રસૂલ ગુજરી ચૂક્યા છે, તો શું હવે હુઝૂર ઈન્તેકાલ કરી જાય અથવા શહીદ કરી દેવામાં આવે તો પોતાની એડીઓ ભેર પલ્ટી જશો ?" *(સૂ. આલે ઈમરાન, ૩/૪૪)*

મતલબ એ હતો કે જો કોઈ એવું સમજી બેઠો હતો કે હુઝૂર મઅબૂદ હતા તો જાણી લે કે હુઝૂરનો વિસાલ થઈ ચૂક્યો છે, અને જો તે હુઝૂરના રબની ઈબાદત કરતો હતો તો તે ઝિંદા છે કદાપિ એના પર મૌત નથી આવવાની. એટલે કે જેનું દિલ ફાનીથી સંકલિત હોય છે, તો એ ફાની તો ફના થાય છે અને

તેનો રંજ બાકી રહી જાય છે પરંતુ જેનું દિલ હઝરત હક્ક઼ સુબ્હાનહૂથી લાગેલુ હોય તો જ્યારે નફસ ફના થઈ જાય છે તે બકાએ બાકી દિલની સાથે બાકી રહે છે. હકીકત એ છે કે **જેણે હુઝૂરે અકરમ ﷺને બશરિયતની આંખથી જોયા (અને આપને પોતાના જેવા બશર સમજ્યા) તો જ્યારે આપ દુનિયથી તશરીફ લઈ જશે તો આપની તે તાઝીમ જે એના દિલમાં છે તે જતી રહેશે. અને જેણે આપને હક઼ીક઼તની આંખથી જોયા તો એના માટે આપનું તશરીફ લઈ જવું કે મૌજૂદ રહેવું બંને બરાબર છે**, એટલા માટે કે તેણે આપની મૌજૂદગી તથા બક઼ાની હાલતને હક્ક઼ તઆલાથી બક઼ા (બાકી રહેવું)ની સાથે, અને આપના તશરીફ લઈ જવાને હક્ક઼ તઆલાની વાસિલ (મળવું) તથા ફના થવાને તથા પલટવાને તથા ફના થનારી ચીજોથી વિમુખ થઈને તથા ફના કરનારી જાતની તરફ ધ્યાનિત થવાને જોયું. જાણે તેણે પલટનારા વજૂદને પલટનારી જાતની સાથે કાયમ જોયા. હક્ક઼ તબારક વ તઆલાની જે રીતે તાઝીમ તથા ઈજ્જત કરવામાં આવે છે એ જ પ્રમાણે તે અસલ વજૂદની તાઝીમ તથા ઈજ્જત કરી. જેથી દિલની રાહો કોઈ મખ્લૂક઼ના માટે ન ખોલે અને પોતાની નજરો કોઈ ગૈરની તરફ ન ફેલાવે, કેમ કે : مَنْ نَظَرَ إِلَى الْخَلْقِ هَلَكَ وَمَنْ رَجَعَ إِلَى الْحَقِّ مَلَكَ જેણે મખ્લૂક પર નજર નાખી તે હલાક (નષ્ટ) થયો અને જેણે હક્ક઼ની તરફ રુજૂઅ કર્યું તે માલિક થયો.

હઝરત સિદ્દીક઼ અકબર رضی اللہ عنہની બીજી શાન કે આપનું મુબારક દિલ ગદ્દાર દુનિયાથી ખાલી હતું. તેની કૈફિયત એ છે કે આપની પાસે જેટલો માલ સંપત્તિ તથા ગુલામ તથા ચાદરો વગેરે હતાં સર્વ કાંઈ રાહે ખુદામાં આપીને એક કંબલ ઓઢીને બારગાહે રિસાલતમાં હાજર થઈ ગયા. એ વખતે હુઝૂર ﷺએ પૂછયું. مَا خَلَّفْتَ لِعِيَالِكَ فَقَالَ اللهَ وَرَسُولَهُ "હે સિદ્દીક઼ ! તમે તમારાં ઘરવાળાઓ માટે શું છોડયું ?" અર્ઝ કરી "અલ્લાહ અને તેના રસૂલ" એટલે કે હુઝૂર ﷺએ પૂછયું, તમે તમારા માલમાંથી તમારા ઘરવાળાઓ માટે શું છોડયું ? તેમણે અર્ઝ કરી, ઘણો જ મોટો ખજાનો અને અને ખૂબ અધિક માલ સામાન છોડયો છે. ફર્માવ્યું, એ શું ? અર્ઝ કરી, એક તો અલ્લાહની મહોબ્બત બીજુ તેના રસૂલની પયરવી.

જ્યારે બંદાનું દિલ દુનિયવી સિફતોથી આઝાદ થઈ જાય છે તો અલ્લાહ તઆલા દુનિયવી ખરાબીઓથી તેને પાક તથા સાફ કરી આપે છે. આ સર્વ સિફતો (ગુણો) સાચા સૂફીના છે તેનો ઈન્કાર હક્ક઼ની હક઼ીક઼તનો ઈન્કાર અને તેનાથી ઉઘાડી દુશ્મની છે.

હું કહું છું સફા (પવિત્રતા, સફાઈ) એ કદુરત (ખરાબી, નાપાકી, મલિનતા)નું વિરૂધ્ધાર્થી છે, અને ખરાબી એ માનવીય ખાસિયતોમાંથી છે. હક઼ીક઼તમાં સૂફી તે છે જે માનવીય ખરાબીઓથી નીકળી જાય. જેમ કે મિસ્રની સ્ત્રીઓએ હઝરત યૂસુફ علیہ السلامને જ્યારે જોયા અને આપના હુસ્નો જમાલની ખૂબસૂરતીમાં ડૂબી ગઈ તો તેમના પર બશરિયત (માનવપણુ) ગાલિબ આવી ગયું. પછી જ્યારે તે પલટીને પરત આવ્યા અને તેનો છેડો કમાલના હદે પહોંચ્યો અને તેનાથી પસાર થઈને બશરિયતની ફના પર નજર પડી તો કહેવા લાગી," આ તો માણસ છે જ નથી !" તેમણે પોતાની વાતનો નિશાનો જાહેરી રીતે તેમને બનાવ્યા પરતું તેમણે આ રીતે પોતાનો હાલ જાહેર કર્યો હતો. એટલા માટે તરીકતના મશાઈખ ફર્માવે છે, સફાની હાલત : બશરી સિફાત (માનવીય ખૂબીઓ)માંથી નથી, એટલા માટે કે માનવ તો માટીનો એક ઢગલો છે અને માટીનો ઢગલો મેલાપણા (કદુરત)થી ખાલી નથી હોતો. જેથી માનવ હાલતમાં યથાવત રહીને મલિનતાથી છૂટકારો પામવો શક્ય નથી એટલા માટે સિફતોનું દષ્ટાંત અફઆલ

(ફેઅલો)થી ન થશે. અને કેવળ રિવાયત તથા મુજાહિદાથી બશરીયત ઝાઈલ (નષ્ટ) ન થશે, કેમ કે સફાની સિફત અફઆલ તથા અહવાલથી સંબંધિત નથી અને ન નામ તથા લક્બોથી તેને કોઈ સંબંધ છે. એટલા માટે કે :–

الصَّفَا صِفَةُ الْأَحْبَابِ وَهُمْ شُمُوسٌ بِلَا سَحَابٍ ''સફા (પાકીઝગી) તો મહબૂબોની શાન છે, તે તો ચમકતો સૂરજ છે જેના પર કોઈ વાદળ નથી.''

મતલબ એ છે કે સફા દોસ્તોની સિફત (ગુણ) છે આ દોસ્ત તે છે જે પોતાની સિફત ફના કરીને પોતાના દોસ્ત હક્ક્ તઆલાની સિફતની સાથે બાકી રહી ગયા છે. હાલવાળાઓની નજીક દોસ્ત તે જ હોય છે જેમના અહવાલ સૂરજની જેમ જાહેર થાય. જેમ કે હબીબે ખુદા મુહમ્મદ મુસ્તફા صلی اللہ علیہ وسلمથી સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْنَએ હઝરત હારિષાના બારામાં પૂછયું તો આપે ફર્માવ્યું : عَبْدٌ نَوَّرَ اللّٰهُ قَلْبَهٗ بِالْإِيْمَانِ ''તે એવો બંદો છે જેના દિલને અલ્લાહ તઆલાએ ઈમાનથી મુનવ્વર કર્યો છે, ત્યાં સુધી કે તેનો ચહેરો એની તાષીરથી પ્રકાશિત અને રબ્બાની નૂરથી ચમકે છે. કોઈ બુઝુર્ગે શું સરસ ફર્માવ્યું છે : (અર્થ) ''જ્યારે સૂરજ તથા ચાંદના પ્રકાશો આપસમાં મળી જાય છે તો તેનું દષ્ટાંત મહોબ્બત તથા તૌહીદની સફાઈથી છે જ્યારે કે બંનેવ મિશ્ર થઈ જાય.''

હક્ક્ તઆલાની તૌહીદ તથા મહોબ્બત જે જગાએ એવા મક઼ામ પર મળી જાય કે એકની નિસ્બત બીજાની તરફ થવા લાગે તો આફતાબ તથા માહતાબ (સૂર્ય તથા ચાંદ)ના પ્રકાશની હૈષિયત ત્યાં શું છે ? કેમ કે દુનિયામાં આ બંનેના પ્રકાશ કરતાં અધિક રોશન કોઈ ચીજ નથી જે કમાલની ખૂબી અને નૂરી બુરહાનમાં એનાથી વધીને હોય, કેમ કે આંખો સૂર્ય તથા ચંદ્રના નૂરને જોવાથી આજિઝ રહે છે. અલ્બત્ત, એ બંનેના નૂરના ગલ્બાથી આસ્માનને જોઈ લે છે. એ જ પ્રમાણે મોમિન મુખ્લિસનું દિલ મઅરેફત, તૌહીદ તથા મહોબ્બતના નૂરથી અલ્લાહના અર્શને જોઈ લે છે અને દુનિયામાં આખેરતના હાલાતથી બાખબર થઈ જાય છે.

તમામ મશાઈખે તરીક઼તનો એના પર ઈજમાઅ છે કે બંદો જ્યારે મક઼ામોના બંધનોથી આઝાદ થઈ જાય છે અને અહવાલથી ખાલી થઈને પરિવર્તન તથા રૂપાંતરણની હદોથી નીકળી જાય છે તો તે સર્વ અહવાલે મહમૂદા (પસંદીદા હાલતો)થી સંકલિત થઈ જાય છે અને સર્વ બશરી સિફતો (માનવીય ખાસિયતો)ની ખરાબીઓથી છૂટકારો પામી લે છે. એટલે બંદો જ્યારે દિલમાં કોઈ પ્રશંસા તથા વખાણથી ન આનંદ પામે છે ન પોતાનામાં કોઈ ખૂબીને જોઈને આશ્ચર્ય પામે છે, એવા બંદાઓની હાલતોને સમજવાથી સામાન્ય બુધ્ધિઓ લાચાર છે, અને વહેમ તથા ગુમાનની પહોંચથી તેમની જિંદગી પાક સાફ હોય છે ન તેમના હુઝૂરને ઝવાલની અને ન તેમના વજૂદના માટે સબબોની હાજત છે.

لِاَنَّ الصَفَا حُضُورٌ بِلَا ذِهَابٍ وَ وَجُودٌ بِلَا أَسْبَابٍ એટલા માટે સફાના માટે વિના કારણે ઝવાલના માટે હુઝૂર અને સબબ વિના વજૂદ જરૂરી છે.

પરંતુ જો ગુયૂબિયતનો એના પર ગલ્બો (પ્રભાવ) થઈ જાય તો હુઝૂર નથી રહી શકતો. એ જ પ્રમાણે જો એના વજૂદના માટે સબબ હોય તો તે વિજદાની થઈ જશે, વાજિદ (વજૂદ આપનાર) ન રહેશે. અને જે રબના હુકમોની હિફાઝત મુશ્કેલ હોય છે તે આસાન થઈ જાય છે. જેમ કે હારિષા رضی اللہ عنہ જ્યારે બારગાહે રિસાલતમાં હાજર થયા તો તેમને હુઝૂરે અકરમ صلی اللہ علیہ وسلمએ પૂછયું, હે હારિષા ! કઈ હાલતમાં તમે સવાર કરી ? તેમણે અર્ઝ કર્યું,

અલ્લાહની હક્કાનિયત પર ઈમાન રાખીને રાત પસાર થઈ. હુઝૂર ﷺએ ફર્માવ્યું, હે હારિષા ! વિચારણા કરો શું કહી રહ્યા છો ? કેમ કે દરેક ચીજની એક હકીકત હોય છે, તમારા ઈમાનની હક઼ીક઼ત તથા દલીલ શું છે ? તેમણે અર્ઝ કર્યું, મેં પોતે પોતાને દુનિયાથી સંબંધ કટ કરીને મારા રબને પહેચાન્યો છે, એની નિશાની એ છે કે હવે પથ્થર સોનુ, ચાંદી અને માટી મારા નજીક સૌ બરાબર છે, કેમ કે દુનિયાથી બેઝાર થઈને આખેરતથી લૌ લગાડી રાખી છે. મારો હાલ એ છે કે રાતે જાગતો રહું છું અને દિવસે ભૂખ્યો તરસ્યો (રોઝા રાખુ છું). હવે મારી કેફિયત એવી થઈ ગઈ છે કે જાણે હું મારા રબના અર્શને સ્પષ્ટપણે જોઈ રહ્યો છું. એક રિવાયતમાં એ છે કે (જન્નતીઓને) મુલાકાત કરતા જન્નતમાં જોઈ રહ્યો છું અને એ કે જહન્નમીઓને આગમાં એકબીજાથી કુશ્તી કરતાં પણ જોઈ રહ્યો છું. એક રિવાયતમાં છે કે શર્મસાર જોઈ રહ્યો છું. એના પર હુઝૂરે અકરમ ﷺએ ફર્માવ્યું فالزم હે હારિષા ! તમે ઈમાનની હક઼ીક઼ત પામી લીધી, હવે એના પર કાયમ રહો. આપે ત્રણવાર ફર્માવ્યું.

## ★ કામિલ અવલિયાના નામ ★

અવલિયાએ કામિલીન તથા મુહક્કિ઼ક઼ીન આરિફોનું નામ સૂફી છે. આ બાસફા વર્ગ આ નામથી પુકારવામાં આવે છે. એક બુઝુર્ગે ફર્માવ્યું, ''જેની મહોબ્બત પાક તથા સાફ છે તે સાફી છે, અને જે દોસ્તમાં ડૂબી જઈને ગૈરથી બેપરવા હોય તે સૂફી છે.

જેથી શબ્દકોશના એતબારથી તેના કાઢેલા અર્થ કોઈ ચીજની સાથે સહી નથી બનતા, કેમ કે આ શબ્દનો આ અર્થ શબ્દકોશના આ અર્થથી ખૂબ જ ઉચ્ચ સ્થાને છે. આ અર્થની કોઈ જિન્સ (જાતી) નથી જેનાથી એને માખૂઝ (કાઢવામાં આવેલ) ઠરાવી દેવામાં આવે, એટલા માટે કે કોઈ. ચીજનું કોઈ ચીજથી લેવું કે નીકળવું જિન્સિયત (સમજાતી)નો તકાઝો રાખે છે. અને જેનાથી કદુરત (ખરાબી) હોય તે સાફ સ્વચ્છ (પાકીઝા)નું વિરૂધ્ધાર્થી હોય છે અને કોઈ ચીજને વિરૂધ્ધાર્થીથી નથી કાઢવામાં આવતું. જેથી આરિફોની નજીક આ અર્થ ધોળા દિવસની જેમ સ્પષ્ટ છે, એના માટે ન કોઈ તા'બીરની જરૂરત છે ન કોઈ ઈશારાની. એટલા માટે કે સૂફીના અર્થના માટે ઈબાદત (વાક્ય) કે નિર્દેશની મનાઈ છે.

મુહક્કિ઼ક઼ોની નજીક જ્યારે એ વાત સાબિત થઈ ગઈ કે સૂફીની વ્યાખ્યા વાક્યો વડે કરવી મના છે ઈલ્મની દરેક ચીજ તેની તાબીરો છે, ચાહે તેમને એનો ઈલ્મ હોય કે ન હોય. જેથી અર્થ હાંસલ કરવા માટે આ નામની શબ્દોમાં વ્યાખ્યાની તદન હાજત નથી. (સમજ પામવા માટે એટલુ જાણી લો કે) મશાઈખે તરીક઼ત અને હક઼ીકતના આરિફોને સૂફી કહે છે અને મુરીદો તથા સંબંધ રાખનારાઓ અને મઅરેફતના સાલિકો (મઅરેફતની રાહે ચાલનારાઓ)ને મુતસવ્વિફ (સૂફી બનનાર) કહે છે. –*(ક્રમશઃ)*


**આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہનો કરેલ કુર્આન શરીફનો શ્રેષ્ઠ તર્જુમો તથા હઝરત સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદી رحمۃ اللہ علیہની લખેલ ઉમદા તફસીર એટલે.....**

**:: પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન ::**
**સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**
C/o. ફયઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા,
તા. જિ. ભરૂચ, ગુજરાત,
ફોન : ૦૨૬૪૨–૨૮૦૦૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

**કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન**
*(ગુજરાતી તર્જુમા સાથે)*
અનુવાદક : મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ
હદિયો : રૂા. ૫૫૦/– (ટપાલ ખર્ચ રૂા.૧૫૦ અલગ)

# ઝર્બે હૈદરી

(હફ્તો : ૫)

**અઝ** : શયુખલ હદીષ વત્તફસીર પીર સાંઈ

**ગુલામરસૂલ કાસમી કાદરી નક્શબંદી** دام ظلہ العالی

**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી**

*વર્તમાન સમયમાં કેટલાક કહેવાતા સુન્નીઓમાં શીઆઈયત જેવા ખયાલોનો પગપેસારો થઈ રહ્યો છે જેનાથી ઘણા સુન્ની ભાઈઓ ગુમરાહીનો શિકાર થઈ રહ્યા છે, એવા સમયે 'અહલે સુન્નત વ જમાઅત'નો હક્ક મઝહબ સુન્ની હઝરાત સમક્ષ રજૂ કરી ઈમાનની સલામતીનો માર્ગ સમારતી આ કિતાબ **'ઝર્બે હૈદરી'** નામથી અત્રે લેખમાળા રૂપે રજૂ કરીએ છીએ જે કુર્આન, હદીષ તથા ઉલમાના અકવાલથી રાફઝિયતના અંધકારને દૂર કરી અહલે સુન્નતની રોશની ફેલાવવા માટે ખૂબ જ સહાયકર્તા છે. એને જરૂરથી વાંચો વંચાવો અને ઈમાનમાં તાજગી મેળવો.*

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## ★ મૌલા અલી کرم اللہ وجہہ الکریم ના ઈર્શાદો ★

**(૧)** હઝરત મુહમ્મદ બિન હનફિય્યહ رحمۃ اللہ علیہ વાળી હદીષ ચાર યારની ઈસ્તેલાહવાળી વાતના હેઠળ વર્ણન થઈ ચૂકી છે. *(બુખારી, હદીષ નં. ૩૬૭૧, અબૂ દાઊદ, હદીષ નં. ૪૬૨૯)*

એની શરહમાં અમે આ હદીષ લખી દેવામાં કોઈ વાંધો મેહસૂસ નથી કરતા કે : અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે,

اَبُوْ بَكْرٍ وَعُمَرُ خَيْرُ الْأَوَّلِينَ وَالْآخِرِينَ وَ خَيْرُ أَهْلِ السَّمٰوَاتِ وَ خَيْرُ أَهْلِ الْأَرْضِينَ إِلَّا النَّبِيِّينَ وَالْمُرْسَلِينَ

**"અબૂબક્ર તથા ઉમર આગલા પાછલા સર્વ લોકો અને જમીન તથા આસ્માનના સર્વ લોકો કરતાં અફઝલ છે સિવાય નબીઓ તથા રસૂલોના.** *(અલ મોઅતલિફ વલ મુખ્ત લિફ લિ દારકુત્ની, ૩/૧૦૭, ઈબ્ને અદી, ૨/૧૮૦ વ કાલ મુન્કર, તારીખે બગદાદ લિલ્ ખતીબ, ૫/૨૫૨, ઈબ્ને અસાકિર, ૩૦/૧૮૨, અલ ફત્હુલ કબીર લિલ સિયૂતી, ૧/૨૨, વ કાલ ઝઈફ, મુસ્નદે ફિરદોસ, ૧/૪૩૮, હદીષ નં. ૧૭૮૩, અસ્સુન્નહ લિલ્ ઈમામ અહમદ બિન મુહમ્મદ અલ ખિલાલ, હદીષ–૩૭૭,*

هذا منقطع و قال الخلال : هذه الذي اتضح من الاسناك

*મરામુલ કલામ, પેજ–૪૬, મત્લઉલ કમરૈન, પેજ–૧૧૫, કલમી વ ઈઝાહ ઈલલ્હાકિમ ફિલ્કના વલ્ખતીબ વ ઈબ્ને અદી વકાલ ઝુઝહબી મૌઝૂઅ, મીઝાનુલ એઅ્તેદાલ, ૨/૧૧૧)*

**(૨)** હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ફર્માવે છે કે હું લોકોમાં ઉભેલો હતો, લોકો ઉમર બિન ખત્તાબના માટે અલ્લાહથી દુઆ કરી રહ્યા હતા અને આપને આપની ચારપાઈ પર રાખવામાં આવ્યા હતા. એક માણસ મારી પાછળ હતો જેણે પોતાનો કોણી મારા ખભા પર રાખેલી હતી. તે કહી રહ્યો હતો : અલ્લાહ તારા પર રહમત ફર્માવે, મને યકીન હતું કે અલ્લાહ તને તારા બંને યારોથી મિલાવી દેશે. હું રસૂલુલ્લાહ ﷺને ખૂબ જ અધિક પ્રમાણમાં સાંભળ્યા કરતો હતો કે, હું તથા અબૂબક્ર અને ઉમર હતા, મેં તથા અબૂબક્ર અને ઉમરે આવું કર્યું, હું તથા અબૂબક્ર અને ઉમર ગયા. મને યકીન હતું કે અલ્લાહ તઆલા તને એ બંનેવથી મિલાવી દેશે. મેં પાછળ ફરીને જોયું તો તે હઝરત અલી ઈબ્ને અબી તાલિબ હતા. *(મુસ્લિમ, હ–૬૧૮૭, બુખારી, હ–૩૬૭૭, ૩૬૮૫, ઈબ્ને માજહ, હ–૯૮, શરહુસ્સુન્નહ, હ–૩૯૯૦)*

**(3)** હઝરત અલી શેરે ખુદા رضی اللہ عنہએ ફર્માવ્યું કે **રસૂલુલ્લાહ ﷺ પછી તમામ લોકો કરતાં અફઝલ અબૂબક્ર છે અને અબૂબક્ર બાદ સૌથી**

**અફઝલ ઉમર છે.** *(ઈબ્ને માજહ, હ-૧૦૬, મુસ્નદે અહમદ, હ-૮૩૬ થી ૮૪૦, ૮૭૪, ૮૧૧ થી ૮૮૩, ૯૧૧, ૯૨૫, ૯૩૫ થી ૯૩૭, ૧૦૩૪ થી ૧૦૩૬, ૧૦૪૪, ૧૦૫૫, ૧૦૫૬, ૧૦૮૫, ઈબ્ને અબી શયબા, ૮/૫૭૪, અસ્સુન્નહ લિઅબ્દિલ્લાહ ઈબ્ને અહમદ, હ-૧૨૯૮ થી ૧૩૦૮, ૧૩૧૪ થી ૧૩૨૬, અસ્સુન્નહ લિબ્નિ અબી આસિમ, હ-૧૨૩૪ થી ૧૨૩૯)*

આ હદીષ મૌલા અલી رضی اللہ عنہથી તવાતુરની સાથે નકલ થયેલ છે. તેમની અમુક અસ્નાદ સહીહ, અમુક હસન અને અમુક ઝઈફ છે. એનાથી મજમૂઈ સિહતમાં અધિક વધારો થઈ ગયો. ઝહબી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُએ લખ્યું છે કે આ વાત આપ رضی اللہ عنہથી મોટા સમૂહ થકી તવાતુરની સાથે નક્લ થયેલ છે અને એને રિવાયત કરનારાઓની સંખ્યા ૮૦ બતાવવામાં આવે છે. અને ફર્માવ્યું કે, અલ્લાહની ક઼સમ આ હઝરત અલી رضی اللہ عنہનું જ ફર્માન છે જે આપે કૂફાના મિમ્બર પર ફર્માવ્યું. અલ્લાહ ખરાબ કરે રાફઝીઓને એ કેવા જાહિલ છે. આ હદીષ સૈયદના અલી رضی اللہ عنہથી તવાતુરની સાથે નકલ થયેલ છે, અલ્લાહની લઅનત થાય રાફઝીઓ પર, એ કેવા જાહિલ છે. *(તારીખુલ ઈસ્લામ, ૩/૧૧૫, અલ મુન્ત઼કા મિન મિન્હાજુલ એ'તેદાલ, પેજ-૩૬૧, તારીખુલ ખુલફા, પેજ-૩૮, સવાઈકે઼ મુહર્રિકા, પેજ-૬૦)*

અલ્લામા ઈબ્ને કષીર رحمۃ اللہ علیہ લખે છે : "સૈયદના અલીયે મુર્તઝા رضی اللہ عنہથી તવાતુરની સાથે સાબિત છે કે આપે કૂફાના મિમ્બર પર ફર્માવ્યું કે, હે લોકો ! આ ઉમ્મતમાં એના **નબી બાદ સૌથી અફઝલ અબૂબક્ર છે, પછી ઉમર છે,** અને જો હું ચાહું તો ત્રીજાનું પણ નામ બતાવી દઉં." *(અલ બિદાયા વન્નિહાયા, ૭/૩૨૧)*

**(૪)** હઝરત સિલહ બિન ઝુફર ફર્માવે છે કે હઝરત અલી رضی اللہ عنہની પાસે જયારે હઝરત અબૂબક્રનો ઉલ્લેખ થતો તો આપ ફર્માવતા : આ લોકો અગ્રતા લઈ જવાની વાત કરે છે ! ફર્માવ્યું, ક઼સમ છે એ જાતની જેની કુદરતના કબજામાં મારી જાન છે ! અને જયારે પણ કોઈ ભલાઈની તરફ વધ્યા છે અબૂબક્ર અમારી અગ્રતા લઈ ગયા છે.

**(૫)** હઝરત અલી અને ઝુબેર رضی اللہ عنہما ફર્માવે છે કે **અમે લોકો રસૂલુલ્લાહ ﷺના બાદ અબૂબક્રને ખિલાફતના સૌથી અધિક હક્ક઼દાર સમજતા હતા.** એનુ કારણ એ હતું કે તે સાહિબે ગાર ષાનીયે અષ્નૈન હતા અને અમે આપના શરફ તથા અઝમતને જાણતા હતા. રસૂલુલ્લાહ ﷺએ પોતાની મૌજૂદગીમાં તેમને લોકોને નમાઝ પઢાવવાનો હુકમ આપ્યો હતો. આ હદીષ સહીહ છે." *(મુસ્તદરક, હ-૪૪૭૮)*

**(૬)** સૈયદના અલી મુર્તઝા رضی اللہ عنہ ફર્માવે છે કે, મને એ જાતની ક઼સમ છે જેણે દાણાને ફાડીને છોડ કાઢયો અને ઝર્રાથી ઈન્સાનને પેદા કર્યો. જો રસૂલુલ્લાહ ﷺએ મને ખલીફા નિયુક્ત કર્યો હોત તો હું આપના ફર્માનના ખાતર જેહાદ કરત, જો મારી પાસે તલ્વાર ન હોત તો મારી ચાદર વડે જ વિરોધીઓ પર હુમ્લો કરી આપત, અબૂબક્રને રસૂલ ﷺના મિમ્બરનું એક પગથિયુ પણ ચઢવા ન દેત. પરંતું આપ ﷺએ મારા મર્તબા અને અબૂબક્રના મર્તબાને સારી રીતે સમજીને ફેંસલો આપ્યો અને ફર્માવ્યું, અબુબક્ર ! ઉભા થઈ જાવ અને લોકોને નમાઝ પઢાવો. આપે મને નમાઝ પઢાવવાનો હુકમ નથી આપ્યો. **જેથી રસૂલુલ્લાહ ﷺ જે શખ્સને અમારો દીની પેશવા બનાવવા માટે રાજી છે, અમે તેને અમારો દુનિયવી પેશવા બનાવવા પર કેમ રાજી ન થઈએ.** *(સવાઈકે઼ મુહર્રિક઼ા, પેજ-૬૨)*

મૌલા અલી کرم اللہ وجہہ الکریم ના આ ઈર્શાદે ગિરામીથી સ્પષ્ટ થઈ ગયું કે સૈયદના અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہને ખિલાફત મળતા પહેલાં જ દીનના પેશવા બનાવી

દેવામાં આવ્યા હતા. **બાતિની વિલાયત એટલે દીનની સયાદત (સરદારી) અને જાહેરી ખિલાફત એટલે દુનિયાની સયાદત, બંને ચીજો મૌલા અલીએ સિદ્દીક઼ે અકબરના હક્ક઼માં અલગ અલગ સ્વીકારી છે.** رضی اللہ عنہا

એક ખૂબ જ ધ્યાન પાત્ર મુદ્દો એ છે કે જો ધારો કે નબી કરીમ ﷺએ મૌલા અલી رضی اللہ عنہ ને ઈમામતના મુસલ્લા પર ઉભા કર્યા હોત તો રાફઝી તથા તફઝીલી કયામત ખડી કરી આપતા. જરા કલ્પનાની નજરે આ મુદ્દા પર વિચારણા કરી લો તો શાને અબૂબક્ર નિખરતી જશે અને અહલે સુન્નતની શરાફત તથા એઅતેદાલ (મધ્યમાર્ગીપણુ) સારી રીતે સ્પષ્ટ થઈ જશે.

**(૭)** જ્યારે સૈયદના અલી મુર્તઝા رضی اللہ عنہ ઝખ્મી થઈ ગયા તો લોકોએ આપને અર્ઝ કરી કે કોઈને અમારા પર ખલીફા નિયુક્ત કરી આપો. ફર્માવ્યું, તમને એ જ પ્રમાણે છોડીને જઈ રહ્યો છું જે પ્રમાણે અમને રસૂલુલ્લાહ ﷺએ છોડયા હતા. અમે અર્ઝ કર્યું, યા રસૂલલ્લાહ ! અમારા પર ખલીફા નિયુક્ત કરી આપો. આપે ફર્માવ્યું, **જો અલ્લાહ તઆલાએ તમારામાં ભલાઈ જોઈ તો આપોઆપ તમારામાંથી સૌથી સારા માણસને નિશ્ચિત કરી આપશે. હઝરત અલીએ હદીષ વર્ણવ્યા બાદ ફર્માવ્યું, અલ્લાહે અબૂબક્રને અમારા સૌ કરતાં બેહતર જાણ્યા અને તેમને અમારા પર વિલાયત આપી દીધી.** *(મુસ્તદરક હાકિમ, હ–૪૭૫૬)*


**નિકાહ રજીસ્ટર ૩ કોપીમાં**

અમારે ત્યાં સુંદર છપાઈ સફેદ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું રજીસ્ટર મળશે. કિંમત **રૂા. ૫૦૦/–** (ટપાલ ખર્ચ ૧૦૦/– રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો : અંજુમને રઝાએ મુસ્તફા, મુા.પો. દયાદરા–૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧


પેજ નં.૪૪ નું ચાલુ.. બંધાયેલી હવા જતી રહેશે. અને સબ્ર કરો, બેશક ! અલ્લાહ સબ્ર કરનારાઓ સાથે છે." *(સૂ. અન્ફાલ, ૮/૪૫)*

## ★ (૧૦) ત્યાગવૃત્તિ તથા કુર્બાની ★

દુનિયાની કોઈ સંપત્તિ દીન તથા આખેરતની ભલાઈથી કિંમતી નથી. ખુદાએ આપને મોકો અતા કર્યો છે કે જરૂરતના સમયે પોતાના દીન તથા ઈમાનની રક્ષાના માટે જાન તથા માલની તુચ્છ કુર્બાની આપીને આખેરતની લાઝવાલ (કદી નષ્ટ ન થનારી) તથા મહાન દોલતથી માલામાલ થઈ જાવ. કુર્આન ફર્માવે છે :

لَنْ تَنَالُوا الْبِرَّ حَتّٰى تُنْفِقُوْا مِمَّا تُحِبُّوْنَ "તમે કદાપિ ભલાઈએ પહોંચશો નહીં જ્યાં સુધી રાહે ખુદામાં પોતાની પ્યારી ચીજ ખર્ચ ન કરો." (સૂ. આલે ઈમરાન, ૩/૯૨) અને ફર્માવે છે :–

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا مَا لَكُمْ اِذَا قِيْلَ لَكُمُ انْفِرُوْا فِيْ سَبِيْلِ اللّٰهِ اثَّاقَلْتُمْ اِلَى الْاَرْضِ ؕ اَرَضِيْتُمْ بِالْحَيٰوةِ الدُّنْيَا مِنَ الْاٰخِرَةِ ۚ فَمَا مَتَاعُ الْحَيٰوةِ الدُّنْيَا فِي الْاٰخِرَةِ اِلَّا قَلِيْلٌ ﴿۳۸﴾

"હે ઈમાનવાળાઓ ! તમને શું થયું જ્યારે તમને કહેવામાં આવે કે ખુદાની રાહમાં કૂચ કરો તો બોજના માર્યા જમીન પર બેસી જાવ છો, શું તમે દુનિયાની જિંદગી આખેરતના બદલામાં પસંદ કરી લીધી ? અને આ જીવતી (જાગતી) દુનિયાના માલો આખેરતની સામે નથી પણ થોડા છે." (સૂ. તૌબા, ૯/૩૮) અને ફર્માવે છે : وَّجَاهِدُوْا بِاَمْوَالِكُمْ وَاَنْفُسِكُمْ فِيْ سَبِيْلِ اللّٰهِ ؕ "અને અલ્લાહની રાહમાં લડો પોતાના માલ તથા જાનથી એ તમારા માટે બેહતર છે જો જાણો." (સૂ. તૌબા, ૯/૪૧) અને ફર્માવે છે : وَيُؤْثِرُوْنَ عَلٰۤى اَنْفُسِهِمْ وَلَوْ كَانَ بِهِمْ خَصَاصَةٌ ؕ "અને પોતાની જાનો પર તેમને અગ્રતા આપે છે ભલે તેમને સખત મોહતાજી હોય." *(સૂ. હશ્ર, ૫૯/૯) –(તહફ્ફુઝે અક઼ાઈદ નંબર, ઈસ્તિક઼ામત ડાયજેસ્ટ, ઈ.સ. ૧૯૯૬)*

# દુનિયા આખેરતની કામયાબીના દસ કુર્આની નિયમો

**અઝ** : તાજુલ ઉલમા હઝરત મૌલાના **સૈયદ શાહ અવલાદે રસૂલ મુહમ્મદ મિયાં કાદરી બરકાતી** رحمۃ اللہ علیہ *(મારહરા શરીફ)*

**સંપાદક : મૌલાના મુહમ્મદ મુજાહિદહુસૈન મિસ્બાહી ઈલાહાબાદ**

**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

આ લેખ તો કેટલાય વરસો પહેલાંના બુઝુર્ગનો લખેલો છે અને ત્યારની મુસલમાનોની સ્થિતિ વર્ણવી કુર્આની દસ ઉસૂલોને અપનાવવા મુસલમાનોને નસીહત કરી હતી, પણ હાલની આપણી સ્થિતિ એના કરતાંય બદતરથી બદતર થઈ રહી છે તો પછી આ ઉસૂલો પર ચાલવું આપણા માટે અધિક જરૂરી થઈ ગયું છે. અલ્લાહ અમલની તૌફીક઼ અતા કરે. (આમીન) *–તંત્રી બરકાતે ખ્વાજા (માસિક)*

આજે મુસલમાન ઈતિહાસના જે નાઝુક દૌરથી પસાર થઈ રહ્યો છે, કમસે કમ હિંદુસ્તાનનો ઈસ્લામી ઈતિહાસ એનું દ્દષ્ટાંત રજૂ કરવાથી લાચાર છે.

*એક હંગામાએ મેહશર હો તો ઉસકો ભૂલું*
*સૈંકળોં બાતોંકા રહ રહ કે ખયાલ આતા હૈ*

મામલો આપણી ઈબાદતગાહોનો હોય અથવા કોમી તોફાનોનો દરેક મંઝિલ પર આપણને કચડી નાખવાનાં આયોજનબધ્ધ ષડયંત્રો કરવામાં આવી રહ્યાં છે. રોજ બ રોજ નિવેદનો, પ્રવચનો, લખાણો થકી ઈસ્લામ તથા બાનીયે ઈસ્લામની શાનમાં બદતરીન ગુસ્તાખીઓ કરી આપણી ઈમાની ગૈરતનું ખૂન કરવામાં આવી રહ્યું છે. તોફાનોની આડમાં મુસલમાનોની આર્થિક સ્થિતિ તબાહ કરવામાં આવી રહી છે. ધાર્મિક, રાજનૈતિક, ઈલ્મી, આર્થિક દરેક ક્ષેત્રે મુસલમાનોને તોડી પાડીને ગુલામ બનાવવાનો સામાન કરવામાં આવી રહ્યો છે.

આવા દર્દનાક માહોલમાં સંજોગો તથા સમયની હુકૂમતના પ્રતિ મોહતાજ થવાને બદલે મુસલમાનો ! આવો ! આપણે એક બંધારણના પાબંદ થઈ જઈએ જેના આધાર પર સૃષ્ટિનો હાકિમે મુત્લક પોતાની હિમાયત તથા મદદનો વાયદો ફર્માવે છે, અને અલ્લાહ જેની હિમાયત તથા મદદ ફર્માવે તેને દુનિયાની કઈ શક્તિ દબાવી શકે છે ?! કુર્આન ફર્માવે છે : اِنۡ یَّنۡصُرۡكُمُ اللّٰهُ فَلَا غَالِبَ لَكُمۡ ''જો અલ્લાહ તમારી મદદ કરે તો કોઈ તમારા પર ગાલિબ (સવાર) નથી થઈ શકતુ.'' *(સૂ. આલે ઈમરાન, ૩/૧૬૦)*

*હમારી કૌમ કી તો હૈ બિના હી દીનો ઈમાં પર*
*હમારી ઝિંદગી મૌકૂફ હૈ તઅમીલે કુર્આં પર*
*હમારી ફતહયાબી મુન્હસર હૈ ફઝ્લે યઝદાં પર*
*ન કુવ્વત પર, ન તાક઼ત પર, ન શૌકત પર, ન સામાં પર*

કુર્આનની તાલીમાત પર અમલ કર્તા થવા સિવાય કોઈ તદબીર ન તો અમને સુકૂન તથા રાહત આપી શકે છે ન તો આપણી ઉચ્ચ અઝમતને પરત અપાવી શકે છે. નીચેના લખાણમાં અમે જિંદગી તથા બંદગીના સંબંધે ''કુર્આનના દસ હયાત આફરીં ઉસૂલ'' રજૂ કરીએ છીએ જે મર્દે મો'મિનના માટે દુનિયા તથા આખેરતની દરેક કામયાબીની જમાનત છે. ખુદાએ વહદહૂ લાશરીક દરેક મુસલમાનને એના પર અમલ કરતા રહેવાની તૌફીક઼ અતા ફર્માવે.

## ★ (૧) ઈમાન તથા ઈસ્લામ પર અડગ રહો ★

અલ્લાહ તબારક વ તઆલાની બારગાહમાં "ઈસ્લામ દીન" સિવાય કોઈ દીન નથી, ન તો ઈસ્લામ સિવાય દુનિયાનો કોઈ મઝહબ એની બારગાહમાં કબૂલને પાત્ર છે. કુર્આન ફર્માવે છે : اِنَّ الدِّیۡنَ عِنۡدَ اللّٰهِ الۡاِسۡلَامُ "બેશક ! અલ્લાહને ત્યાં ઈસ્લામ જ દીન છે." (સૂ. આલે ઈમારાન, ૩/૧૯) અને ફર્માવે છે :–

وَمَنۡ یَّبۡتَغِ غَیۡرَ الۡاِسۡلَامِ دِیۡنًا فَلَنۡ یُّقۡبَلَ مِنۡهُ "અને જે ઈસ્લામ સિવાય કોઈ દીન ચાહશે તેને કદાપિ તેનાથી કબૂલ કરવામાં નહીં આવે." *(સૂ. આલે ઈમરાન, ૩/૮૫)*

ઠેક ઠેકાણે ખુદાએ વહદહૂ લાશરીકે પોતાના પર અને પોતાના હબીબ ﷺ પર કામિલ ઈમાન લાવવાની ડિમાન્ડ કરી છે, અને એ જ દીન પર કાયમ રહેવાની સ્થિતિમાં ફતહ તથા કામયાબીની બશારત આપી છે. ફર્માવે છે : یٰۤاَیُّهَا الَّذِیۡنَ اٰمَنُوۡۤا اٰمِنُوۡا بِاللّٰهِ وَرَسُوۡلِهٖ "હે ઈમાનવાળાઓ ! ઈમાન રાખો અલ્લાહ અને અલ્લાહના રસૂલ પર. એટલે ઈમાન પર અડગ રહો" *(સૂ. નિસાઅ, ૪/૧૩૬)*

અને ફર્માવે છે :–

وَاَنۡتُمُ الۡاَعۡلَوۡنَ اِنۡ كُنۡتُمۡ مُّؤۡمِنِیۡنَ "તમે જ ગાલિબ આવશો જો ઈમાનવાળા છો." (સૂ. આલે ઈમરાન, ૩/૧૩૯) અલ્લાહ તબારક વ તઆલાએ એ જ દીન પર અડગ રહેવાવાળાઓની ઈમદાદ પોતાના કરમના જિમ્મે લઈ લીધી છે. ઈર્શાદ ફર્માવે છે : وَكَانَ حَقًّا عَلَیۡنَا نَصۡرُ الۡمُؤۡمِنِیۡنَ "અને અમારા કરમના જિમ્મા પર છે મુસલમાનોની મદદ કરવાનું." (સૂ. રૂમ, ૩૦/૪૭) અને ફર્માવે છે : اِذۡ یُوۡحِیۡ رَبُّكَ اِلَی الۡمَلٰٓئِكَةِ اَنِّیۡ مَعَكُمۡ "જ્યારે હે મહબૂબ ! તમારો રબ ફરિશ્તાઓને વહી મોકલતો હતો કે હું તમારી સાથે છું. (સૂ. અન્ફાલ, ૮/૧૨) અને ફર્માવે છે :

اِنَّ الَّذِیۡنَ قَالُوۡا رَبُّنَا اللّٰهُ ثُمَّ اسۡتَقَامُوۡا تَتَنَزَّلُ عَلَیۡهِمُ الۡمَلٰٓئِكَةُ

"બેશક ! તેઓ જેમણે કહ્યું અમારો રબ અલ્લાહ છે, પછી એના પર કાયમ રહ્યા એમના પર ફરિશ્તા ઉતરે છે." *(સૂ. ફુસ્સિલત, ૪૧/૩૦)*

અને એવું પણ નથી કે ઈમાન પર અડગતાથી રહેવું ઘણી મુશ્કેલ બાબત છે. જો અડગ રહેવાનો નિશ્ચિય કરી લે તો અલ્લાહ તેને અડગતા માટે શક્તિ અતા કરે છે. ફર્માવે છે : یُثَبِّتُ اللّٰهُ الَّذِیۡنَ اٰمَنُوۡا "અલ્લાહ ઈમાનવાળાઓને અડગ રાખે છે."

*(સૂ. ઈબ્રાહીમ, ૧૪/૨૭)*

## ★ (૨) શરીઅતે મુતહ્હરાની સંપૂર્ણ પચરવી કરો ★

"આધા તેતર આધા બેટર" બનવાની ઈસ્લામ તદ્દન ઈજાઝત નથી આપતો, એટલા માટે ઈમાન બાદ અલ્લાહ તબારક વ તઆલાની ડિમાન્ડ છે કે મુસલમાન જિંદગીના કોઈ ક્ષેત્રમાં કોઈ કૌમ કોઈ મઝહબ કોઈ હુકૂમતની રવિશ પર કદાપિ ન ચાલે, બલ્કે પોતાના દરેક મામલામાં કેવળ અને કેવળ ઈસ્લામી કાનૂનનો પાબંદ થઈ જાય. કુર્આન ફર્માવે છે :–

یٰۤاَیُّهَا الَّذِیۡنَ اٰمَنُوا ادۡخُلُوۡا فِی السِّلۡمِ كَآفَّةً "હે ઈમાનવાળાઓ ! ઈસ્લામમાં સંપૂર્ણપણે દાખલ થઈ જાવ." (સૂ. બકરહ, ૨/૨૦૮) અને ફર્માવે છે : فَاتَّبِعُوۡنِیۡ "તમે મારા ફર્માબરદાર બની જાવ." (સૂ. આલે ઈમરાન, ૩/૩૧) અને ફર્માવે છે :–

فَلَا وَرَبِّكَ لَا یُؤۡمِنُوۡنَ حَتّٰی یُحَكِّمُوۡكَ فِیۡمَا شَجَرَ بَیۡنَهُمۡ ثُمَّ لَا یَجِدُوۡا فِیۡۤ اَنۡفُسِهِمۡ حَرَجًا مِّمَّا قَضَیۡتَ وَیُسَلِّمُوۡا تَسۡلِیۡمًا

"તો હે મહબૂબ ! તમારા રબની કસમ ! તેઓ

મુસલમાન ન થશે જ્યારે પોતાના આપસના ઝઘડાઓમાં તમને હાકિમ ન બનાવે, પછી જે કાંઈ તમે ફર્માવી દો પોતાના દિલોમાં તેનાથી રુકાવટ ન પામે અને જીવથી માની લે." (સૂ. નિસાઅ, ૪/૬૫) અને ફર્માવે છે : اَطِيۡعُوا الرَّسُوۡلَ وَاُولِی الۡاَمۡرِ مِنۡكُمۡ "હુકમ માનો અલ્લાહનો અને હુકમ માનો રસૂલનો અને તેમનો જેઓ તમારામાં હુકૂમતવાળા છે." (સૂ. નિસાઅ, ૪/૫૯) અને ફર્માવે છે : الرَّسُوۡلَ فَقَدۡ اَطَاعَ اللّٰهَ "જેણે રસૂલનું કહ્યું માન્યું તેણે અલ્લાહનો હુકમ માન્યો." (સૂ. નિસાઅ, ૪/૮૦) અને ફર્માવે છે :–

وَ مَا كَانَ لِمُؤۡمِنٍ وَّ لَا مُؤۡمِنَةٍ اِذَا قَضَى اللّٰهُ وَ رَسُوۡلُهٗۤ اَمۡرًا اَنۡ يَّكُوۡنَ لَهُمُ الۡخِيَرَةُ مِنۡ اَمۡرِهِمۡ

"અને ન કોઈ મુસલમાન પુરૂષ ન મુસલમાન સ્ત્રીને હક્ક છે કે જ્યારે અલ્લાહ અને તેના રસૂલ કાંઈ હુકમ ફર્માવી દે તો તેમને પોતાના મામલાનો કાંઈ અખત્યાર રહે." (સૂ. અહઝાબ, ૩૩/૩૬) અને ફર્માવે છે : اِنۡ تَنۡصُرُوا اللّٰهَ يَنۡصُرۡكُمۡ "જો તમે ખુદાના દીનની મદદ કરશો અલ્લાહ તમારી મદદ કરશે." (સૂ. મુહમ્મદ, ૪૭/૭) અને ફર્માવે છે : وَمَاۤ اٰتٰىكُمُ الرَّسُوۡلُ فَخُذُوۡهُ "જે કાંઈ રસૂલ તમને અતા ફર્માવે તે લઈ લો." *(સૂ. હશ્ર, ૫૯/૭)*

### ★ (૩) ઈલ્મે દીન હાંસલ કરો ★

ઈલ્મ અલ્લાહનો ફઝૂલ છે. કુર્આન તથા સુન્નતના ઝખીરા ઈલ્મ તથા ઉલમાની ફઝીલતથી ભરેલા છે. ઈલ્મે દીન થકી જ માણસ શંકા કુશંકાની ચુંગાલથી નીકળીને ઈમાન તથા યકીનના પ્રકાશમાં આવી શકે છે. અદ્લો ઈન્સાફની સમજ, ખુદાનો ડર, દરજાઓની બુલંદી, તૌહીદની અમૂલ્ય દોલત ઈલ્મના થકી જ મળી શકે છે. કુર્આન ફર્માવે છે : وَالرّٰسِخُوۡنَ فِی الۡعِلۡمِ يَقُوۡلُوۡنَ اٰمَنَّا بِهٖ "અને પુખ્તા ઈલ્મવાળા કહે છે અમે એના પર ઈમાન લાવ્યા." (સૂ. આલે ઈમરાન, ૩/૭) અને ફર્માવે છે : شَهِدَ اللّٰهُ اَنَّهٗ لَاۤ اِلٰهَ اِلَّا هُوَ وَالۡمَلٰٓئِكَةُ "અલ્લાહે ગવાહી આપી કે એના સિવાય કોઈ મઅબૂદ નથી અને ફરિશ્તાઓએ અને ઈલ્મવાળાઓએ ઈન્સાફથી કાયમ થઈને" (સૂ. આલે ઈમરાન, ૩/૧૮) અને ફર્માવે છે : اِنَّمَا يَخۡشَى اللّٰهَ مِنۡ عِبَادِهِ الۡعُلَمٰٓؤُا "અલ્લાહથી એના બંદાઓમાં તેઓ જ ડરે છે જેઓ ઈલ્મવાળાઓ છે." (સૂ. ફાતિર, ૩૫/૨૮) અને ફર્માવે છે :–

يَرۡفَعِ اللّٰهُ الَّذِيۡنَ اٰمَنُوۡا مِنۡكُمۡ وَ الَّذِيۡنَ اُوۡتُوا الۡعِلۡمَ دَرَجٰتٍ

"અલ્લાહ તબારક વ તઆલા તેમના દરજા જે તમારામાં ઈમાન લાવ્યા અને તેમના દરજા જેમને ઈલ્મ આપવામાં આવ્યો બુલંદ કરશે." *(સૂ. મુજાદિલા, ૫૮/૧૧)*

### ★ (૪) નેક અમલોથી સજ્જ થઈ જાવ ★

જે ઈમાનના સબબે ખુદાએ વહદહૂ લાશરીકે દારૈન (બંને જહાન)ની સંપૂર્ણ સલાહ વ ફલાહનો વાયદો કર્યો છે તેનું અનિવાર્ય અંગ નેક અમલો છે. નેક અમલો વિના હકીકી કામયાબી નથી મળી શકતી. કુર્આને કરીમ ફર્માવે છે :–

وَعَدَ اللّٰهُ الَّذِيۡنَ اٰمَنُوۡا مِنۡكُمۡ وَ عَمِلُوا الصّٰلِحٰتِ لَيَسۡتَخۡلِفَنَّهُمۡ فِی الۡاَرۡضِ

"અલ્લાહે વાયદો કર્યો તેમનાથી જેઓ તમારામાં ઈમાન લાવ્યા અને સારાં કામો કર્યા કે જરૂર તેમને જમીનમાં ખિલાફત આપશે. (સૂ. નૂર, ૨૪/૫૫) અને ફર્માવે છે : وَالۡعَمَلُ الصَّالِحُ يَرۡفَعُهٗ "અને જે નેક કામથી તે એને બુલંદ કરે છે." (સૂ. ફાતિર, ૩૫/૧૦) અને ફર્માવે છે :–

وَ الۡعَصۡرِ ۝ اِنَّ الۡاِنۡسَانَ لَفِیۡ خُسۡرٍ ۝ اِلَّا الَّذِيۡنَ اٰمَنُوۡا وَ عَمِلُوا الصّٰلِحٰتِ وَتَوَاصَوۡا بِالۡحَقِّ ۙ وَتَوَاصَوۡا بِالصَّبۡرِ ۝

"કસમ છે મહબૂબના જમાનાની ! બેશક ! માણસ જરૂર નુકસાનમાં છે, પણ જે ઈમાન લાવ્યા અને સારાં કામો કર્યા, અને એકબીજાને હક્કની તાકીદ કરી, અને એકબીજાને સબરની વસિયત કરી."

*(સૂ. અસ્ર, ૧૦૩/૧,૨,૩)*

### ★ (૫) એક (મુત્તહિદ) થઈ જાવ ★

આપસમાં વિખવાદ તથા આપસી ખેંચાખેંચીની ઈસ્લામે સખત બુરાઈ વર્ણવી છે. કુર્આને એક મો'મિનને બીજા મો'મિનનો ભાઈ ઠરાવીને મેળ મહોબ્બતથી રહેવાનો હુકમ અતા કર્યો છે. ઈર્શાદ છે :

اِنَّمَا وَلِیُّکُمُ اللّٰهُ وَ رَسُوْلُهٗ وَ الَّذِیْنَ اٰمَنُوا الَّذِیْنَ یُقِیْمُوْنَ الصَّلٰوةَ وَ یُؤْتُوْنَ الزَّکٰوةَ وَ هُمْ رٰکِعُوْنَ۝

"તમારા દોસ્ત નથી પણ અલ્લાહ અને તેના રસૂલ અને ઈમાનવાળાઓ જેઓ નમાઝ કાયમ કરે છે અને ઝકાત આપે છે અને અલ્લાહની હુઝૂર ઝુકેલા છે." (સૂ. માઈદા, ૫/૫૫) અને ફર્માવે છે :

وَ اَطِیْعُوا اللّٰهَ وَ رَسُوْلَهٗ وَ لَا تَنَازَعُوْا "અને અલ્લાહ અને તેના રસૂલનો હુકમ માનો અને આપસમાં ઝઘડો નહીં." (સૂ. અન્ફાલ, ૮/૪૬) અને ફર્માવે છે : وَ الْمُؤْمِنُوْنَ وَ الْمُؤْمِنٰتُ بَعْضُهُمْ اَوْلِیَآءُ بَعْضٍ "અને મુસલમાન પુરૂષો અને મુસલમાન સ્ત્રીઓ આપસમાં એકબીજાની દોસ્ત છે." (સૂ. તૌબા, ૯/૭૧) અને ફર્માવે છે : اِنَّمَا الْمُؤْمِنُوْنَ اِخْوَةٌ "મુસલમાન મુસલમાનનો ભાઈ છે." *(સૂ. હુજુરાત, ૪૯/૧૦)*

### ★ (૬) દીનના દુશ્મનોથી સાવધાન ★

ઈસ્લામ દુશ્મન તાકતોએ દરેક દૌરમાં જાત જાતની ચાલો વડે મુસલમાનોને જિંદગીથી બેદખલ કરવાની કોશિશ કરી છે, એટલા માટે કુર્આને મુસલમાનોને સાવધાન કર્યા છે કે બદમઝહબોથી મેલજોલ ન રાખે, ક્યાંક એવું ન બને કે તે આપના ઈમાન પર હાથ સાફ કરી લે આપને એહસાસ પણ ન થાય. કુર્આન ફર્માવે છે :–

یٰۤاَیُّهَا الَّذِیْنَ اٰمَنُوْا لَا تَتَّخِذُوْا بِطَانَةً مِّنْ دُوْنِکُمْ لَا یَاْلُوْنَکُمْ خَبَالًا

"અને ઈમાનવાળાઓ ! ગૈરોને તમારા રાઝદાર ન બનાવો તેઓ તમારી બુરાઈમાં કમી નથી કરતા." (સૂ. આલે ઈમરાન, ૩/૧૧૮) અને ફર્માવે છે : اِنْ تَمْسَسْکُمْ حَسَنَةٌ تَسُؤْهُمْ "તમને કોઈ ભલાઈ પહોંચે તો તેમને બુરુ લાગે." (સૂ. આલે ઈમરાન, ૩/૧૨૦) અને ફર્માવે છે :–

یٰۤاَیُّهَا الَّذِیْنَ اٰمَنُوْۤا اِنْ تُطِیْعُوا الَّذِیْنَ کَفَرُوْا یَرُدُّوْکُمْ عَلٰۤی اَعْقَابِکُمْ فَتَنْقَلِبُوْا خٰسِرِیْنَ۝

"હે ઈમાનવાળાઓ ! જો તમે કાફિરોના કહ્યા પર ચાલ્યા તો તેઓ તમને ઉલ્ટા પગલે પલ્ટાવી દેશે પછી નુકસાન વેઠીને પલટ થઈ જશો." (સૂ. આલે ઈમરાન, ૩/૧૪૯) અને ફર્માવે છે :–

یٰۤاَیُّهَا الَّذِیْنَ اٰمَنُوْا لَا تَتَّخِذُوا الَّذِیْنَ اتَّخَذُوْا دِیْنَکُمْ هُزُوًا وَّ لَعِبًا مِّنَ الَّذِیْنَ اُوْتُوا الْکِتٰبَ مِنْ قَبْلِکُمْ وَ الْکُفَّارَ اَوْلِیَآءَ

"હે ઈમાનવાળાઓ ! જેમણે તમારા દીનને હસી ખેલ બનાવી લીધો છે તેઓ જેમને તમારા પહેલાં કિતાબ આપવામાં આવી અને કાફિર, એમનામાં કોઈને પોતાનો દોસ્ત ન બનાવો." (સૂ. માઈદા, ૫/૫૭) અને ફર્માવે છે :

لَا یَرْقُبُوْنَ فِیْ مُؤْمِنٍ اِلًّا وَّ لَا ذِمَّةً "કોઈ મુસલમાનમાં ન સગાઈનો લેહાજ કરે ન અહદ (વાયદા)નો. (સૂ. તૌબા, ૯/૧૦) અને ફર્માવે છે : وَ اِنْ اَطَعْتُمُوْهُمْ اِنَّکُمْ لَمُشْرِکُوْنَ۝ "અને જો તમે તેમનું કહ્યું માનો તો એ વખતે તમે મુશ્રિક છો." (સૂ. અન્આમ, ૬/૨૧) અને ફર્માવે છે :–

اَلَمْ تَرَ اِلَى الَّذِيْنَ نَافَقُوْا يَقُوْلُوْنَ لِاِخْوَانِهِمُ الَّذِيْنَ كَفَرُوْا مِنْ اَهْلِ الْكِتٰبِ لَئِنْ اُخْرِجْتُمْ لَنَخْرُجَنَّ مَعَكُمْ وَ لَا نُطِيْعُ فِيْكُمْ اَحَدًا اَبَدًا

"શું તમે મુનાફિકોને ન જોયા કે પોતાના ભાઈ કાફિર કિતાબીઓને કહે છે કે જો તમને કાઢવામાં આવ્યા તો જરૂર અમે તમારી સાથે નીકળી જઈશું અને કદાપિ તમારા બારામાં કોઈનુ ન માનીશું."

*(સૂ. હશ્ર, ૫૯/૧૧)*

## ★ (૭) અલ્લાહ પર સંપૂર્ણ ભરોસો રાખો ★

તકદીરના લખેલાને કોઈ બદલી શકતુ નથી. કોઈ શક્તિથી ન તો પ્રભાવિત થવાની જરૂરત છે ન તો કોઈનાથી કોઈ ઉમ્મીદ રાખવાની. અલ્લાહ પર ભરોસો કરો, એ બેહતરીન કારસાઝ છે. ઈર્શાદે રબ્બાની છે :–

اِنَّ النَّاسَ قَدْ جَمَعُوْا لَكُمْ فَاخْشَوْهُمْ فَزَادَهُمْ اِيْمَانًا ۖ وَّ قَالُوْا حَسْبُنَا اللّٰهُ وَ نِعْمَ الْوَكِيْلُ ﴿١٧٣﴾

"લોકોએ તમારા માટે જથ્થો જોડયો તો એમનાથી ડરો, તો એમનું ઓર અધિક થાય, અને બોલ્યા, અલ્લાહ અમને પૂરતો છે અને કેટલો સારો કારસાઝ (કામ બનાવનાર) છે." (સૂ. આલે ઈમરાન, ૩/૧૭૩) અને ફર્માવે છે :–

لَّنْ يُّصِيْبَنَاۤ اِلَّا مَا كَتَبَ اللّٰهُ لَنَا ۚ هُوَ مَوْلٰنَا ۚ وَ عَلَى اللّٰهِ فَلْيَتَوَكَّلِ الْمُؤْمِنُوْنَ ﴿٥١﴾

"અમને ન પહોંચશે પણ જે અલ્લાહે અમારા માટે લખી આપ્યું, તે અમારો મૌલા છે અને મુસલમાનોએ અલ્લાહ પર જ ભરોસો કરવો જોઈએ." (સૂ. તૌબા, ૯/૫૧) અને ફર્માવે છે : وَ مَنْ يَّتَوَكَّلْ عَلَى اللّٰهِ فَهُوَ حَسْبُهٗ ؕ "અને જે અલ્લાહ પર ભરોસો કરે તો તે તેને પૂરતો છે."

*(સૂ. તલાક, ૬૫/૩)*

## (૮) આપસમાં મદદથી નેકીઓને ઉત્તેજન આપો

કુર્આન ફર્માવે છે :–

وَ تَعَاوَنُوْا عَلَى الْبِرِّ وَ التَّقْوٰى ۖ وَ لَا تَعَاوَنُوْا عَلَى الْاِثْمِ وَ الْعُدْوَانِ

"અને નેકી અને પરહેઝગારી પર એકબીજાની મદદ કરો, અને ગુનાહ તથા જુલ્મ પર આપસમાં મદદ ન કરો." *(સૂ. માઈદા, ૫/૨)*

## ★ (૯) સબ્ર તથા તક્વા થકી પોતાના દુશ્મનોનો સામનો કરો ★

જો મુસલમાન સબ્ર તથા તક્વો અપનાવી લે તો પછી તેના દુશ્મનોની ચાલ કદાપિ સફળ નથી થઈ શકતી. **દરેક શક્તિથી મુકાબલા માટે અલ્લાહ તબારક વ તઆલાએ મુસલમાનોને બે હથિયાર આપેલાં છે, એકનું નામ છે સબ્ર બીજાનું તક્વો.** ફર્માવે છે : وَ اِنْ تَصْبِرُوْا وَ تَتَّقُوْا لَا يَضُرُّكُمْ كَيْدُهُمْ شَيْـًٔا ؕ "અને જો તમે સબ્ર તથા પરહેઝગારી કરતા રહો તો એમનો દાવ તમારું કાંઈ બગાડી નહીં શકે." (સૂ. આલે ઈમરાન, ૩/૧૨૦) અને ફર્માવે છે : يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا اصْبِرُوْا وَ صَابِرُوْا "હે ઈમાનવાળાઓ ! સબ્ર કરો અને સબ્રમાં દુશ્મનોથી આગળ રહો." (સૂ. આલે ઈમરાન, ૩/૨૦૦) અને ફર્માવે છે :–

وَ اَطِيْعُوا اللّٰهَ وَ رَسُوْلَهٗ وَ لَا تَنَازَعُوْا فَتَفْشَلُوْا وَ تَذْهَبَ رِيْحُكُمْ وَ اصْبِرُوْا ؕ اِنَّ اللّٰهَ مَعَ الصّٰبِرِيْنَ ﴿٤٦﴾

"હે ઈમાનવાળાઓ ! જ્યારે કોઈ ફોજથી તમારો મુકાબલો થાય તો અડગ રહો, અને અલ્લાહની યાદ ખૂબ કરો કે તમે મુરાદે પહોંચો. અને અલ્લાહ અને તેના રસૂલનો હુકમ માનો, અને આપસમાં ઝઘડો નહીં કે પછી બુઝદિલી કરશો અને તમારી વધુ પેજ ૩૯ પર.



# હરામ માલથી • ઉછેર પામનારની • ઈબાદત

**રજૂ. મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી દયાદરવી**

હલાલ કમાઈ ખૂબ જ જરૂરી છે, તેનું અનુમાન કુર્આને મજીદની આ આયતે કરીમાથી લગાવી શકાય છે, જેમાં રબ તઆલાએ ગુનાહોથી માસૂમોના ગિરોહ અર્થાત અંબિયાએ કિરામને સંબોધન ફર્માવ્યું કે : હે રસૂલો ! પવિત્ર ખાણુ ખાવ. સ્પષ્ટ રહે કે અંબિયાએ કિરામ ઈરાદાપૂર્વક કોઈ ભૂલ નથી કરતા. એ હઝરાત પર અલ્લાહ તઆલાનો ખાસ ફઝ્લો કરમ છે કે તેઓને આવો અઝીમુશશાન મન્સબ અતા કરીને લોકોના માર્ગદર્શન અને હિદાયત માટે તેમને ચુની લીધા. અંબિયાએ કિરામમાં કોઈકે તિજારત, તો કોઈકે ખેતીવાડી અને અન્ય વિવિધ પ્રકારના વ્યવસાય પસંદ ફર્માવ્યા.

કુર્આને કરીમમાં ઈર્શાદે બારી તઆલા છે :–

وَلَا تَأْكُلُوْٓا اَمْوَالَكُمْ بَيْنَكُمْ بِالْبَاطِلِ وَتُدْلُوْا بِهَآ اِلَى الْحُكَّامِ لِتَأْكُلُوْا فَرِيْقًا مِّنْ اَمْوَالِ النَّاسِ بِالْاِثْمِ وَاَنْتُمْ تَعْلَمُوْنَ ﴿١٨٨﴾

અને આપસમાં એક બીજાનો માલ નાહક ન ખાવ અને ન અધિકારીઓ પાસે તેમનો કેસ એટલા માટે પહોંચાડો કે લોકોનો અમુક માલ નાજાઈઝ રીતે પડાવી લો જાણી જોઈને. *(સૂરએ બકરહ, આયત : ૧૮૮)*

ઉપરોક્ત આયતે કરીમાની તફસીરમાં હકીમુલ ઉમ્મત હઝરત અલ્લામા અહમદ યારખાં નઈમી અશરફી رحمۃ اللہ علیہ લખે છે :

ભલે تَأْكُلُوْا - اكل થી બન્યું છે, જેનો અર્થ છે ''ખાવું'' પરંતું અહિંયા ખાવું, પીવું, પહેરવું વગેરે દરેક પ્રકારના ઉપયોગથી મનાઈનો હેતુ છે. એટલા માટે ''અમ્વાલ'' (માલો) બહુવચન ફર્માવવામાં આવ્યું અને اموالکم (આપસમાં એક બીજાના માલ)થી અથવા તો પોતાના જાતી માલ મુરાદ છે અથવા એક બીજાના માલ પરંતુ بَيْنَكُم થી જાહેર તો એ જ થાય છે કે એક બીજાના માલ મુરાદ છે. ابطوله اباطیل થી બન્યું છે, જેનો અર્થ છે : જતું રહેવું'' ''નષ્ટ થઈ જવું'' તેનું બહુવચન ''બવાતિલ'' અને ''ઉબ્તુલતુન''નું બહુવચન ''અબાતીલ'' છે.

શરીઅતમાં દરેક ખોટી વસ્તુને બાતિલ કહેવામાં આવે છે કારણ કે તે નષ્ટ થવાની છે. અહિંયા આવક અને જાવકના સર્વ નાજાઈઝ તરીકાઓ મુરાદ છે. શરાબનું સેવન, હરામ કાર્યો કરવા અને ફુઝૂલ ખર્ચી આ સૌ બાતિલ ખર્ચ છે અને લાંચ, પચાવી લેવું, લૂટ, ચોરી, જૂઠી કસમ, જુગાર, ભવિષ્યવાણી, ખયાનત વગેરે નાજાઈઝ કાર્યો થકી, આ સૌ બાતિલ આવકો છે. મતલબ એ છે કે ન તો તમે પોતાના માલને ખોટી રીતે ખર્ચ કરો અને ન પરસ્પર એક બીજાના માલ નાજાઈઝ રીતે મેળવી ઉપયોગ કરો.

**તફસીરનો ખુલાસો** : હે મુસલમાનો ! તમો પરસ્પર એક બીજાના માલો પર નાજાઈઝ કબ્જો ન કરો અને તેને ખોટી રીતે ઉપયોગમાં ન લાવો અને પોતાના અપરાધ પર મદદ લેવા માટે જૂઠા દાવા હાકિમો પાસે એ હેતુથી ન લઈ જાવ કે તેમને કંઈક આપી અપાવી જૂઠી ગવાહી ઉભી કરી અથવા ખોટા પુરાવા આપી અને હાકિમોને ધોકામાં રાખી તેમનાથી ખોટા ફૈંસલા કરાવી લોકોના માલ નાજાઈઝ રીતે પચાવી લો. જ્યારે કે તમે એ જાણો પણ છો કે તમે આ કેસમાં જૂઠા છો. *(તફસીરે નઈમી)*

કુર્આને કરીમમાં સ્પષ્ટ રીતે ફર્માવવામાં આવ્યું કે દરેક પ્રકારના નાજાઈઝ તરીકાથી માલો દોલત મેળવવાથી બચો. પરંતુ આજના જમાનામાં મુસલમાન એટલા બધા માલો દોલત મેળવવાના ઈચ્છુક થઈ ચૂક્યા છે કે જરા પણ હલાલ હરામમાં તમીઝ નથી કરતા. ગૈબદાં નબી હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો કે : ''લોકો પર એક જમાનો એવો આવશે કે લોકો પરવા નહીં કરે કે માલ ક્યાંથી મેળવ્યો.'' આજનો માહોલ

જોઈને એમ લાગે છે કે તે જમાનો આવી ચૂક્યો છે.

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે, તેઓ ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું : અલ્લાહ તઆલા તય્યિબ (પાક) છે અને તય્યિબને જ કુબૂલ ફર્માવે છે.

અર્થાત : અલ્લાહ તઆલા બેઐબ છે અને બેઐબ સદકા તથા અયબથી ખાલી ઈબાદતોને કુબૂલ ફર્માવે છે અને અલ્લાહ તઆલાએ મુસલમાનોને એ વસ્તુનો હુકમ આપ્યો જેનો અંબિયાએ કિરામને હુકમ આપ્યો, અર્થાત : હલાલ કમાઈ અને રોજીની તલાશ એવું મુબારક કાર્ય છે જેમાં અલ્લાહ તઆલાએ અંબિયાએ કિરામ અને આમ લોકોને એકત્ર ફર્માવી દીધા છે. જેથી આ અલ્લાહ તરફથી ફર્ઝ પણ છે, સુન્નતે મુસ્તફા પણ છે અને સુન્નતે અંબિયા પણ. માટે સુન્નત સમજીને હલાલ કમાઈ કરવી જોઈએ, તેમાં દુનિયાની ઈજ્જત પણ છે, આખિરતની સફળતા પણ.

ફર્માવ્યું, હે નબીઓ ! તય્યિબ અને સ્વાદિષ્ટ ખાણુ ખાવ અને નેક કાર્યો કરો. મીષાકના દિવસે (જ્યારે આલમે અરવાહમાં સર્વ રૂહોને સંબોધી તેમનાથી વચન લેવામાં આવ્યા હતા) અલ્લાહ તઆલાએ અંબિયાએ કિરામથી આ સંબોધન એક સાથે ફર્માવ્યું હતું અથવા દરેક નબીથી તેમના જમાનામાં આ સંબોધન થયું, જે કુર્આને કરીમમમાં વર્ણવવામાં આવ્યું અને હુઝૂરે અન્વર ﷺને સંભળાવામાં આવ્યું જેથી માલૂમ થાય કે રહબાનિયત (સન્યાસ) અને દુનિયા ત્યજી દેવું, ન ઈસ્લામમાં છે ન એ પહેલાં કોઈ નબીના દીનમાં હતું. એ જ કારણે અંબિયાએ કિરામે વિવિધ વ્યવસાય અપનાવ્યા.

રબ તબારક વ તઆલાએ ફર્માવ્યું : હે ઈમાનવાળાઓ ! અમારી આપેલી તય્યિબ અને સ્વાદિષ્ટ રોજી ખાવ. "તય્યિબ" ખબીષનું વિરોધાભાષી છે, હલાલ, પાક, ઉત્તમ, પસંદીદા શરઈ ચીજ તય્યિબ છે. અલ્લાહ તઆલા તય્યિબ છે, ખબીષ ચીજોને પસંદ નથી કરતો. તેણે મુસલમાનોને હુકમ આપ્યો કે જાહેરી અને આંતરિક નાપાકીથી દૂર રહે, નેક અમલ કરે, બધી ચીજો ઈન્સાન માટે છે અને ઈન્સાન રહમાન (અલ્લાહ તઆલા) માટે છે.

પછી ઈર્શાદ ફર્માવ્યો : એક વ્યક્તિ વેરવિખેર દશામાં ધૂળમાં અટવાએલો સફર કરે છે, આસ્માન તરફ હાથ ઉઠાવી કહે છે :

"હે રબ ! હે રબ ! અને તેનું ખાણુ હરામ, પીણું હરામ, પહેરવેશ હરામ અને હરામનો જ ખોરાક પામે છે અર્થાત બચપનથી જ હરામમાં પોષણ થયું અને જવાન થઈને હરામ કમાણી જ કમાઈ, જેનાથી ખોરાક અને પહેરવેશ હરામના રહ્યા. તો આ સ્થિતિમાં દુઆ કઈ રીતે કબૂલ થાય ?!"

અહીંયાં મુરાદ યા તો હરામ ખાનાર હાજી, ગાઝી છે અર્થાત હરામની કમાઈથી હજ કે જિહાદ કરવા ગયો, વેરવિખેર દુર્દશામાં રહ્યો અને કઅબએ મુઅઝ્ઝમા અથવા મૈદાને જિહાદમાં દુઆઓ માગી પરંતુ કુબૂલ ન થઈ કારણ કે રોજી હરામની હતી. જ્યારે આવા હાજી, ગાઝીની દુઆ પણ કુબૂલ નથી થતી તો બીજા લોકોનું તો શું કહેવું ?!

સૂફિયાએ કિરામ ફર્માવે છે : દુઆની બે પાંખો હોય છે : હલાલ રોજી, સાચુ બોલવું. જો દુઆ તેમનાથી ખાલી હોય તો કુબૂલ નથી થતી. તક્વાનું પ્રથમ પગથિયું હલાલ કમાઈ છે. હરામથી બચવું અવામનો તકવો છે, શંકાસ્પદ બાબતોથી બચવું ખાસ લોકોનો તક્વો છે, ગુનાહના સાધનથી બચવું સિદ્દીક઼ીનનો તક્વો છે. *(મિર્અતુલ મનાજીહ)*

અલ્લાહુ અકબર ! ઉપરોક્ત હદીષ શરીફમાં હરામ માલની કેટલી સખત ચેતવણી વર્ણવામાં આવી છે. ન જાણે કેમ હરામ કમાઈની આદતવાળા લોકો મહેનત પરિશ્રમ કરી જાઈઝ તરીકાઓથી કમાઈને પોતાનું તથા પોતાના પરિવારનું ભરણ પોષણ નથી કરતા ?! જેમાં અલ્લાહ તઆલાની રઝામંદી પણ પ્રાપ્ત થાય અને બંને જહાનની સફળતા પણ મળી શકે.......

*(માહનામા અશ્રફિયા, મુબારકપુર, એપ્રિલ-૨૦૨૫)*

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

# સિપાસનામા (સન્માન પત્ર)

બ ખિદમતે ગિરામી : અતાએ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ

**હઝરત મૌલાના હાફિઝો કારી મુહમ્મદશાકિર નૂરી** *(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ)*

بسم الله الرحمن الرحيم حامدا و مصليا و مسلما

બયનુલ અક્વામી (આંતર રાષ્ટ્રીય) દીની વ દા'વતી તન્ઝીમ'' સુન્ની દા'વતે ઈસ્લામી''કે રૂહે રવાં, દરજનોં દીની વ અસ્રી તાલીમી ઈદારોંકે બાનીઓ સરપરસ્ત, કઈ દરજન મઝહબી, ઈસ્લાહી કિતાબોં કે મુઅલ્લિફો મુરત્તિબ, મુમતાઝ ખતીબ, મુબલ્લિગે ઈસ્લામ હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી (મુંબઈ) કી દીની, ઈલ્મી, તા'લીમ, દા'વ્તી ખિદમાતકે એતરાફમેં યે સિપાસનામા પેશ કિયા જા રહા હૈ. અલ્લાહ ﷻ ઉન્હેં મઝીદ ખિદમાતે જલીલાકી તૌફીક્ અતા ફર્માએ. આમીન.

ઉનકા પૂરા નામ ''મુહમ્મદશાકિર મેમન નૂરી'' છે. વાલિદે ગિરામી મર્હૂમ અબ્દુલ કરીમ મેમન નૂરી ઔર વાલિદા માજિદા દોનોં હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ સે મુરીદ થે. મૌલાના નૂરી કો ભી ઉન્હીં સે શરફે ઈરાદત હાસિલ હૈ. ઉન્કી પેદાઈશ જુનાગઢ (સૂબા ગુજરાત) મેં ૧૭ માર્ચ ૧૯૬૦ કો હૂઈ. ઈબ્તિદાસે લેકર મેટ્રીકકી તાલીમ જુનાગઢમેં હાસિલ કી. ઈબ્તિદાઈ અરબી ઔર દીનિયાત કી તાલીમ હમશીરા ઝરીનાબાનુ મર્હૂમાસે પાઈ ઔર નાઝરા કુર્આન જૂનાગઢ ''મસ્જિદે રઝા'' કે ઈમામ મૌલાના અબ્દુલ્લાહ રઝવી કે પાસ મુકમ્મલ કિયા, ઔર દીની ઈસ્તિફાદા ખલીફાએ હુઝૂર મુફતીયે આ'ઝમે હિંદ અલ્હાજ શયખ મુહમ્મદ મારફાની સે કિયા. મેટ્રીક કે બાદ ઈ.સ. ૧૯૭૬ મેં મદ્રસા ઈર્ફાનુલ ઉલૂમ (ઉપલેટા) ઔર દારુલ ઉલૂમ મિસ્કીનિયા (ધોરાજી) મેં હિફ્ઝે કુર્આન મુકમ્મલ કિયા, ઔર વહીં તજવીદો કિરાઅતકા કોર્સ ભી કિયા. ઈ.સ. ૧૯૮૧ મેં મુંબઈ ચલે આએ ઔર સુન્ની દારુલ ઉલૂમ મુહમ્મદિયા, મુંબઈ મેં દાખલા લિયા. જમાઅતે ખામ્સા તક યહાં કે જય્યદ અસાતેઝાસે દર્સે નિઝામીકી નિસાબી કિતાબેં પળ્હીં, ઔર ખારિજે નિસાબ બહોત કુછ પળ્હા.

> *મુબારકપુરમેં હઝરત અલ્લામા મુફતી મુહમ્મદ નિઝામુદીન સાહબ કે દો સાહબઝાદોંકી નિકાહ કી મેહફિલ થી ઉસ મોકે પર સરબરાહે આ'લા જામિઆ અશ્રફિયા મુબારકપુર,* ***હઝરત અલ્લામા શાહ અબ્દુલહફીઝ અઝીઝી*** *ઔર દીગર ઉલમાએ અશ્રફિયા કી મૌજૂદગીમેં યહ સિપાસનામા હઝરત મુફતી મુહમ્મદનિઝામુદીન સાહબને પેશ કિયા. –તંત્રી...*

કુછ દિન વક્તી તૌર પર કપળોંકી તિજારત કી ઔર ફિર મુસ્તકિલ તૌર પર તબ્લીગો દીન ઔર ઈશાઅતે મઝહબે હક્ક કે મૈદાનમેં આ ગયે. અસાતેઝામેં મૌલાના ગુલામ ગૌષ અલ્વી હાશમી, મૌલાના ઝહીરૂદીન નૂરી, મૌલાના મુહમ્મદ હનીફખાન આ'ઝમી, મૌલાના તવક્કુલ હુસૈન હશ્મતી, મૌલાના કારી નૂરુલ હક્ક, મૌલાના જાન મુહમ્મદ બરકાતી, મૌલાના મુજીબુર્રહમાન કાદરી વગેરાહુમ શામિલ થે. હઝરત અશ્રફુલ ઉલમા મૌલાના સૈયદ હામિદ અશ્રફ عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ સે વક્તન્ ફવકતન્ ઈસ્તેફાદાએ ખાસ કિયા હૈ. મૌલાના નૂરી કો તાજુશ્શરીઅહ મુફતી મુહમ્મદ અખ્તર રઝા અઝહરી ઔર સજ્જાદાનશીન આસ્તાનએ ગૌષ આ'ઝમ બગદાદે મુઅલ્લા رحمہ اللہ تعالیٰ સે મુખ્તલિફ

સલાસિલકી ઈજાઝતો ખિલાફત હાસિલ હૈ. ઈઝ્ઝુલ ઈસ્લામ, નાસેહે ઉમ્મત અલ્લામા ક઼મરુઝ્ઝમાં આ'ઝમી ઉન પર કાફી એ'તેમાદ કરતે હૈં.

ફરોગે દીનકે લિયે ૫–સિતમ્બર ૧૯૯૨ બરોઝ શમ્બા કો ''સુન્ની દા'વતે ઈસ્લામી'' કી બુન્યાદ ડાલી ગઈ જો દસસે ઝાઈદ તાલીમીઓ તબ્લીગી શોઅબોંમેં અપની ખિદમાત કા એક તારીખી રેકોર્ડ રખતી હૈ. સુન્ની દા'વતે ઈસ્લામી કા દાયરાએ કાર મુલ્કી હુદૂદકો પાર કરતા હુવા એશિયાઓ યૂરોપ કે એક દરજનસે ઝાઈદ મમાલિકમેં દરાઝ હો ચૂકા હૈ, ઉનમેં અમરિકા, બર્તાનિયા, આસ્ટ્રેલિયા, અફ્રિકા, કેનેડા, દુબઈ, કેન્યા, ઝાંબિયા, મોરિશ્યસ વગૈરા શામિલ હૈ.

મૌલાના નૂરી દર્સે નિઝામીકે દરજનસે ઝાઈદ મદારિસકે બાનીઓ મોહતમિમ હૈં, દીગર મદારિસો સૈંકળો મકાતિબ ઔર ઈસ્લામિક સેન્ટર્સકે સિવા હૈ. ઈસ્લામી માહોલમેં દુન્યવી અસ્રી તાલીમગાહોંમેં હેરા ઈંગ્લિશ સ્કૂલ, મહાપોલી, માલેગાંવ, (આમોદ), જયપૂર, આંધ્રપ્રદેશ, કર્નાટક, પ્રેસ્ટન ઔર સુફ્ફા ઈન્સ્ટિટયૂટ, બોલ્ટન ઔર બર્તાનિયાકા નામ પેશ કિયા જા શકતા હૈ. ''મકતબા તયબહ'' કે નામસે એક તબાઅતી ઈદારા ઔર ''ઈદારા મઆરિફે ઈસ્લામી'' કે નામસે એક તહક઼ીક઼ી ઈદારા ભી ક઼ાઈમ કિયા હૈ જહાંસે અબ તક ઉર્દૂ, હિંદી, અંગ્રેજી મેં સો સે ઝાઈદ કિતાબેં શાએઅ હો ચૂકી હૈં. જનવરી ૨૦૦૫ સે ડિસેમ્બર–૨૦૧૦ તક સેહ માહી, ઔર જનવરી ૨૦૧૧ સે માહનામા સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ કી ઈશાઅત હો રહી હૈ.

ઉનકી ઝિંદગીમેં અખ્લાકી ક઼દરોંકો બઆસાની તલાશ કિયા જા સકતા હૈ. ઉલમાઓ મશાઈખકે ક઼દરદાન ઔર ઈન્તેહાઈ વઝઅદાર ઈન્સાન હૈ. ઈન્દલ ઉલમા એહતેરામકી નિગાહસે દેખે જાતે હૈં. મુલ્કો બૈરૂને મુલ્ક ઉનકે મુરીદીનકી એક બળી તા'દાદ હૈ. મઅરૂફ સંજીદા ખતીબ હૈ. સાલમેં કઈ મુલ્કોંકા દૌરા કરતે હૈં ઔર સુન્ની દા'વતે ઈસ્લામી કે કાઝકી નિગરાની કરતે હૈં. સાથ હી તસ્નીફો તાલીફે કુતુબકે લિયે ભી વક્ત નિકાલ લે તે હૈ. તબીઅત મૌઝૂં પાઈ હૈ. આમદ હોતી હૈ તો નઅતિયા અશ્આરકા વરૂદ હોતા હૈ. ઉન્હોંને ''દાઈયાને દીનકે અવસાફ''કે નામસે પેહલી કિતાબ લિખી અને તા હાલ કઈ દરજન કિતાબેં લિખ ચુકે હૈં, ઉનમેં : બરકાતે શરીઅત, ગુલદસ્તએ સીરતુન્નબી, માહે રમઝાન કૈસ ગુઝારેં ? અઝમતે માહે મુહર્રમ ઔર ઈમામ હુસૈન, તોહફાએ નિકાહ, કૌમોંકી તબાહી કા અસલી સબબ, ઈમામ અહમદ રઝા ઔર એહતેમામે નમાઝ કાફી મશહૂર હૈં.

ઉનકા એક બળા કારનામા મજલિસે શરઈ જામિઆ અશ્રફિયા મુબારકપુર કે ફિક઼્હી સેમીનારોંકા એહતેમામ વ ઈન્તેઝામ ઔર માલી તઆવુન ભી હૈ જો મુંબઈ, મહાપોલી ઔર જામિઆ અશ્રફિયા મેં મુનઅક઼િદ હો ચૂકે હૈ. યહ જામિઆ અશ્રફિયા ઔર ઈલ્મે ફિક઼્હસે ઉનકી મહબ્બતકી બય્યન દલીલ હૈ. ઉનકા ઝયાદાતર વક્ત તબ્લીગી અસ્ફાર, તર્બિયતે મુબલ્લિગીન, તહરીક કી બેહતર તન્ઝીમ ઔર અપને અપને મદારિસકી નિગરાની ઔર તિજારત જૈસે અહમદ ઉમૂર મેં સર્ફ હોતા હૈ. હર સાલ હજ ઔર ઉમરાસે ભી શરફયાબ હોતે હૈં. એકબાર કાબા મુક઼દસા કે અંદર દાખિલ હોકર ઈબાદત કરનેકા એઅ્ઝાઝ ભી હાસિલ હુવા. અલ્લાહ عزوجل ઉનકી ખિદમાતકો શરફે કબૂલ અતા ફર્માએ. આમીન.

**(સહી) મુહમ્મદનિઝામુદીન રઝવી**

*સદર શોઅબાએ ઈફતા શયખુલ હદીષ જામિઆ અશ્રફિયા મુબારકપુર,*

*આઝમગઢ, ૮–શવ્વાલ, હિ.સ. ૧૪૪૬, ૭–એપ્રિલ ઈ.સ. ૨૦૨૫, દો શમ્બા)*

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

# સિપાસનામા (સન્માન પત્ર)

## બુલબુલે બાગે મદીના અલ્હાજ કારી મુહમ્મદ રિઝવાનખાન زید مجدہ

بسم اللہ الرحمن الرحیم حامدا و مصلیا و مسلما

મુમતાઝ ઈસ્લામિક સ્પીકર, માહિરે તા'લીમ, મશહૂર નઅતખ્વાં, અલ્હાજ કારી મુહમ્મદ રિઝવાનખાન زید مجدہ કી મુખ્તલિફ દીનીઓ ઈલ્મી, તબ્લીગીઓ ઈસ્લાહી ખિદમાત કે એતરાફમેં યહ સિપાસનામા પેશ કિયા જા રહા હૈ. અલ્લાહ ﷻ ઉન્હેં મઝીદ ખિદમતે દીનકી તૌફીક અતા ફર્માએ. આમીન..

બુલબુલે બાગે મદીના ૧૨ મે ૧૯૬૫ કો રાજાપુર ઝિલા રત્નાગીરી, (મહારાષ્ટ્ર) મેં પેદા હુએ. વાલિદે ગિરામીકા નામ અબ્દુલ લતીફખાન હૈ. કાઈદા "યસ્સરન કુર્આન" અપની વાલિદા માજિદા કે પાસ પઢા. ફિર મકતબમેં મુમતાઝ શાફઈ આલિમે દીન મૌલાના મુહમ્મદ અલી ઉર્ફ "સફી સાહબ" સે તજવીદો કિરાઅત સીખી. દસવીં જમાઅત તક સ્કૂલી તા'લીમ નવજીવન હાઈસ્કૂલ ,રાજપૂરમેં હાસિલ કી. આ'લા તાલીમ કે લિયે રત્નાગીરી કાલિજમેં દાખલા લિયા ઔર **B.Sc.** કી સનદ પાઈ ફિર મુંબઈ આ ગયે ઔર ધી ઈન્સ્ટીટયૂટ ઓફ સાયન્સ જૈસે મઅરૂફ કાલિજ મુંબઈ યુનિવર્સિટીસે **M.Sc.** કરકે માસ્ટર કી ડિગ્રી હાસિલ કી. ઉસ દૌરાન શહરે મુંબઈ કે મઅરૂફ ઉલમાસે ઈકતેસાબે ફયઝ કરતે રહે ઔર મુખ્તલિફ મજાલિસમેં નઅતખ્વાની કા શરફ ભી મિલતા રહા.

ઈ.સ. ૧૯૮૫ સે શહર મુંબઈ મેં મુસ્તકિલ તૌર પર મુકીમ હૈ. ઈ.સ. ૧૯૮૯મેં મૌલાના મુહમ્મદશાકિર નૂરી (અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)સે તઆરુફ હુવા. આહિસ્તા આહિસ્તા યહ તઆરુફ એક કલ્બી રિફાકતમેં તબદીલ હો ગયા. તહરીકે સુન્ની દા'વતે ઈસ્લામી કે દૌરે આગાઝસે ઉસસે વાબસ્તગી રહી હૈ.

પાંચ સાલ તક કોકન મર્કન્ટાઈલ બેંકમેં મુલાઝિમત કી. ઈ.સ. ૧૯૯૬મેં અંજુમને ઈસ્લામ કાલિજ ઓફ એજ્યુકેશન, નવી મુંબઈ સે **B.Ed.** કા ઈમ્તિહાન અવ્વલ નંબરસે પાસ કિયા ઔર ઉસી સાલ હાશમિયા હાઈસ્કૂલ મુંબઈમેં સાયન્સ ટીચર કી હૈષિયતસે મુલાઝિમત ઈખ્તિયાર કી. ઈ.સ. ૨૦૦૪ મેં પ્રિન્સિપલકા બાવકાર ઓહદા મિલા. ઉન્નીસ સાલ પ્રિન્સિપલકી હૈષિયતસે ખિદમત અંજામ દેકર ઈ.સ. ૨૦૨૩મેં સબુકદોશ હુએ. ઉસ દૌરાન આઈનએ ઈમાન, બાગે ખલીલ વગૈરા નઅતોંકે મજમૂએ મકતબા તયબહસે શાએઅ કરાએ. ઉનકી પઢી ગઈ નઅતોંકી બેશુમાર કેસેટેં ઔર સીડીઝ રીલીઝ હોતી રહી. મુબલ્લિગકી તર્બિયત હાસિલ કર કે બયાનાત કા કામયાબ સિલસિલા ભી શુરૂઅ કિયા, જો તા હાલ જારી હૈ. ઉનકી એક ખાસ શનાખ્ત નાઝિમે ઈજલાસકી ભી હૈ. ગુઝિશ્તા ૩૪ સાલોંસે હર સાલ સુન્ની દાવતે ઈસ્લામીકે ઝેરે એહતેમામ મુલ્ક કે મુખ્તલિફ મકામાત પર બતૌરે "મુઅલ્લિમુલ હજ્જાજ" હજ તર્બિયતી કેમ્પોમેં અપની ખિદમત પેશ કરતે રહે હૈં ઔર ગુઝિશ્તા દો સાલોંસે હજ કમિટી ઓફ ઈન્ડિયા મુંબઈને "રીસોર્સ પરસન" કી હૈષિયતસે ખુદ્દામુલ હજ્જકી તર્બિયત કી ઝિમ્મેદારી ભી તફવીઝ કી હૈ. ૧૫ બાર હજ્જે બૈતુલ્લાહ શરીફ ઔર બેશુમાર મર્તબા ઉમરાઓ ઝિયારતે મદીના મુનવ્વરાકી સઆદત હાસિલ હો ચૂકી હૈ.

ઈ.સ. ૨૦૧૧મેં ૨–શાબાનુલ મોઅઝ્ઝમ કો અલ્લાહ ﷻકે કરમસે ગુસ્લે ખાનએ કા'બાકે મોકે પર ખાનએ કા'બા زادھا اللہ شرفاً وتکریماً કે અંદર હાઝરી કા શરફ મિલા. યહ ઉનકી ઝિંદગીકા એક નાકાબિલે ફરામોશ લમ્હા હૈ. બૈરૂની મમાલિકમેં બર્તાનિયા, મલાવી, સા.આફ્રિકા, મોરિશ્યશ, દુબઈ, યુ.એ.આઈ, ઓમાન, ઝિંબાબ્વે વગૈરાકે તબ્લીગી દૌરા કર ચૂકે હૈં. નઅત ખ્વાની કે સાથ નઅત ગોઈ કા શૌક઼ ભી રખતે હૈં. ફરવરી ૨૦૨૫ ઈસ્વી મેં ઉનકા મજમૂઆએ નઅત ''ખુશ્બુએ હસ્સાન'' મન્ઝરે આમ પર આ ચૂકા હૈ. ક઼ૌમી તાલીમી સતહ પર મુલ્કો બૈરૂને મુલ્ક કષીર એવોર્ડસે નવાઝા ગયા હૈ. અલ્લાહ તઆલાને ઉન્હેં બહોત સી ખૂબિયોંસે નવાઝા હૈ. અસ્રી તાલીમ યાફતા હોને કે બાવજૂદ મઝહબી શઊર પુખ્તા ઔર બાલિદા હૈ ઔર ફરોગે ઈસ્લામકે મુમ્કિના વસાઈલકી તલાશમેં ઉનકા ઈન્હિમાક ક઼ાબિલે રશ્ક હૈ. બહુત બાઅખ્લાક઼ ઔર નેક સીરત હૈં. ઈસ્લામી લિબાસ ઔર સર પર સજા હુવા અમામા ઉનકી પેહચાન હૈ. સુન્ની દા'વતે ઈસ્લામી કે પ્લેટફાર્મસે ઉન્હોંને અપની હુનરમંદિયોંકા બાર બાર મુઝાહેરા કિયા હૈ. ઉલમાઓ મશાઈખસે ઉનકી વાબસ્તગી ક઼ાબિલે સતાઈશ હૈ. અલ્લાહ ﷻ ઉન્હેં સલામત રખે ઔર જઝાએ ખૈર અતા ફર્માએ. આમીન..

**(સહી) મુહમ્મદનિઝામુદ્દીન રઝવી**

*સદર શોઅબાએ ઈફતા શયખુલ હદીષ જામિઆ અશ્રફિયા મુબારકપુર,*

*આઝમગઢ, ૮–શવ્વાલ, હિ.સ. ૧૪૪૬, ૭–એપ્રિલ ઈ.સ. ૨૦૨૫, દો શમ્બા)*

પેજ 12 નું ચાલુ..

**૪.** પોતાની બેહયાઈ તથા જીદથી, ન કે શક્તિથી. જેમ કે કેટલીકવાર માખીઓ ઉડાડવા છતાં નથી ઉડતી.

**૫.** એની શરહ તથા ફાયદા પણ વર્ણન થઈ ચૂક્યા. અહીં માલૂમ થયું કે હુઝૂર ﷺને રબે શક્તિ આપી છે કે જ્યારે ચાહે શૈતાનને પકડીને બાંધી દે. જેથી અગાઉ વર્ણન થયેલી હદીષમાં જે હતું اَمْکَنَنِیَ اللّٰہُ એનો અર્થ એ ન હતો કે અમે પહેલા બેક઼ાબૂ હતા અને હવે ક઼ાબૂ આપ્યો, બલ્કે હુઝૂર ﷺને ક઼ાયમી ક઼ાબૂ તથા ઈખ્તિયાર આપવામાં આવ્યો છે.

*''હઝરત નાફેઅ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર એક શખ્સ પાસેથી પસાર થયા જે નમાઝ પઢી રહ્યો હતો તેને સલામ કરી તેણે કલામથી (બોલીને) જવાબ આપ્યો. તો તેની તરફ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર પર થયા. તેને ફર્માવ્યું કે જ્યારે તમારામાં કોઈના પર નમાઝની હાલતમાં સલામ કરવામાં આવે તો વાત ન કરે, પોતાના હાથ વડે ઈશારો કરે[૧]. (માલિક)*

**૧.** અહીં ઈશારાથી સલામનો ઈશારો મુરાદ નથી બલ્કે પોતે નમાઝમાં હોવાનો ઈશારો મુરાદ છે. એટલે કે જો કોઈ નમાઝીને બેખબરીમાં સલામ કરે તો નમાઝી તેને બતાવી દે કે હું નમાઝ પઢી રહ્યો છું. જેમ કે જરૂરતના સમયે પુરૂષ નમાઝી તસ્બીહ કહે અને સ્ત્રી તસ્ફીક઼ કરે. નહીં તો સલામનો જવાબ ઈશારાથી પણ આપવો મના છે. જેથી હદીષ સ્પષ્ટ છે. –*(સંપૂર્ણ)*